# સંકલન – ૧૦

: સંપાદક :

**વિનિયોગ પરિવાર**

બી-૨/૧૦૪, વૈભવ, જાંબલી ગલી,

બોરીવલી (પશ્ચિમ), મુંબઈ-૪૦૦૦૯૨.

ફોન નં. ૮૦૭૭૭૮૧, ૮૦૨૦૭૪૯

# વિનિયોગ પરિવાર

## સંકલનની સાંકળ-૧૦


| | | પાના-નંબર |
|---|---|---|
| ૧. | આર્યદેશના ટોચના રક્ષક ધર્મગુરુવર્ગને આહ્‌વાન | ૧ થી ૪ |
| ૨. | ગૌહત્યા : કેટલુ હિત... કેટલી હાનિ ? એક વિશ્લેષણ | ૪ થી ૮ |
| ૩. | પેટ્રોલને સ્થાને બળદ | ૮ થી ૯ |
| ૪. | ખેતીની જમીનો વેચાઈ રહી છે... સાવધાન ! | ૯ થી ૧૨ |
| ૫. | ગ્રામવિકાસના ચક્રની ધરી સમાન " પાણી" ની સમસ્યા સમગ્ર ગુજરાત, સૌરાષ્ટ્ર અને કચ્છને હંફાવી રહી છે. | ૧૨ થી ૧૪ |
| ૬. | નીર્મળ-નીર યોજનાને સાકાર કરતા સ્વાધ્યાય પરિવારનો શ્રમયજ્ઞ ત્થા પ્રજાકીય જળસંચય જન જાગૃતિ અભિયાન | ૧૫ થી ૧૬ |
| ૭. | કરદાતાઓના પૈસે તાગડધિન્ના કરતા હાલના શાસકોની સાન ઠેકાણે લાવવાની જરૂર છે... | ૧૬ થી ૧૮ |
| ૮. | વિકાસનો આધુનિક અભિગમ - અજ્ઞાની પંડીતોની અંધતા | ૧૯ થી ૨૦ |
| ૯. | દેશને માટે ખતરનાક સાબિત થયેલી નવી આર્થિક નીતિ | ૨૦ |
| ૧૦. | બહુરાષ્ટ્રીય કંપનીઓના વધતા જતા સાંસ્કૃતિક આક્રમણો | ૨૧ થી ૨૨ |
| ૧૧. | દેશ આખાને મુઠ્ઠીમાં રાખી શકે તેવું અદ્રશ્ય પણ અમોઘ શસ્ત્ર એટલે વીજળી - ઇલેક્ટ્રિસિટી | ૨૨ થી ૨૩ |
| ૧૨. | ભારતીય સમાજ ઉપર મલ્ટીનેશનલ કંપનીઓનું આક્રમણ | ૨૪ થી ૨૫ |
| ૧૩. | બળદ - પ્રજાનો પાલનહાર | ૨૬ થી ૨૭ |


**સંકલન ખર્ચ : રૂા. ૧૦.૦૦**

તા. ૪-૯-૧૯૯૬

# જ્યારે પ્રજાના વિશાળ વર્ગ ઉપર સેકંડે સેકંડે જુલમની ઝડીઓ વરસી રહી છે.

જ્યારે પશ્ચિમી ઢબની આધુનિક ડેરીઓ ગામેગામથી દૂધના પુરવઠાઓ ખેંચી લઈ પ્રજાને સ્વાસ્થ્ય અને રોગ-પ્રતિકારક શક્તિ બક્ષતા સાત્ત્વિક પદાર્થો - તાજું દૂધ, અમૃતતુલ્ય છાશ અને ઘીના દુકાળ સર્જી પ્રજાને અનારોગ્યની સ્થિતિમાં ધકેલી રહી છે;

જ્યારે એવી ડેરીઓ ગામડાંઓના લાખો બાળકોના મોંમાંથી દૂધ પડાવી લઈ તેમને અંધત્વ તરફ ધકેલી રહી છે.

જ્યારે એ ડેરીઓ ગામેગામથી દૂધ ખેંચી લઈ બનતા શુદ્ધ ઘીના ઉત્પાદનને તોડી રહી છે, અને તેમ કરવા દ્વારા ગામડાંઓમાં શુદ્ધ ઘી બનાવનારાઓના, તથા તેમની સાથે જોડાયેલા કેટલાક વેપારીઓના ધંધા તોડી રહી છે;

જ્યારે મોટી ડેરીઓ ગામેગામથી દૂધના પુરવઠા ખેંચી લઈ તેમાં પરદેશી દૂધનો પાવડર ભેળવવા જેવી બીજી કેટલીક પ્રક્રિયાઓ કરવા દ્વારા તાજા દૂધના ગુણોનો નાશ કરી, દૂધના નામે એક ભળતો જ પદાર્થ પ્રજાને વેચી પ્રજાની સાથે છેતરપિંડી કરી રહી છે, પ્રજાના સ્વાસ્થ્ય સાથે રમત રમી રહી છે;

જ્યારે મોટી ડેરીઓ દૂધના પાવડર તથા બટર ઓઇલની આયાત દ્વારા પરદેશી ડેરીઓ માટે ભારતનાં વિશાળ બજાર ખોલી આપે છે, અને તેવા દૂધના પાવડરના મિશ્રણ વડે દેશમાં દૂધનું ઉત્પાદન વધ્યું હોવાની ભ્રમણા ઉત્પન્ન કરે છે.

જ્યારે મોટી ડેરીઓ પશુઉછેરનો ધંધો હાથમાં લઈ ગામડાંઓના હજારો માલધારીઓનો ધંધો પડાવી લેવા તરફ, તથા તેમ કરવા દ્વારા માલધારીઓ પાસે સચવાયેલા ભારતીય પશુવિજ્ઞાનના વારસાનો નાશ કરવા તરફ આગળ વધી રહી છે;

જ્યારે આંકડાઓની ઇંદ્રજાળ રચવા દ્વારા આપણી ગાયોની દૂધ આપવાની શક્તિ ઓછી હોવાનું જુઠાણું આગળ કરીને 'સંકર' ગાયની યોજના દ્વારા દેશી પશુધનનો નાશ કરવાનો કાર્યક્રમ ઝડપથી આગળ વધતો જાય છે;

જ્યારે 'સંકર' ગાયની યોજનાના અમલીકરણ દ્વારા ખેડૂતોને ખેતીકામ માટે તથા ભારવહનના કામને માટે જોઈતા બળદોનો પુરવઠો કાપવામાં આવી રહ્યો છે;

જ્યારે સિદ્ધ થઈ ચૂકેલાં સાધનો દ્વારા વર્ષોથી ખેતી કરવાને ટેવાયેલા, અને જેના દ્વારા જમીન ઉપર બળાત્કાર કર્યા વિના મબલખ અને સોંઘું અનાજ ઉત્પન્ન કરી આપનારા ખેડૂતને, જે સાધનોની એણે કદી માગણી કરી નથી, અને જે સાધનો હજુ તો પ્રયોગાત્મક દશામાં રહેલાં છે, એવાં આધુનિક સાધનો વડે ખેતી કરવાની ફરજ પાડી તેની જમીન પડાવી લેવાની યોજનાઓ આગળ વધી રહી છે;

જ્યારે વૈજ્ઞાનિક ખેતીના રૂપાળા નામ નીચે દેશના સ્થાનિક ખેડૂતો ખેતીના ધંધામાંથી ફેંકાઈ જાય તથા તેમની સાથે ભારતીય ખેતીવિજ્ઞાનનો વારસો નાશ પામે તેવી યોજનાઓ આકાર લેતી જાય છે;

જ્યારે દેશના સ્વાવલંબી ખેડૂતને આધુનિક સાધનો સ્વીકારવાની ફરજ પાડીને/લલચાવીને ખાતરનો જંતુનાશક દવાઓનો તથા વિવિધ સરકારી ખાતાંઓનો ઓશિંગણ બનાવવામાં આવી રહ્યો છે.

જ્યારે સિંચાઈની યોજનાઓ દ્વારા કુદરતે મફત આપેલું પાણી ખેતીના કામ માટે મફત મેળવવાના ખેડૂતના મૂળભૂત અધિકાર ઉપર તરાપ મારવામાં આવે છે, અને સિંચાઈની યોજના સાથે જોડાયેલાં વિવિધ સરકારી ખાતાંઓને ખેડૂતોનું શોષણ કરવાની, અને તેમની દયા ઉપર ફેંકાઈ જવાની સગવડ કરી આપવામાં આવે છે, અને જેના કેટલાય પુરાવાઓ મળી શકે તેમ છે;

જ્યારે વૈજ્ઞાનિક ખેતીના રૂડા નામ નીચે અનાજનો ઉત્પાદનખર્ચ વધારતા જઈ દિનપ્રતિદિન અનાજને મોંઘુંદાટ કરવા દ્વારા લાખો ગરીબ માણસોનું બે ટંકનું પૂરતું ભોજન પડાવી લેવામાં આવી રહ્યું છે અને તેના કારણે અપોષણથી થતા રોગો તરફ તેમને ધકેલવામાં આવી રહ્યા છે;

જ્યારે રાસાયણિક ખાતરો અને જંતુનાશક દવાઓના વપરાશ દ્વારા દેશની સુજલામ્ સુફલામ્ જમીનની ફળદ્રુપતાનો નાશ કરવામાં આવી રહ્યો છે, અને તેના ઉપયોગથી ઉત્પન્ન થતા ઝેરયુક્ત અનાજ ખવડાવવા દ્વારા પ્રજાને ધીમા મૃત્યુ તરફ ઘસડવામાં આવી રહી છે;

જ્યારે ગાંધીજીના ગ્રામ્ય ઉદ્યોગોની યોજનાને સાકાર કરવાને બદલે તોતિંગ ઉદ્યોગો પ્રજાની છાતી પર ઠોકી બેસાડી, કરોડો ગ્રામીણ કારીગરોમાં વહેંચાનારી સંપત્તિને મુઠ્ઠીભર માણસોના હાથમાં કેન્દ્રિત કરવાની યોજનાઓનો અમલ સરકારી તંત્રોએ કર્યો છે અને કરી રહી છે;

જ્યારે તોતિંગ ઉદ્યોગો ગામડાંઓના કરોડો કારીગરોના સ્વતંત્ર ધંધાઓ પડાવી લઈ તેમને શહેરની ફૂટપાથ ઉપર ખડકે છે, અથવા તેમાંના થોડાકને પોતાના ઉદ્યોગો ચલાવવા પરતંત્ર મજૂરોમાં ફેરવી નાખે છે:

જ્યારે ઔદ્યોગિકરણના ગાંડપણનું ભૂત જેમને વળગ્યું છે તેવાં સરકારી તંત્રો દ્વારા ઔદ્યોગિકરણની યોજનાના અમલ દ્વારા હવા, પાણી અને અનાજને ઝેરી બનાવવામાં આવી રહ્યાં છે;

જ્યારે જેમ બને તેમ કુદરતી સાધનોનો ઓછામાં ઓછો ઉપયોગ કરીને પ્રજાના વિશાળ વર્ગને પરવડી શકે એવાં અઢળક સોંઘાં સાધનો ઉત્પન્ન કેમ થાય તેવા ઉદ્યોગોમાં પ્રજાને જોડવાને બદલે, કુદરતી સાધનોનો જેટલી બને તેટલી ઝડપથી ખાત્મો કરી પ્રજાના નાનકડા ભાગને જ પરવડી શકે એવાં મોંઘાંદાટ સાધનો ઉત્પન્ન કેમ થાય તેવા ઉદ્યોગોમાં પ્રજાને જોડવામાં આવી રહી છે;

જ્યારે જે રાસાયણિક ખાતરો દેશની રસાળ જમીનની ફળદ્રુપતાનો નાશ કરે છે એવાં ખાતરનાં બિનજરૂરી કારખાનાઓનાં પ્રજાનાં હાડમાંસ ચૂસીને ઊભા કરાયેલા કરવેરામાંથી અબજો રૂપિયાની લહાણી કરવામાં આવે છે.

જ્યારે શ્વેત પ્રજાનાં લગભગ તમામ રાષ્ટ્રોને દેશની પશુ-સંપત્તિ, વન-સંપત્તિ, ખનિજ-સંપત્તિ, જળચર-સંપત્તિ અને એકંદરે સમગ્ર પ્રજાને લૂંટી ખાવા માટે લાઈસન્સોની ઉદારતાપૂર્વક લહાણી કરવામાં આવી રહી છે;

જ્યારે ઔદ્યોગિકરણ કરવાની ધૂનમાં, ઓછામાં ઓછી જરૂરિયાતથી જીવન જીવવા ટેવાયેલી, અને તેમ કરીને કુદરતી સંપત્તિઓનો ઓછામાં ઓછો ઉપયોગ કરનારી પ્રજાને, વધુમાં વધુ જરૂરિયાતથી જીવન જીવવાની રીત તરફ અને તેમ કરીને કુદરતી સંપત્તિઓનો બેફામ ઉપયોગ કરી, તેનો ઝડપભેર ખાત્મો બોલાવી દેવા તરફ ધકેલવામાં આવી રહી છે.

જ્યારે દેશની પ્રજાનું અને એકંદરે સમગ્ર જીવસૃષ્ટિનું પોષણ કરી શકે એવાં પશુઓને જીવિત રહેવા તમામ સગવડોનો નાશ કરાતો જવાય છે, સામે પક્ષે દેશની એકંદરે સમગ્ર જીવસૃષ્ટિનું શોષણ કરનાર યંત્રવાદને આગળ વધવા માટે સર્વ પ્રકારની સગવડો પૂરી પડાતી જાય છે;

જ્યારે હરિયાળી ક્રાંતિ કરવાના ઓઠા નીચે માત્ર ઘઉં અને ચોખાનું ઉત્પાદન વધારવાનો, તથા પ્રાદેશિક ધાન્યોના ઉત્પાદન સાથે ઉત્પન્ન થનારા મબલખ પશુચારાનું ઉત્પાદન ઘટાડવાનો કાર્યક્રમ અમલમાં મૂકાઈ રહ્યો છે;

જ્યારે દેશનું જે પશુધન કરોડો X કરોડો રૂપિયાનું હૂંડિયામણ બચાવી દેશને પરદેશી દેવામાં ફસાતો બચાવી શકે તેમ છે, તે પશુઓની કતલ કરી તેમનાં માંસ અને ચામડાંની નિકાસ કરી થોડાક રૂપિયાનું હૂંડિયામણ કમાઈ લેવાની અવળચંડી નીતિ અપનાવી દેશને પારાવાર નુકસાનમાં ઉતારવામાં આવી રહ્યો છે;

જ્યારે પશુઓની બેફામ કતલ કરવાની યોજનાઓના અમલ દ્વારા સરકારી તંત્રો ખેડૂતોને મફત મળતો છાણનો ખાતરનો પુરવઠો કાપી નાખે છે, ગ્રામ્ય પ્રજાને પોતાનું સ્વતંત્ર રહેઠાણ બાંધવા માટે મફત મળતો છાણનો પુરવઠો તોડી નાખે છે, ગ્રામ્ય પ્રજાને લગભગ મફત મળતો ઇંધણનો પુરવઠો કાપી નાખી તેમને વૃક્ષો કાપી નાખવાની ફરજ પાડે છે;

જ્યારે રાક્ષસી કતલખાનાંઓની યોજના દ્વારા ગામડાંઓના હજારો ચમારો, તથા તેની સાથે સંકળાયેલા હજારો કારીગરોની આજીવિકા પડાવી લેવાય છે;

જ્યારે પશ્ચિમની શોષક અર્થવ્યવસ્થા પ્રત્યે ગાંડપણભરી અંધશ્રદ્ધા ધરાવનારા અને આ દેશની જીવમાત્ર માટેની પોષક અર્થવ્યવસ્થા અંગે બોરનું ઠીંટ પણ ન જાણનારા આયોજન પંચના અણઘડ સભ્યો અને સરકારી તંત્રો, કદી બહાર ન નીકળી શકાય એવા ગંજાવર દેવાના બોજા નીચે પ્રજા પીસાઈ જઈ નાશ પામે તેવી યોજનાઓ ઘડતા રહ્યા છે, અને અમલમાં મૂકતા રહ્યા છે;

જ્યારે આ દેશની પ્રજા અર્થતંત્રની નીતિમાં ઉત્પાદન કરનાર કરતાં જેને ઉત્પાદિત થનાર વસ્તુનો લાભ પહોંચાડવાનો છે, તે પ્રજાના વિશાળ વર્ગના હિતને કેન્દ્રમાં રાખવામાં આવતું હતું, તેવી નીતિ ઉથલાવીને, ઉત્પાદન કરનાર, નાનકડા વર્ગનાં હિતોને કેન્દ્રમાં રાખી પ્રજાનાં હિતોની સરિયામ ઉપેક્ષા થાય તેવી નીતિનો અમલ થઈ રહ્યો છે;

જ્યારે જીવનજરૂરિયાતના દરેક ક્ષેત્રમાં કહેવાતા આધુનિક વિજ્ઞાન અને ટેક્નોલોજીને પ્રવેશાવી, જીવનજરૂરિયાતની ચીજોને મોંઘીદાટ કરવાનો કાર્યક્રમ અમલમાં મૂકી, દર વર્ષે ગરીબોની સંખ્યામાં વધારો કરવાની યોજનાઓ વેગ પકડતી જાય છે;

જ્યારે દર વર્ષે ઊંચકવામાં આવતા મોંઘવારીના લક્ષને આંબી ન શકનારા માનવો ઝડપભેર મૃત્યુ તરફ ધકેલાઈ જાય; અથવા લક્ષ આંબવાના પ્રયાસમાં ભ્રષ્ટાચાર, લાંચરુશવત, અપ્રમાણિકતા, ગુનાહિત ધંધાઓ, વગેરેમાં દાખલ થતા જાય, એટલે કે મોંઘવારીના હથિયાર દ્વારા પ્રજા અનિચ્છાએ ગુનાખોરી તરફ વળતી જાય એવી યોજનાઓ આકાર લેતી જાય છે;

જ્યારે વિધવિધ કાયદાઓ વગેરે દ્વારા દેશના સ્થાનિક વેપારીઓના હાથમાંથી ધંધાઓ સરકી જાય તેવી યોજના અમલમાં મૂકાતી જાય છે;

જ્યારે તઘલખી યોજના દ્વારા બારેમાસ વહેતી નદી સૂકવી નાખી ભૂગર્ભના જળભંડારો ખૂટવી

દેશની પ્રજા-પશુઓ-પંખીઓ-વૃક્ષો પાણી વિના તરફડી તરફડી મરી જાય તેવી યોજનાઓ અમલમાં મૂકાતી રહે છે.

જ્યારે નદીઓ ઉપર વિરાટ બંધો બાંધી કુદરતે સમગ્ર સૃષ્ટિ માટે મફત આપેલા પાણીનો વેપાર કરવાની કુબુદ્ધિ સરકારી તંત્રોને સૂઝે છે;

જ્યારે ક્યારેક વિશાળ બંધો બાંધવાના ઓઠા નીચે, તો ક્યારેક વિશાળ ઔદ્યોગિક સંકુલ ઊભા કરવાના બહાના નીચે, વિશાળ જંગલોનો ખાત્મો બોલાવી આયુર્વેદિક ઔષધિઓનો નાશ કરવામાં અને તેમ કરીને આયુર્વેદના ઉપચારોને અસરવિહીન બનાવવામાં આવી રહ્યા છે, અને તેમ કરીને એલોપથી દવા બનાવનારી દેશી/વિદેશી કંપનીઓ માટે વિશાળ બજાર ખોલી આપવામાં આવે છે;

જ્યારે દેશભરનાં બાળકોને આધુનિક કેળવણી અર્થાત્ નોકરીલક્ષી અક્ષરજ્ઞાન આપવાના બહાના નીચે વિધવિધ ક્ષેત્રોના કારીગરોના અનુભવજ્ઞાનના વારસાથી તેમનાં બાળકોને વંચિત રાખવાની, અને તેમ કરીને આર્યદેશના માનવોએ ઉત્પન્ન કરેલી સુવ્યવસ્થાનાં અંગોનો વારસો નાશ કરવાની યોજનાઓ અમલમાં મૂકાઈ ગઈ છે;

જ્યારે પ્રજાને પોતાનાં સ્વતંત્ર મકાન બાંધવા માટે મફત મળતા છાણનો પુરવઠો કાપી, તેને કદી પૂરાં ન પડનારાં સિમેન્ટ અને સ્ટિલનાં મોંઘાંદાટ મકાનોમાં વસવાટ કરાવવાની લાલચો આપીને તેને બેઘર બનાવવામાં આવી રહી છે;

જ્યારે આ દેશની પ્રજાને ઋષિમુનિઓએ આપેલા બંધારણના ભંગની વાત તો બાજુએ રહી; જેમને પ્રજાએ કદી ચૂંટ્યા નહોતા, અને તેથી જેમનામાં પ્રજાનું પ્રતિનિધિત્વ આવતું નહોતું, તેવા કેટલાક અંગ્રેજી ભણેલા માણસોએ પરદેશી ભાષામાં જે નવું બંધારણ ઘડી પ્રજાની છાતી ઉપર બેસાડ્યું, તે નવા બંધારણનો પણ સરકારી તંત્રો છડેચોક ભંગ કરી રહ્યાં છે;

જ્યારે દેશની સુપ્રિમ કોર્ટ જ પોતાના એક ચુકાદા દ્વારા પ્રજાને કૃતજ્ઞતાના પાઠ ભણાવવાને બદલે કૃતઘ્નતાના પાઠ ભણાવવાનું શીખવે છે, અને તેમ કરવા દ્વારા બિનઉપયોગી વૃદ્ધ મા-બાપને પણ મારી નાખી શકાય તેવો કાયદો ભવિષ્યમાં કરી શકાય તેવાં દ્વાર ખોલી આપે છે;

જ્યારે પ્રોટીનની જરૂરિયાતના પ્રચાર દ્વારા પ્રજાને રોગોત્પાદક અને નિર્માલ્ય પદાર્થો ખાવા તરફ લલચાવવામાં આવી રહી છે;

જ્યારે જે પ્રજાને પૂરતા પ્રમાણમાં ખવડાવી શકાય તેમ છે તે ઘીના ઉત્પાદનને તોડવાના, અને જે પ્રજાને કદી પૂરું પાડી શકાય તેમ નથી તે ખાદ્યતેલના ઉત્પાદન પાછળ અને આયાત પાછળ કરોડો રૂપિયાનાં નિરર્થક આંધણ કરવાના પ્રયાસો ચાલી રહ્યા છે;

જ્યારે પ્રજાના વિશાળ વર્ગને અખાદ્ય પદાર્થો નથી ખપતા, ત્યારે તેવા વર્ગને પણ અખાદ્ય પદાર્થો ખાવાની ફરજ પડે છે તે રીતે ખાદ્ય પદાર્થોમાં તેનું મિશ્રણ કરી, ભક્ષ્યાભક્ષ્યની વ્યવસ્થા વચ્ચેનો ભેદ જ મિટાવી દેવાના મરણિયા પ્રયાસો થઈ રહ્યા છે;

જ્યારે સુતત્ત્વોના વારસાનો પ્રવાહ આગળ ધપાવવા માટે ઉત્તમ સંતાનરત્નો આપનારી આર્યસન્નારીનાં શીલ જોખમમાં મૂકાતાં જાય છે;

જ્યારે તેવા પ્રકારનું જીવન જીવી ત્યાગનો, સંયમનો ઉચ્ચ આદર્શ પ્રજાને પૂરો પાડનારાં મહાસતીજીઓનાં જીવન પણ જોખમમાં મૂકાતાં જાય છે;

જ્યારે યુરોપિયન રાજદ્વારી મુત્સદીઓના હાથા બની, મુઠ્ઠીભર અંગ્રેજી ભણેલા માણસો આર્ય દેશના મહાપુરુષોએ ઉત્પન્ન કરેલી સુવ્યવસ્થા અને તેનાં અંગો ઉપર ઘણના ઘા લગાવી તેનો નાશ કરવામાં ગાંડા માણસના ઝનૂનથી મંડી પડ્યા છે;

જ્યારે પોતાનાં હાડમાંસ ચૂસાવા દઈને સરકારની સદા ખાલી રહેનારી તિજોરી ભરનાર પ્રજાનાં હિતોની રક્ષા નહીં, પરંતુ તેનાં હિતોના નાશમાં જ એ નાણાંનો ઉપયોગ થઈ રહ્યો છે;

જ્યારે વિકાસના નામે, વિજ્ઞાનના નામે પ્રજાની ઉપર વિનાશનાં ધસમસતાં પૂર છોડી મૂકવામાં આવ્યાં છે;

અને જ્યારે આવી તો સેંકડો બાબતો બની રહી છે; ત્યારે,

ક્વચિત્ કોઈ રાજા દ્વારા, કોઈ શાહુકાર દ્વારા, કોઈ બ્રાહ્મણ દ્વારા એકલદોકલ વેપારી ઉપર, ખેડૂત ઉપર કે હરિજન ઉપર જુલ્મ ગુજારાયો હોય ત્યારે તેમની સામે પશ્ચિમના જુઠ્ઠા પ્રચારથી મતિભ્રમિત થઈને કાગારોળ કરી મૂકનારા સમાજસુધારક પિટ્ઠુઓ, આજે જ્યારે એકલદોકલ વેપાર નહીં, પણ વેપારીઓનાં વિશાળ વર્ગના હાથમાંથી ધંધાઓ આંચકી લેવાના; એકલદોકલ ખેડૂત નહીં, ખેડૂતોના વિશાળ વર્ગને ખેતીના કાર્યમાંથી ફેંકી દેવાના; માલધારીના વિશાળ વર્ગને પશુઉછેરના ધંધામાંથી ફેંકી દેવાના; એકલદોકલ હરિજનને નહીં, પણ લગભગ સમગ્ર હરિજન કોમના હાથમાંથી ધંધાઓ પડાવી લેવાના કાર્યક્રમો અમલમાં મૂકાઈ ગયા છે; ત્યારે ભલે હિમાલયની ગુફાઓમાં પોતાનું મોં સંતાડીને કાયરની જેમ નાસી છૂટ્યા હોય;

પરંતુ જેમના ઉપર આર્યદેશની સુવ્યવસ્થા અને તેનાં અંગોની રક્ષાની જવાબદારી અને જોખમદારી મૂકવામાં આવી છે, તે ટોચનો રક્ષક ધર્મગુરુ વર્ગ, કઈ લાલચથી, કયા લોભથી, કયા ડરથી, સુવ્યવસ્થાનો અને તેનો વારસો આગળ

ચલાવનારી પ્રજાનો ઝપાટાબંધ હ્રાસ થતો જોઈ રહ્યો હશે ?

પ્રજાની અંદર અહિંસકભાવ, સદાચાર, પરોપકાર આદિ પાયાના ગુણો પ્રગટ કરનાર, વિકસાવનાર સુવ્યવસ્થા રૂપી વૃક્ષ જ નાશ પામશે તો તેના ઉપર વિશેષ ધર્મરૂપી ફળ ક્યાંથી બેસશે ? સુવ્યવસ્થાના રક્ષણ માટે પ્રાણની પણ આહુતિ આપનારા ધર્મગુરુઓના વર્તમાન વંશજોમાં કાયરતા કે નિષ્ક્રિયતા કેમ પ્રવેશી હશે ?

આજે જ્યારે સુવ્યવસ્થાનાં પ્રાથમિક રક્ષક બળો- બ્રાહ્મણો, મહાજન સંસ્થા, રાજાઓની સંસ્થાને નિર્બળ બનાવી દેવાયાં છે, ત્યારે ધર્મગુરુ વર્ગની જવાબદારી અનેકગણી વધી જાય છે. તેવા સમયે તેઓ મૂક પ્રેક્ષક કેમ બની રહ્યા હશે ? કે હજુ સુવ્યવસ્થા ઉપરના આક્રમણનું અને તેની તીવ્રતાનું માપ કાઢવામાં જ તેઓ નિષ્ફળ ગયા છે ? શું છે ? સુવ્યવસ્થા ઉપર થઈ રહેલા અસાધારણ આક્રમણ સામે હાથ જોડીને નિષ્ક્રિય બેસી રહેવાનો અપરાધ ઘણો મોટો છે, અને તેથી તેનો દંડ પણ ઘણો મોટો છે.

■ ■ ■

જુલાઈ ૧૯૯૬

# ગૌહત્યા : કેટલું હિત... કેટલી હાનિ?

ગાંધીજીએ જેને કરુણાનું કાવ્ય ગણાવેલી એ ગાય ફરીવાર સંઘર્ષનું કારણ બની છે. ગોવંશની હત્યા અટકાવવા માટે વિશ્વ હિન્દુ પરિષદે બજરંગ દળને મેદાનમાં ઉતાર્યું છે. *વિશ્વ હિન્દુ પરિષદ* કોઇ પણ ભોગે ગાયોની હત્યા થતી રોકવા માગે છે. અશોક સિંઘલે પડકાર ફેંક્યો છે કે આ છેવટ સુધીની લડાઇ છે. એમાં ગમે તે બની શકે. *બજરંગ* દળના સ્વયંસેવકો *ગોરક્ષા રથ* તરીકે ઓળખાતી જીપોમાં બેસીને દેશભરમાં ઘૂમશે, કતલખાને લઇ જવાતી ગાયોને આંતરશે અને જરૂર પડ્યે આંચકી લેશે. ચૂંટણી, બજરંગ દળ અને ગોહત્યા જેવા સંવેદનશીલ મુદ્દાનું મિશ્રણ સ્ફોટક છે. *વિશ્વ હિન્દુ પરિષદની* આંખમાં મસ્તી છે. એના પ્રમુખ વિષ્ણુ હરિ દાલમિયાએ કહ્યું છે કે આ પ્રશ્ન ચૂંટણી પર પ્રભાવ પાડે એવી અમારી ઇચ્છા છે.

સામે પક્ષે સેક્યુલરિસ્ટ રાજકારણીઓ અને પત્રકારો મેદાનમાં આવી ગયા છે. શરદ પવારે જાહેર કરી દીધું કે આ આંદોલન વાસ્તવમાં લઘુમતીઓ (મુસ્લિમો એમ વાંચો) સામે તકાયેલું છે અને અમે એનો વિરોધ કરીએ છીએ. અંગ્રેજી પત્રકારોને ગોવંશ હત્યાબંધીના આંદોલન સામે પહેલેથી જ સૂગ છે. જ્યારે જ્યારે વિનોબા ભાવે દેશભરમાં સંપૂર્ણ ગોહત્યાબંધી માટે આમરણ ઉપવાસ પર ઊતરતા (અને કેન્દ્ર સરકારનાં મનામણાં પછી છોડી દેતા) ત્યારે અંગ્રેજી પત્રકારો એની તીખાશભરી ટીખળ કરતા. *હોલી કાઉ અરાઇઝ અગેઇન* (પવિત્ર ગાય ફરીથી આવી પહોંચી છે). એ લોકો માને છે કે મુઠ્ઠીભર કોમવાદીઓ લોકોની ધાર્મિક લાગણીઓનો લાભ લેવા માટે આ પ્રશ્નને ચગાવે છે. અતીતરાગથી પીડાતા કેટલાક ઊર્મિશીલ (એટલે કે બુદ્ધિહીન) સજ્જનો એને ટેકો આપે છે અને એમની આડશમાં ચાલાક રાજકારણીઓ પોતાનું કામ કરી લે છે. અત્યારે મોટા ભાગનાં રાજ્યોમાં ગમે તે વયની ઉપયોગી કે બિનઉપયોગી ગાય તથા ગાયનાં વાછરડાં અને સોળ વર્ષથી નાનાં, ઉપયોગી બળદની કતલ પર પ્રતિબંધ છે. ગુજરાત પછી હવે મહારાષ્ટ્ર સરકારે સંપૂર્ણ ગોવંશની કતલ પર પ્રતિબંધ મૂકતો કાયદો કર્યો છે. તેમાં ગાય ઉપરાંત વાછરડું, સાંઢ, બળદ અને આખલાને સમાવી લીધાં છે. પરંતુ સામ્યવાદીઓનું જોર જ્યાં સૌથી વધારે છે એવા પશ્ચિમ બંગાળ અને કેરળે ગોહત્યાબંધીનો કાયદો કરવાનો આજ સુધી મક્કમ ઇનકાર કર્યો છે. સામ્યવાદીઓની દલીલ છે કે ગોમાંસ તો ગરીબોનો આહાર છે. પ્રોટીન જોઇતું હોય તો માંસ ખાવું પડે અને બીજાં માંસ કરતાં ગોમાંસ અડધે ભાવે મળતું હોય તો ગરીબો ગોમાંસ શા માટે ન ખાય? હિંદુઓ ગાયને પવિત્ર ગણવા માગતા હોય તો ભલે ગણે, પરંતુ પોતાની ધાર્મિક માન્યતાઓ બીજા પર લાદવાનો એમને અધિકાર નથી. સામ્યવાદીઓ બહુ સિફતથી આ પ્રશ્નને ધાર્મિક રંગ આપી દે છે.

અને દેશમાં લાખો વધારાનાં નકામાં ઢોર છે જે જમીન પર ભારરૂપ છે. એમની કતલ કરવી એ અનુચિત નથી એટલું જ નહીં, જરૂરી છે એવું કહીને ગોહત્યાબંધીના વિરોધીઓ આંકડાઓ ટાંકે છે કે ૧૯૮૭માં આપણે ત્યાં ગોવંશના (ગાય, વાછરડાં, બળદ, સાંઢ) ૨૭ કરોડથી વધારે ઢોર હતાં જે દુનિયામાં સૌથી વધુ હતાં. ત્યાર પછીનાં વર્ષોમાં એમની વસતિમાં થોડો વધારો થયો હોવાની ધારણા છે. એમાંથી લાખો ઢોર માણસ માટે સાવ નિરુપયોગી છે. તેઓ દૂધ આપતાં નથી, સંતતિ પેદા કરી શકે એમ નથી કે ભાર વહન કરી શકતાં નથી. હરિયાળી ક્રાંતિને કારણે ખેતીમાં યંત્રોનો

ઘણા ખેડૂતો માટે ઢોર વધારાનાં થઈ પડ્યાં. નકામાં ઢોરને ખવડાવવાનું ખેડૂતને પોસાતું નથી. એટલે એ એને રખડતાં મૂકી દે છે. રખડતાં ઢોરને પણ ચારો તો જોઇએ જ. અને ચરિયાણો માટેની જમીન અદૃશ્ય થતી જાય છે. વસતિ વધે તેમ જમીન પર ભારણ વધે છે. ગોચરોની જમીન ખેતી હેઠળ આવતી

જાય છે, પરિણામે ઘાસચારાની તંગી ઊભી થાય છે. *રાષ્ટ્રીય કૃષિ પંચનો* અંદાજ છે કે ઘાસચારાના પુરવઠામાં ૩૧ ટકાની ખાધ છે. ઘાસચારાની શોધમાં માલધારીઓ ઢોરને એક ઠેકાણેથી બીજે ફેરવતા રહે છે. ગાય, ભેંસ જેવાં મોટાં પશુઓ ચરી રહે પછી ખેડૂતો એ જમીન પર બકરાંને ચરવા મૂકે છે. *ઊંટ મૂકે આકડો ને બકરી મૂકે કાંકરો.* બકરાં લગભગ દરેક પ્રકારની વનસ્પતિ ચાવી ખાય અને જમીનને વેરાન કરી મૂકે. ઘાસચારાની શોધમાં ભટકતાં પશુઓથી અભયારણ્યો પણ સુરક્ષિત રહ્યાં નથી. પર્યાવરણવાદીઓ ચેતવે છે કે પચીસેક

વરસમાં દેશના મોટા ભાગના વિસ્તારો બકરાંને ચરવા માટે પણ નકામા બની જશે. પછી બાકી રહેલી જમીન માટે માણસ અને પશુઓ વચ્ચે હરીફાઇ થશે.

ગોવંશ હત્યાબંધીના વિરોધીઓ કહે છે કે આ પરિસ્થિતિ ટાળવી હોય તો ઢોરની વસતિ કાબૂમાં રાખવી જોઇએ. નબળાં, નકામાં, ભારરૂપ પશુઓની કતલ કરીને જે ચારો અને ખાણ બચે તે ઉપયોગી અને મજબૂત જનાવરોને આપીએ તો જમીન પરનું ભારણ ઘટે અને ઢોરની નસલ પણ સુધરે. એ જ કારણથી ૧૯૯૨ના યુનોના એક અહેવાલમાં પશ્ચિમ ભારતમાં ઢોરની સંખ્યા ઘટાડીને અડધી કરવાની ભલામણ કરાઇ હતી.

અને કતલ થયેલાં પશુઓના માંસની બજાર તૈયાર જ છે. માંસાહારના સમર્થકો કહે છે કે ભારતની મોટા ભાગની પ્રજા માંસાહારી છે. *ઇન્ડિયન માર્કેટ રિસર્ચ બ્યુરો*ના એક સર્વેક્ષણ અનુસાર શહેરી વિસ્તારોમાં પોણા ભાગનાં કુટુંબો માંસાહારી છે. પાંચસો રૂપિયાથી ઓછી આવકવાળા ૮૪ ટકા કુટુંબો માંસ ખાય છે. ગોમાંસ માત્ર મુસ્લિમો અને ખ્રિસ્તીઓ જ ખાય છે એવું નથી, ઘણા આદિવાસીઓ, દલિતો અને ખાસ કરીને કેરળમાં કેટલાક હિંદુઓ પણ ખાય છે. દેશમાં અને પરદેશમાં માંસની મોટી બજાર છે. કતલખાનાઓ અને માંસનાં કારખાનાઓ હજારોને રોટી આપે છે અને કરોડો રૂપિયાનું હૂંડિયામણ કમાવી આપે છે. એ બધા દેશ પરથી વધારાનાં ઢોરનો બોજો ઉતારવાના ઉપયોગી કામમાં રોકાયેલા છે. કૃપા કરીને ધરમના નામે ચળવળો ઉપાડીને એમના કામમાં ખલેલ પાડશો નહીં. અરે, ગોરક્ષાના વિરોધીઓ તો એક પગલું આગળ જઈને કહે છે કે સામાન્ય પ્રજા પણ આ બધું સમજે છે. એટલે જ ભારતમાં ગોવધબંધીની ચળવળ કદી જોર પકડી શકી નથી. અનેક આંદોલનનું સુરસુરિયું થઈ ગયું છે અને બજરંગ દળના આંદોલનની પણ એ જ હાલત થશે અને થવી જોઇએ.

ખરેખર?

પ્રથમ નજરે નક્કર લાગતી આ દલીલોને સહેજ ખોતરીએ તો એનું તકલાદીપણું પકડાઇ જાય છે. પ્રોટીન માટે માંસ અને એમાં ય ગોમાંસ ખાવું શું અનિવાર્ય છે? પ્રસિદ્ધ પ્રાણીપ્રેમી અને પર્યાવરણવાદી મેનકા ગાંધી કહે છે કે પરદેશોને ચાળે ચડીને આપણે પ્રોટીનનું મહત્ત્વ વધુ પડતું આંકવા માંડ્યા છીએ. માંસ ઉદ્યોગ, દૂધ ઉદ્યોગ અને ટૉનિક બનાવનારાઓ પ્રોટીનના પ્રચાર માટે કરોડો ડૉલર ખર્ચે છે. વાસ્તવમાં માણસના ખોરાકમાં માત્ર ચાર ટકા પ્રોટીનની જરૂર હોય છે. એટલું તો રોટલી અને બટેટામાંથી પણ મળી રહે.

પ્રોટીન માંસમાંથી જ મળે એવું કોણે કહ્યું? એક નાની તપેલી શાકમાં એક કિલો માંસ કરતાં ય વધુ પ્રોટીન હોય છે. ઈંડાં, માછલી, બકરીનું માંસ કે સુવરનાં માંસમાં જેટલું પ્રોટીન હોય છે એનાથી વધુ પ્રોટીન મગ, અડદ, મસૂર અને સોયાબીનમાં હોય છે. બકરાં કે સુવરનાં માંસ કરતાં ગોમાંસ સસ્તું હશે, પરંતુ કઠોળ એનાથી ય સસ્તાં છે. વધુ પડતું પ્રોટીન શરીર માટે નુકસાનકારક છે. વધારાનું પ્રોટીન પેશાબ વાટે શરીરની બહાર ફેંકી દેવા માટે કલેજું (લિવર) અને કિડનીએ વધુ શ્રમ કરવો પડે છે. માંસમાં કાર્બોહાઇડ્રેટ્સ મુદ્દલ નથી, જ્યારે ચરબી કઠોળ કરતાં અનેકગણી છે. માંસ ખાવાથી શરીરમાં જરૂરી કરતાં બિનજરૂરી વસ્તુઓ વધુ આવે છે એવું તારણ કાઢી શકાય. માણસનું લાંબું આંતરડું, ખોરાક દળવા માટેની મોઢાની ચપ્પટ દાઢ, આલ્કલાઇન લાળ અને ખોરાકને ચીરવા નહીં પણ પકડવા માટે બનાવાયેલા હાથ એવું સૂચન કરે છે કે કુદરતે માણસનું શરીર માંસાહાર નહીં પણ શાકાહાર માટે બનાવ્યું છે. તેથી જ માંસાહાર છોડી દેનાર વ્યક્તિ માટે જાડિયાપણું, કોલેસ્ટરોલ, બ્લડ પ્રેશર, કેન્સર અને હૃદયરોગ જેવા ૧૬૦ ઘાતક રોગોની શક્યતા ઓછી થઈ જાય છે એમ મેનકા ગાંધીનું કહેવું છે.

માંસાહારીઓ માંસ ખાઇને અનાજ બચાવે છે એવા દાવાની પણ મેનકા ગાંધી ઠેકડી ઉડાવે છે. એ કહે છે કે ઢોરને હૃષ્ટપુષ્ટ કરવા માટે તેને જે અનાજ ખવડાવાય છે એ સીધું જ માણસને ખવડાવાય તો વીસગણા વધુ લોકોને જીવાડી શકાય. એક કિલો ઘઉં પેદા કરવા માટે જેટલું પાણી જોઇએ એના કરતાં પચાસગણું પાણી એક કિલો માંસ પેદા કરવા માટે જોઇએ છે. આપણે ત્યાં વર્ષે ૨૩ લાખ ટન માંસ પેદા થાય છે. એમાં માત્ર દસ ટકાનો કાપ મૂકીએ તો ચાર કરોડ લોકોને અનાજ પુરું પાડી શકાય.

પરંતુ ગોહત્યાબંધીનો મુદ્દો માત્ર શાકાહાર વિરુદ્ધ માંસાહારનો નથી. જેમ ખાદી એ કાપડનો ટુકડો નથી, એમ ગાય એ સાધારણ પ્રાણી નથી. ખાદીની જેમ ગાયને પણ તેનું પોતાનું અર્થશાસ્ત્ર છે. વેદકાળથી માંડીને છેક ગઈ સદી સુધી ગાય આપણા અર્થતંત્રના કેન્દ્રમાં હતી. ગોરક્ષાના હિમાયતીઓ દ્રઢતાથી માને છે કે આપણી ઘણીખરી આર્થિક તકલીફોનું મૂળ ગાયોની એટલે કે દુધાળાં ઢોરોની બેફામ કતલમાં રહેલું છે. ગાયને કેન્દ્રમાં રાખનારી અર્થવ્યવસ્થા તૂટવા માંડી ત્યારથી આપણી અવદશાની શરૂઆત થઇ. ખેતીપ્રધાન દેશમાં ગાય ખેતીનો આધારસ્થંભ હતી. તે છાણ આપતી, બળદ પેદા કરતી અને બોનસ તરીકે દૂધ આપતી. છાણમાંથી ઉત્તમ ખાતર બનતું અને તે ખેડૂતને મફતમાં ઘેર બેઠાં મળતું. છાણાં બળતણની ગરજ સારતાં. બળદો ખેતીનું અને ભારવહનનું કામ કરતા. ગાયના દૂધમાંથી બનતા દહીં, માખણ અને ઘી લોકોને પોષણ પૂરું પાડતા. ધાર્મિક પરંપરા કહેતી કે ગાય, દૂધ અને જમીન વેચાય નહીં, દાનમાં અપાય. ગાયને *ડેરી એનિમલ* ગણવા જેટલા આપણે *સુધર્યા* નહોતા ત્યારે વાછરડાને ભરપેટ ધાવવા મળતું એટલે ગાયોના પ્રજનન માટે ઉત્તમ ધણખૂંટો મળતા અને ગાય-બળદની નસલ જળવાઇ રહેતી.

પોષણ, ખાતર, બળતણ અને વાહન-તમામ જરૂરિયાતો ગાય અથવા તેની સંતતિ મારફત પૂરી પડતી હોવાથી ગાયને આપણે ત્યાં સ્વાભાવિક રીતે જ બહુ આદરભર્યું સ્થાન મળ્યું. ગાયને પોષવાનું, તેની સેવા કરવાનું કામ પુણ્યકારી લેખાયું. આ જ વસ્તુ વત્તેઓછે અંશે બીજાં પ્રાણીઓને પણ લાગુ પડે છે.

વેદકાળના આર્યો માંસ ખાતા, કદાચ ગોમાંસ પણ ખાતા હશે, પણ જેમ જેમ તેઓ ગાયના ગુણોથી માહિતગાર થતા ગયા તેમ તેમ ગાયનો વધ કરવામાં પાપ સમજતા થયા. વેદના ઋષિઓએ ગાયને *અઘ્ન્યા* (જેનો વધ ન થાય એવી) કહી. દેશવાસીઓએ સ્નેહપૂર્વક એને *માતા* કહી. જ્યાં સુધી એ આર્થિક વ્યવસ્થા અકબંધ રહી ત્યાં સુધી ગાયનું સ્થાન પણ અવિચળ રહ્યું. મોગલ બાદશાહ અકબરે પ્રજાની લાગણીને માન આપીને પોતાના રાજ્યમાં ગોવધબંધી ફરમાવી હતી. રાજા રણજિતસિંહના રાજ્યમાં ગોવધ માટે મૃત્યુદંડની સજા હતી. જૂનાગઢ અને પાલનપુરના નવાબોએ પણ ગોહત્યાની મનાઇ કરેલી. ગોંડલના રાજા ભગવતસિંહજીના શાસનમાં ધોરાજીમાં એક મુસ્લિમે ગાય કાપી ત્યારથી એ રાજાએ ધોરાજીનું પાણી અગરાજ કરેલું. રસ્તો પહોળો કરવાને બહાને એ મુસ્લિમનું છ માળનું મકાન તોડી પાડીને એને સજા કરેલી.

ગાય પ્રત્યેની હિંદુઓની ભાવનામાં એની ઉપયોગિતાની સમજણ અને કૃતજ્ઞતાની સુગંધ છે. તેથી જ ગાંધીજીએ ગાયને *દયાધર્મની મૂર્તિમંત કવિતા* ગણાવીને લખ્યું કે ગોરક્ષા હિંદુ ધર્મે દુનિયાને આપેલી બક્ષિસ છે અને હિંદુ ધર્મ પણ જ્યાં સુધી ગાયની રક્ષા કરનારા હિંદુઓ છે ત્યાં સુધી જ ટકશે.

ગાય, ખાદી અને સ્વદેશી કહેતાં સ્થાનિક માલસામાનની આસપાસ રચાયેલા અર્થતંત્ર પર છેલ્લાં દોઢસો વર્ષમાં ભારે ફટકા પડ્યા. બ્રિટિશ સરકારની ભેદભાવભરી નીતિને કારણે ગૃહઉદ્યોગો નાશ પામ્યા. બેકાર બનેલા લોકોએ ખેતી તરફ ધસારો કર્યો. ખેતી માટે જમીન મેળવવા ચરિયાણોનો ભોગ લેવાયો. ઘાસચારાની તંગી સર્જાઇ. કતલખાનાઓમાં માંસ માટે કરોડો પશુઓનો ભોગ લેવાયો. દેશનું પશુધન નિર્માલ્ય, નિસ્તેજ અને માંદલું બન્યું. એની શક્તિ ઘટી, ઉપજ ઘટી અને પરિણામે એની ઉપયોગિતા ઓછી થઇ. નિરુપયોગી પશુઓ માટે કતલખાનાં તૈયાર જ હતાં. પશુસંવર્ધનને બદલે પશુહત્યા પર નભનારો એક મોટો વર્ગ ઊભો થયો.

ગોવધબંધીનું આંદોલન એ જમાનાજૂની અર્થવ્યવસ્થાને ટકાવવા અથવા પુનર્જીવિત કરવાના પ્રયત્નોનો એક ભાગ છે. એના સમર્થકો કહે છે કે વિદેશોને રવાડે ચડીને આપણે ખેતીનો દાટ વાળ્યો છે. આઝાદી પછી બ્રિટિશ સરકારની વિનાશકારી નીતિ ઊલટાવવાને બદલે સરકારે ઊલટું તેને પ્રોત્સાહન આપ્યું. ૧૯૪૫-૪૬માં અંગ્રેજોએ ૧ લાખ ૭૨ હજાર વાછરડાંની કતલ કરી, પરંતુ સ્વરાજ્ય મળ્યા પછી ૧૯૫૧-૫૨થી ૧૯૫૫-૫૬ના પાંચ વરસમાં ૯૨ લાખ વાછરડાં કપાયાં અને તે ઉપરાંત બે કરોડ ગાયોની કતલ થઇ. ઘેટાં, બકરાં અને બીજાં પ્રાણીઓ પણ કરોડોની સંખ્યામાં કપાયાં, જ્યારે ગાયે તો સૌથી વધુ સહન કરવાનું આવ્યું.

ગાયોની બેફામ કતલ થતાં દૂધ અને ઘીનું ઉત્પાદન ઓછું થવા માંડ્યું. દૂધની માગને પહોંચી વળવા પહેલો ભોગ લેવાયો વાછરડાંનો. એને ધવડાવવાને બદલે કતલખાને વહેંચી દેવા લાગ્યા એટલે ધણખૂંટની ખેંચ પડી. નબળા વાછરડાં ધણખૂંટ તરીકે વપરાવા માંડ્યાં એટલે ગાયોની ઓલાદ બગડી અને પરિણામે ઓછું દૂધ આપનારી ગાયો કપાવા લાગી.

ગાય અને વાછરડાંની કતલ વધતી ચાલી એટલે છાણનો પુરવઠો ખોરવાયો. છાણનું સ્થાન રાસાયણિક ખાતરે લીધું. એની પાછળ ટ્રેક્ટરો આવ્યાં, જંતુનાશક દવાઓ આવી અને પુષ્કળ પાણીની જરૂરિયાત પડવા લાગી. ખેતીનો આખો ઢાંચો જ બદલાઇ ગયો. સરવાળે જમીનના રસકસ ઘટ્યા, જંતુનાશક દવાઓના રસાયણો અનાજ, શાકભાજી અને ફળમાં પેસીને જાતજાતના રોગો પેદા કરવા માંડ્યા. માતાના દૂધમાં *ડી.ડી.ટી.* હોય એવો *ચમત્કાર* પણ નોંધાયો. દેશભરમાં બધે જમીનમાં પાણીનું તળ ઊંડે ઊતરવા માંડ્યું. છાણની સાથે છાણાં ગયાં એટલે બળતણ માટે જંગલો કપાવા માંડ્યાં. વૃક્ષો કપાવાથી જમીનનું ધોવાણ શરૂ થયું. તેની માટીથી નદીઓ, તળાવો, ઝરણાં વગેરે પુરાઇને સુકાઇ જવા લાગ્યાં.

રાસાયણિક ખાતર, દવાઓ, ટ્રેક્ટર, ટ્યૂબવેલનું પાણી વગેરેનો ખર્ચ છેવટે તો અનાજ પર જ પડવાનો. પરિણામે અનાજની પડતર મોંઘી થઇ. અર્થશાસ્ત્રીઓની ભાષામાં કહીએ તો અનાજનું ઉત્પાદનખર્ચ વધ્યું. એ એટલું વધી ગયું કે ખેડૂત ખોટ ખાય અથવા ગરીબો ભૂખ્યા રહે એ બે જ વિકલ્પો રહ્યા. આ વિષચક્રમાંથી બહાર નીકળવાના જેમ જેમ પ્રયત્નો કરીએ છીએ તેમ તેમ એમાં વધુ ને વધુ ખૂંપતા જઇએ છીએ. ખેડૂતોને મફતના ભાવે વીજળી આપીએ, સિંચાઇનું પાણી પૂરું પાડીએ, ખાતર સસ્તા ભાવે આપીએ તો ય વર્ષોવર્ષ એ લોકો અનાજના ઊંચા ને ઊંચા ભાવ માગે છે. સરકાર ખોટ ખાઇને લોકોને રેશનિંગમાં સસ્તું અનાજ આપવા જાય છે, પણ એનો ય છેડો આવી ગયો છે. અને છતાં ય દેશી ખેતીની ઓછી ખર્ચાળ અને વધુ સરળ રીત તરફ પાછા ફરવાને બદલે આપણે વિનાશના માર્ગે આગળ વધતા જઇએ છીએ.

ગાંધીજીએ સ્થાપેલા *અખિલ ભારત કૃષિ ગોસેવા સંઘના* કાનૂની સલાહકાર રાજેન્દ્રભાઇ જોશી કહે છે કે ગોહત્યાની તરફેણમાં કરાતી દલીલો ભ્રામક છે. આપણે ત્યાં ૧૯૫૧માં દર હજાર માણસ દીઠ ૪૩૦ દુધાળાં ઢોર હતાં. એ ઘટતાં ઘટતાં ૧૯૬૧માં ૪૦૦, ૧૯૭૧માં ૩૨૬ અને ૧૯૮૧માં ૨૭૮ થઇ ગયાં. ૧૯૮૨માં એક હજાર માનવી દીઠ આર્જેન્ટિનામાં ૨૦૮૯, ઓસ્ટ્રિયામાં ૧૩૬૫, કોલમ્બિયામાં ૯૧૯ અને બ્રાઝિલમાં ૭૨૬ દુધાળાં ઢોર હતાં. એ જ વર્ષે હજાર માણસ દીઠ વિયેટનામમાં ૪૩૬ ભેંસ, નેપાળમાં ૨૮૪ ભેંસ અને પાકિસ્તાનમાં ૧૩૦ ભેંસ હતી જ્યારે ભારતમાં માત્ર ૯૮ હતી! હજાર માણસ દીઠ સુદાનમાં ૬૭૭ બકરા હતાં, કાયમના દુકાળિયા ઇથિયોપિયામાં ૫૨૩ બકરાં હતાં જ્યારે ભારતમાં માત્ર ૧૩૬ બકરાં હતાં. હજાર માણસ દીઠ ન્યુઝિલેન્ડમાં ૨૩,૫૨૮ ઘેટાં હતાં, ઉરુગ્વેમાં ૭૮૭૯ ઘેટાં હતાં જ્યારે ભારતમાં માત્ર ૬૯. કતલ માટે વધારાનાં પશુઓ છે જ ક્યાં?

ગોહત્યાબંધીના વિરોધીઓ કબૂલે છે કે કતલખાનાઓમાં પ્રાણીઓ પ્રત્યે ભારે ક્રૂરતા આચરવામાં આવે છે. એ લોકોનું કહેવું છે કે કતલખાનાંને આધુનિક બનાવીને પ્રાણીઓની યાતના ઓછી કરવા માટે શક્ય એટલાં તમામ પગલાં લેવાં જોઇએ. બાકી નકામાં પ્રાણીઓની કતલ કરવામાં કશું ખોટું નથી.

વિખ્યાત પત્રકાર પ્રીતિશ નાંદી આની સામે ગંભીર વાંધો ઉઠાવતાં કહે છે કે જે પ્રાણીને પરાણે પકડીને બળજબરીથી કતલ કરાય એની યાતના ઓછી કરવાનો પ્રશ્ન જ ક્યાં આવે છે? હત્યા ગમે તે રીતે કરાય, મોત કોને વહાલું લાગે? હિટલરે યહૂદીઓને ગૅસ ચેમ્બરમાં ગૂંગળાવીને માર્યા એટલે શું એનો ગુનો ઓછો થઇ ગયો ગણાય?

પ્રીતિશ નાંદીના મતે મોટા ભાગના ભારતીયો માંસાહારી છે એ વાતમાં પણ કશો દમ નથી. ભારતીયો સ્વભાવે શાકાહારી હતા અને છે. આપણી પાસેથી શીખીને પશ્ચિમના દેશો શાકાહાર તરફ વળી રહ્યા છે એટલે ત્યાંની માંસ લોબીએ ભારતને નિશાન બનાવ્યું છે. મેક્ડોનાલ્ડ અને *કેન્ટુકી* જેવી કંપનીઓ ભારતમાં ઘૂસવા તલપાપડ છે. આપણામાં જરાય બુદ્ધિ હોય તો એમના પ્રચારને વશ ન થઇએ.

*સ્વદેશી જાગરણ મંચ*ના નેતા એસ. ગુરુમૂર્તિ કહે છે કે કેટલાંક પ્રાણીઓ વધારાનાં અને નિરુપયોગી છે એટલા માટે એમને મારી નાખવા જોઇએ એ વિચાર જ ભૂલભરેલો છે. જીવતા જીવને વધારાનો કે નિરુપયોગી ઠરાવવાનો કોઇને શો હક્ક છે? જે આપણા ખપનું નથી એણે મરવું જ રહ્યું એવો વિચાર સભ્યતા કે સંસ્કૃતિની વિરુદ્ધ છે. પ્રાણીઓને પણ જીવવાનો અધિકાર છે, એ માણસને ખપમાં આવે કે ન આવે.

કુશાગ્ર બુદ્ધિ ધરાવતા ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ ગુરુમૂર્તિ ગાયને માતા માનવાની ધાર્મિક પરંપરાનો બચાવ

કરે છે. માનવીય મૂલ્યોને ધર્મનું સમર્થન મળે તો તેનું જતન વધુ સરળતાથી થઇ શકે છે. અર્થશાસ્ત્ર કે પર્યાવરણનો અભ્યાસ ન કરનાર માણસ પણ ધર્મના જોરે ગાય કે વૃક્ષોનો આદર કરતા શીખે તો એ સારું જ છે.

માંસની નિકાસ વર્ષોવર્ષ વધતી જાય એમાં હરખાઇને કાખલી કૂટવા જેવું કશું નથી. આપણું પશુધન સાફ થઇ રહ્યાની એ નિશાની છે. *અલ- કબીર* અને *પંજાબ મીટ્સ* જેવી કંપનીઓનાં કતલખાનાં આપણી મૂર્ખાઇના ધજાગરા જેવાં છે. અલ-કબીરના કતલખાનામાં ત્રણસો માણસને રોજી મળે છે. પાંચ વર્ષમાં વીસ કરોડ રૂપિયાનું હૂંડિયામણ કમાવાની તેને આશા છે. એ પાંચ વર્ષમાં ત્યાં ૯ લાખ બાર હજાર ભેંસો અને ૨૮.૫ લાખ ઘેટાં કપાશે. એ જ પ્રાણીઓને જીવતાં રખાય તો ૬૯,૬૨૫ માણસોને રોજી મળે અને વીસ કરોડથી અનેકગણા રૂપિયાનું હૂંડિયામણ બચે. કઇ રીતે? ઘેટાંને છોડીને માત્ર ભેંસનો જ વિચાર કરીએ તો એ ભેંસો પાસેથી પાંચ વર્ષમાં ૨,૯૫,૫૦,૦૦૦ ટન છાણિયું ખાતર મળે જે ૭.૮૮ લાખ હેક્ટર જમીનને પાંચ વર્ષ સુધી ચાલે. હેક્ટર દીઠ ૧૩૮૨ કિલો અનાજ ઊતરે એમ ગણીએ તો દર વર્ષે ૧૦.૮૯ લાખ ટન અનાજ મળે. સરકારે જાહેર કરેલા લઘુતમ ભાવ પ્રમાણે એટલા અનાજની કિંમત ૪૫૦ કરોડ રૂપિયા થાય! અનાજ ઉપરાંત આપણને દર વર્ષે ૩૨.૬૭ લાખ ટન ઘાસચારો મળે જેનાથી ૯,૦૭,૫૦૦ ભેંસોને ખવડાવી શકાય. આ ગણતરી ભારતીય કૃષિ સંશોધન સંસ્થા *(આઇ.સી.એ.આર.)*ના આંકડાઓ પર આધારિત છે.

હવે ઘેટાંનો હિસાબ કરીએ. પ્રત્યેક ઘેટું વર્ષે દોઢ કિલો ઊન આપે. એની કિંમત કિલો દીઠ ૬૦ રૂપિયા ઊપજે. પાંચ વર્ષમાં ૨૮.૫ લાખ ઘેટાં એટલે કે વર્ષે ૫,૭૦,૦૦૦ ઘેટાંને મારવાને બદલે જીવવા દઇએ તો પાંચ વર્ષમાં રૂપિયા ૭૬.૯૫ કરોડનું ઊન મળે. એટલું ઊન બહારથી આયાત ન કરવું પડે અને હૂંડિયામણની એટલી બચત થાય.

આ જ હિસાબ *અલ-કબીર* જેવા બીજા કોઇ પણ કતલખાનાને લાગુ પડે છે. કતલખાનાઓ કઇ રીતે કામ કરે છે એ લોકો જાણે છે. એટલે જ મહારાષ્ટ્રમાં મુસ્લિમ બહુમતીવાળા વિસ્તારમાં પણ *અલ-કબીર*ના કતલખાનાનો એવો સજ્જડ વિરોધ થયો કે એ ભીવંડીને બદલે છેક આંધ્ર પ્રદેશમાં નાખવું પડ્યું. ત્યાં એની સામે ઉગ્ર વિરોધ ચાલુ છે. પંજાબના બેહરા ગામમાં કતલખાનું નાખવાનો ત્યાંના રહેવાસીઓએ એવો ઉગ્ર વિરોધ કર્યો કે એનું ઉદ્‌ઘાટન કરવા આવેલા કેન્દ્રના ફૂડ પ્રોસેસિંગ પ્રધાન તરુણ ગોગોઇ અને પંજાબના કૃષિ પ્રધાન દિલબાગ સિંઘે સમારંભમાંથી ભાગી જવું પડ્યું! જો કે સરકાર નક્કી છે, એટલે કતલખાનાં તો સ્થપાયાં જ.

બધી ગણતરી રૂપિયા, આના, પાઇમાં થઈ શકતી નથી. કતલખાનામાં પ્રાણીઓ પર જે જુલમ ગુજારાય છે એ જોઇને માંસાહારીઓનાં પણ રૂંવાડાં ખડાં થઈ જાય. વડોદરાની *જીવદયા* સમિતિએ *અલ-કબીર*ના કારખાનામાં ગાયની કતલ કઈ રીતે થાય છે એની વિડિયો કેસેટ બનાવી છે. ગાયને એક ટેબલ પર ઊભી રાખવામાં આવે. પછી વીજળીથી ચાલતા હાથા વડે એના ચારે પગ જકડી લઇને એને ઊંધી કરી દેવાય. તેની ગુદામાં મોટો પાઇપ નાખી શરીરમાં હવા ભરવામાં આવે જેથી તેનું શરીર ફૂલે. ત્યાર બાદ ગાયના શરીર પર ઉકળતું પાણી રેડાય. એના ગળા પર કાપ મૂકવામાં આવે. ગાયના શરીરમાંથી વહેતું લોહી નીચે મૂકેલા પીપમાં ભેગું કરાય. આટલી યાતના ભોગવે ત્યાં સુધી ગાય જીવતી જ હોય, એ પછી એનું ડોકું કાપવામાં આવે.

માંસ ઉદ્યોગના વિકાસ માટે નીમાયેલી સમિતિના અધ્યક્ષ એન. એસ. રામસ્વામીએ લખ્યું હતું કે પશુઓની કતલ કરવાની અત્યારની પદ્ધતિ નિર્દય અને પાશવી છે. કતલખાનામાં પ્રાણીને લવાય છે ત્યારે ભય, ભૂખ અને હાડમારીથી એ અધમૂઆં થઈ ગયાં હોય છે. કતલખાનાની ખરબચડી ફરસ પર એમને ફેંકવામાં અને ઘસડવામાં આવે છે. એમના પગ બાંધી, માથું કાપી શરીરને ઊંધું લટકાવીને એની ખાલ ઉતારવામાં આવે છે. રામસ્વામીએ પશુને હણવા માટે બોલ્ટ પિસ્તોલ કે ઇલેક્ટ્રિક સ્ટનર વાપરવાની ભલામણ કરી હતી.

જનાવરને એક ઝાટકે મારી નાખવામાં આવે એને *ઝટકા* પદ્ધતિ કહેવામાં આવે છે. બીજી રીત પ્રાણીને હલાલ કરવાની છે જેમાં તેના ગળા પર ઊંડો ઘા કરીને તેની શ્વાસનળી કાપી નાખવામાં આવે છે. પુષ્કળ લોહી વહી જવાથી અને શ્વાસ બંધ થઇ જવાથી ક્યાંય સુધી તરફડીને પશુ મૃત્યુ પામે છે. *ઝટકા* કરતાં *હલાલ* પદ્ધતિમાં પ્રાણીની યાતના વધુ લંબાતી હોવાથી એ વધુ ક્રૂર છે. મુસ્લિમો અને યહૂદીઓ હલાલ માંસ ખાય છે જ્યારે શીખો સહિતના હિંદુઓ અને ખ્રિસ્તીઓ ઝટકા માંસ વધુ પસંદ કરે છે.

પરંતુ જનાવર હલાલ કરવાની પદ્ધતિનો બચાવ કરનારા પણ છે. *ઑલ ઇન્ડિયા જમિયતુલ કુરેશ*ના મંત્રી નાસીર કુરેશી કહે છે કે હલાલ કરેલા જાનવરનું ચામડું મજબૂત અને શુદ્ધ હોય છે. હલાલ કરેલા પ્રાણીના શરીરમાંથી લોહીની સાથે ઝેરી પાણી પણ બહાર વહી જાય છે, જ્યારે મરી ગયેલા ઢોરને કાપીને ચામડું અલગ કરવામાં આવે ત્યાં સુધી ઝેરી પાણી એના ચામડાના સંસર્ગમાં જ રહે એટલે ચામડું જોઇએ એવું ટકાઉ ન રહે. એ જ રીતે ઇસ્લામી દેશો મરેલા જનાવરનું મુડદાલ માંસ ખરીદે નહીં. એ લોકોને હલાલ માંસ જ જોઇએ.

કતલખાનાઓમાં નકામાં કે નિરુપયોગી પશુઓ જ વધેરાય છે એવું તો નાનું છોકરું ય માનતું નથી. કાયદો કહે છે કે જે પ્રાણી દૂધ ન આપી શકે, માલ ન સારી શકે તથા સંતતિ પેદા ન કરી શકે એની જ કતલ થઈ શકે. એને માટે પશુના ડૉક્ટરનું સર્ટિફિકેટ જોઇએ. દેશનાં મોટા ભાગનાં રાજ્યોએ ગોહત્યાબંધીનો કાયદો કર્યો છે. પરંતુ વ્યવહારમાં એ બધા કાયદા પોથીમાંના રીંગણા જેવા રહ્યા છે. એનાં ત્રણ મુખ્ય કારણ છે.

માંસ, અને ખાસ કરીને ગાય, બળદ તથા ભેંસના માંસની આપણે ત્યાં મોટી માંગ છે. નાસીરભાઇ કુરેશીના કહેવા અનુસાર મહારાષ્ટ્રમાં રોજનું ૪૫૦૦ ટન બીફ ખવાય છે. માંસાહારીઓને જુવાન બળદનું માંસ વધુ પસંદ પડે છે. બળદના માંસમાંથી બનતી *સિઝલર* નામની વાનગી શોખીનોમાં જાણીતી છે. *મુંબઇ મટન ડિલર એસોસિયેશન*ના હોદ્દેદાર શાહનવાઝ થાણાવાલા કહે છે કે મુંબઇમાં અને બીજે બળદ કે ભેંસનું માંસ ખાનારો મોટો વર્ગ હિંદુ છે. બકરી કે મરઘીનાં માંસ કરતાં બીફ સસ્તું પડવાથી ઘણા હિંદુઓ પણ એ ખાય છે.

માંસ અને ચામડાના વગદાર ઉદ્યોગો પ્રાણીઓની કતલ પર નભે છે. બંનેમાં નિકાસની શક્યતા ઊજળી હોવાથી સરકારમાં એમની ઘણી પહોંચ છે. માંસની નિકાસ ૧૯૯૦-૯૧માં રૂપિયા ૧૪૦ કરોડ હતી તે માત્ર ત્રણ વર્ષમાં વધીને રૂપિયા ૩૪૬ કરોડ થઈ ગઇ. ભારતમાંથી માંસ ખરીદનાર દેશોમાં મોટા ભાગના દેશો મુસ્લિમ છે. ચામડાનો ઉદ્યોગ તો તેથી પણ અનેકગણો મોટો છે. વિદેશી હૂંડિયામણની કમાણી કરનારા ઉદ્યોગોમાં હીરા અને કાપડ પછી ચર્મ ઉદ્યોગ મોખરે છે. ચર્મ ઉદ્યોગની નિકાસ વર્ષે ૩૨૦૦ કરોડ જેટલી છે. ગાયના ચામડામાંથી પટ્ટા, પાકીટ, બ્રીફકેસ અને પ્રવાસમાં ઉપયોગી ચીજો બને છે. ભેંસનું ચામડું પ્રવાસમાં ઉપયોગી ચીજો, બેગ અને બૂટનાં તળિયાં બનાવવામાં વપરાય છે. બૂટમાં વપરાતા ચામડામાં નેવું ટકા ચામડું ગાયનું હોય છે. ઘેટાંના ચામડામાંથી બનેલા જોડા ટકાઉ હોતા નથી. ચર્મ ઉદ્યોગ ગામડે ગામડે પ્રસરેલો છે અને તેમાં લાખો માણસોને રોજી મળે છે.

જ્યારે જ્યારે અસરકારક સંપૂર્ણ ગોવધબંધીની માગ ઊઠે છે ત્યારે ત્યારે કસાઇઓની રોજગારીનો સવાલ આગળ ધરવામાં આવે છે. દેશમાં આજે ૩૬૦૦ જેટલાં સત્તાવાર અને એનાથી દસગણા ગેરકાયદે કતલખાનાં ચાલે છે. કસાઇ લૉબી ખૂબ શક્તિશાળી છે. કોઇ પક્ષ એમને નારાજ કરવા ઇચ્છતો નથી. કસાઇઓ મોટે ભાગે મુસ્લિમ

હોવાથી ગોહત્યાબંધીના પ્રશ્નને બહુ સહેલાઇથી કોમી રંગ આપી દેવાય છે. હિંદુ કોમવાદીઓ મુસ્લિમ બિરાદરોની રોજીરોટી ઝૂંટવી લેવા નીકળ્યા હોય એવો પ્રચાર કરાય છે.

કૃષિ ગોસેવા સંઘના રાજેન્દ્રભાઇ જોશી કહે છે કે ગોરક્ષાના પ્રશ્નને હિંદુ-મુસ્લિમ વિવાદનું સ્વરૂપ આપવું અનુચિત છે. માંસ અને માછલાંની નિકાસમાં હિંદુઓ પણ મોટી સંખ્યામાં પડ્યા છે. શાકાહાર અને માંસાહારની અસર હિંદુ અને મુસલમાન પર એકસરખી જ થાય છે. અને રોજગારીની વાત કરો તો મુખ્યત્વે માંસ અને ચામડાના નિકાસકારો માટે ચાલતાં કતલખાનાઓએ મુડદાલ જનાવરો પર નભતા ચમારો અને મોચીઓની હાલત ખરાબ કરી નાખી છે.

આમ છતાં માંસ માટેની માગ, પ્રાણીઓની કતલ પર નભનારા ઉદ્યોગો અને મુખ્યત્વે મુસ્લિમોની રોજગારી નાશ પામવાનો ભય આ ત્રણ કારણોથી પેદા થયેલી આર્થિક, સામાજિક અને રાજકીય લોબીને તોડવાની તાકાત ગોરક્ષાના હિમાયતીઓ હજી સુધી કેળવી શક્યા નથી. આર્થિક અને સામાજિક પરિબળો એમની વિરુદ્ધ જાય છે. દાખલા તરીકે મુંબઇમાં ભૂલેશ્વરની પાંજરાપોળ જેવી કેટલીક સંસ્થાઓ ઉત્તમ કામ કરે છે. હજારો અબોલ પશુઓને કસાઇના છરામાંથી ઉગારવાનું પુણ્ય એમને નામે જમા થયું હશે. પરંતુ ગોરક્ષા જ્યાં સુધી સખી દાતાઓની સહાયથી ચાલતી પાંજરાપોળો પર આધારિત રહેશે ત્યાં સુધી એનો પાયો નબળો જ રહેવાનો. *મુંબઇ મટન ડિલર એસોસિયેશન*વાળા શાહનવાઝભાઇ કહે છે તેમ ખેડૂતો કે માલધારીઓ પાસેથી ખાટકીઓ ઢોર ઝૂંટવી લઈ જતા નથી. ઘણી પાંજરાપોળો પણ ચોરીછૂપીથી ઢોર વેચી નાખતી હોવાનો આક્ષેપ થાય છે.

આ પરિસ્થિતિમાં પાંજરાપોળ કરતાં ય વધુ જરૂર ગોસંવર્ધન કેન્દ્રો ઊભાં કરવાની છે. મુંબઇના એક પારસી ઉદ્યોગપતિ દારા પૂનાવાલાએ ગુજરાતમાં પાંચસો એકર જમીનમાં એક વિશાળ ગોશાળા ઊભી કરવાની યોજના રજૂ કરી છે. દાન કે સહાય પર નભવાને બદલે આર્થિક દ્રષ્ટિએ પગભર એવી સ્વાવલંબી સંસ્થા ઊભી કરવાની એમની નેમ છે. મેનકા ગાંધીએ દિલ્હીમાં રસ્તે રખડતી બે હજાર ગાયો માટે એક ગોશાળા બનાવી છે. ગોરક્ષાપ્રેમીઓએ આ દિશામાં વિચારવા જેવું છે. જે ખેડૂત કે માલધારી આજે લોભ કે લાલચને વશ થઈને ઢોર કસાઇવાડે વેચી નાખે છે એને એવું ન કરવામાં લાભ જણાય એવી પરિસ્થિતિ ઊભી ન થાય ત્યાં સુધી કાયદેસરનાં અને ગેરકાયદેસરનાં કતલખાનાં ધમધોકાર ચાલ્યાં કરશે. આ કામ અઘરું છે, પણ ગ્રીક લોકો કહેતા એમ અઘરાં કામો જ સુંદર હોય છે.

છેલ્લે ફરીવાર ગાંધીજીને સંભારીએ.

*પરંતુ ખુદ હિંદુઓ પોતે અત્યારે ગોરક્ષા કેટલી સમજે છે? થોડા અરસા ઉપર એક મુસલમાન મિત્રે મને એક પુસ્તક મોકલેલું. તેમાં ગાય અને તેની ઓલાદ પર આપણે જે ઘાતકીપણું ગુજારીએ છીએ તેનાં વિગતવાર વર્ણનો કરેલાં હતાં. તેનું ટીપેટીપું દૂધ ખેંચી લેવાને ખાતર આપણે તેનું કેવું લોહી લઇએ છીએ, આપણે તેને ભૂખે મારી કેવી હાડપિંજર કરી મૂકીએ છીએ, તેનાં વાછરડાંઓની આપણે કેવી દુર્દશા કરીએ છીએ. તેમને આપણે પૂરું ધાવવા પણ દેતા નથી, બળદો પર આપણે કેવો જુલમ ગુજારીએ છીએ, આપણે તેમની કેવી ખસી કરીએ છીએ, આપણે તેમને કેવા ચાબખા, પરોણી અને આરોના માર મારીએ છીએ, તેમના પર કેવા અનહદ બોજા લાદીએ છીએ. આ બધાનું એમાં (પુસ્તકમાં) વર્ણન હતું. જો પ્રાણીઓને વાચા હોત તો કદાચ તેઓ આપણી સામે એવી સાહેદી પૂરત કે દુનિયા બધી કમકમી ઊઠત!*

*આપણી પાંજરાપોળો, દયાવૃત્તિ પર ખડી થયેલી સંસ્થાઓ તો અતિ બેહૂદો અમલ કરનારી સંસ્થાઓ માત્ર છે. તેઓ નમૂનેદાર ગોશાળાઓ કે ડેરીઓ અને ઘીકતી રાષ્ટ્રીય સંસ્થાઓ તરીકે ચાલવાને બદલે માત્ર ખોડાં ઢોરો રાખવાનાં ધર્માદા ખાતાંઓ જ થઈ પડી છે.*

*હિંદુઓની પરીક્ષા ટીલાં કર્યાથી, સ્વરશુદ્ધ મંત્રો ભણ્યાથી, તીરથજાત્રાઓ કર્યાથી કે ન્યાત ફિરકાઓના ઝીણામાં ઝીણા નિયમો ચીવટે પાળવાથી નહીં પણ ગાયને બચાવવાની તેમની શક્તિથી જ થવાની છે.*

*એ ગાયની રક્ષા કઇ રીતે થાય? રસ્તો એ જ છે કે ગાયને બચાવવા જાતે મરવું. ગાયને બચાવવા માણસને મારવા તૈયાર થવું એ તો હિંદુ ધર્મ તેમ જ અહિંસા ધર્મ બંનેનો ઇનકાર કર્યા સમાન છે.*

◆◆

પૂરક માહિતી: **કૌશિક મહેતા** (રાજકોટ)

◆ **દેવાંશુ દેસાઈ** (મુંબઈ)

**ચિત્રલેખા ■ ૫-૨-૯૬ ■**

# પેટ્રોલને સ્થાને બળદ

**દેશભરના ખેડૂતો માટે એક નવી આફત આવી પડી છે. ઉદ્યોગપતિઓ અને શ્રીમંતોએ બળદો અને બળદગાડાં ખરીદવા માડયાં છે. એ સાથે એના ભાવમાં તેજી ભભૂકી ઊઠી છે. બજારમાં બળદિયા અને ગાડાં લાવો લાવો થઈ પડયુ છે. લેવાલી જોરદાર નીકળી છે. મુંબઈના માર્ગો પર દેશી-વિદેશી મોડેલની મોટરકારોને ખેંચી શકે તેવા જોરાવર બળદોના ભાવ આસમાને પહોંચી ગયા છે. આ માગ નીકળવાના મૂળમાં તાજેતરમાં દેવે ગોવડાની સરકારે કરેલો પેટ્રોલનો ૨૫ ટકા જેટલો ભાવવધારો તથા મહારાષ્ટ્ર સરકાર દ્વારા તેના પર લેવાતો ૨૧ ટકા જેટલો ઊંચો વેચાણવેરો રહેલો છે.**

**પેટ્રોલનો આ ભાવવધારો અને વેચાણવેરો તેમનાથી સહન થતો નથી. વેસ્ટર્ન ઇન્ડિયા ઓટોમાઇલ એસોસિયેશનદ્વારા ગુરુવારે આથી એક મોરચો કાઢવામાં આવ્યો હતો. તેમાં મોટરો તો હતી પણ તેને બળદગાડાં જોડવામાં આવ્યાં હતાં. મોટરચાલકો અને મોટરસ્વારકો એ દ્વારા એમ બતાવવા માગતાં હતા કે પેટ્રોલ હવે પોસાય તેમ નથી તેથી તેને બદલે હવે બળદશક્તિનો ચાલકબળ તરીકે ઉપયોગ કરવો પડશે. નાના ચુડાસમા જેવા મહાનુભાવો કહે છે કે ભારતે બળદશક્તિને સહારે ૨૧મી સદીમાં પ્રવેશ કરવાનો છે.**

**બળદનો ઉપયોગ ખેતીકામમાં હજી સારા પ્રમાણમાં થાય છે. એ એક મુદ્દા પર ગોવંશ હત્યાબંધી માટેની માગણી ઊભી છે. આમાં એક નવું કારણ ઉમેરી શકાશે.**

**બળદો મોટરસ્વાહનો માટે આવશ્યક છે • માટે ગોવંશનું જતન કરો. વિશ્વ હિન્દુ પરિષદને આથી મોટરમાલિકોના એક વિશાળ શ્રીમંત વર્ગનું ગોવંશહત્યાબંધીની તેની માગણીમાં સમર્થન સાંપડયું છે.**

**દેશના અર્થતંત્રનું એક નવું પાસું ખુલ્લું થયું છે મનમોહનસિંહ હમણાં નિરાશાના સૂર કાઢી રહ્યા છે. આર્થિક સુધારાને ક્ષેત્રે તેમણે જે ભગીરથ પહેલ કરી હતી તેના પર પાણી ફરી વળ્યું છે. તેમના અનુગામી પી. ચિદમ્બરમ્ બહુ કરી શકે એવી આશા જાગતી નથી. દેવે ગોવડાના ગ્રહો એ રીતે વંકાયા જણાય છે કે એ જે કંઈ કદમ ઉઠાવે છે તેમાં તમને અપજશ મળી રહ્યો છે.**

**સંસદમાંય પેટ્રોલના ભાવવધારા સામે ભાજપે તો ઠીક, કોંગ્રેસ અને ડાબેરી પક્ષોએ પણ માછલાં ધોવામાં કંઈ બાકી રાખ્યું નથી. આમાં ખૂટતું હતું તે હવે શ્રીમંત મોટરસ્વારકોએ પૂરું કર્યું છે. ટૅક્સી, રિક્ષાવાળા મોરચા કાઢે તો આપણે કેમ નહિ! તેમણે બળદશક્તિ પર પસંદગી ઉતારીને શાસકોને અજાણતાંય એક નવો માર્ગ ચીંધ્યો છે. અર્થતંત્રને તેથી એક નવી દિશા સાંપડશે એ નિશ્ચિત છે. દેવે ગોવડા**

અને પી. ચિદમ્બરમ્ એ ત્રીજે ગંર અને મનમોહનસિંહની જેમ પોતાનાં નામ આર્થિક સુધારણા અને આર્થિક વિકાસના ઇતિહાસમાં અમર કરી જઈ શકે તેમ છે. પેટ્રોલને બદલે બળદશક્તિ! આ મંત્રમાં ક્રાંતિકારી પરિવર્તનનો સંભાર ભંડારાયેલો છે. ભારત એશિયાઈ ટાઇગર તરીકે વિશ્વના આર્થિક નકશામાં તરાપ મારે તે ઘડી તેથી ઘણી નજીક આવશે. આમાં પેટ્રોલની આયાતો સદંતર બંધ કરી દઈ શકાય તેમ છે. ઘરઆંગણે જે તેલ-ગૅસ પેદા થાય છે તે પણ જરૂરિયાત સંતોષાય પછી વધી પડશે. દેશ પેટ્રોલનો નિકાસકાર બની શકશે. હા, આમાં બળદશક્તિનું જતન કરવાની નવી જવાબદારી ઉઠાવવાની રહેશે. ખેડૂતોનેય રાહત આપવી પડશે. તેમને બળદો પોસાણ ભાવે મળી રહે તે જોવું જોઈશે. પેટ્રોલના ભાવવધારાનો અને તેને કારણે બધી ચીજો મોંઘી થવાનો તથા ફુગાવાનો આંક ઊંચો જવાનો પછી કોઈ પ્રશ્ન જ ઊભો થશે નહિ. સંસદમાં શાંતિ અને દેશમાં સોંઘારત.

ગમે તેટલી પ્રગતિ કરીએ. અંતે તો નળભૂમિ તરફ - મૂળ તરફ પાછા વળવાનું છે. આપણા ઋષિમુનિઓ જે દર્શન આપી ગયા છે તે જીવંત અને વર્તમાન યુગમાંય પ્રસ્તુત છે. ભગવાન શંકરના વાહન તરીકે આપણે નંદિને આરાધ્ય ગણ્યો છે. હવે પ્રગતિ અને વિકાસનો બધો ભાર એની પીઠ પર મૂકી દઈને નિરાંતવે જીવે આપણે એકવીસમી સદી ભણી મીટ માંડીએ. કારનાં નવાંનવાં મોડેલ ભલે આવે - નંદિ થકી એ વધુ શોભી ઊઠશે.

જન્મભૂમિ, શાન. તા. ૧૩-૭-૯૬


# રિલાયન્સને જમીન વેચીને લખપતિ થઈ જનારાઓ
# અત્યારે તો અમારે શાંતિ થઈ ગઈ છે

**અહેવાલ**

**નરેશ શાહ**

રાતોરાત તકદીર ઊલટાપૂલટા થઈ જાય અને મુકદરના સિકંદર બની જાય એ માણસો કેવા હોતા હશે? મેઘપરના દેવુભા કેસરજીને મળો. દેવુભા કેસરજી માંડ પચ્ચીસ વર્ષનો જુવાન છે. અંગૂઠાછાપ કહી શકાય એટલું તેનું ભણતર છે. હજુ એકાદ વર્ષ પહેલાં દેવુભા જામનગર જિલ્લાના સિક્કામાં આવેલી એક ટ્રાન્સપોર્ટ કંપનીમાં નોકરી કરતા હતા. પગાર રોકડા ૮૦૦ રૂપિયા મળતો હતો. મેઘપરની સીમમાં તેમના પરિવારની ૨૪ વીઘા જમીન હતી, પણ રાજી થઈ જાય એવી કોઈ ઊપજ નહોતી. પણ હવે હવે સાડાસાત લાખ રૂપિયાની ટ્રક ખરીદી લીધી છે. નવું મકાન બની રહ્યું છે. ના, દેવુભા કેસરજીને કોઈ લૉટરી લાગી નથી. કોઈ મટકોપ ખૂલ્યો નથી. તેમ છતાં હકીકત એ છે કે દેવુભા હવે ખમતીધર થઈ ગયા છે. જામનગર જિલ્લાનાં પડાણા, મેઘપર, મોટી ખાવડી, ગાગવા, દેવળિયા, વાડીનાર, જાખર, ભરાણા જેવાં ગામડાંઓમાં છેલ્લાં એક-દોઢ વર્ષમાં આવા મુકદર

એક દરબારના હાથમાં નેવું લાખ આવ્યા છે. પડાણાના પાલા હમીરને ત્રીસ વીઘા જમીન હતી, પણ ખેતીમાં કસ નહોતો અને રોટલો નીકળતો નહોતો તેથી ૨૫ રૂપિયાના રોજથી બીજા ખેડૂતને ત્યાં મજૂરીકામ જતા હતા. તેમને નવ લાખ રૂપિયા મળ્યા એટલે તેમણે બેઉ જુવાન છોકરા માટે છકડો રિક્ષા લીધી છે અને હવે તેઓ મકાન બનાવવાના છે.



તસવીર : નરેશ શાહ

૮૦૦ રૂપિયાના પગારદાર ડ્રાઇવર દેવુભા કેસરજી [illegible] નવી જીપ નોંધાવી લીધી છે

કા સિકંદરોનો રાફડો ફાટ્યો છે. સેંકડો લોકો રાતોરાત લખપતિ બની ગયા છે. જાખર ગામના



આ બધા કિસ્સાઓમાં અલાઉદ્દીનના જાદુઈ ચિરાગનું કામ ધીરુભાઈ અંબાણીની રિલાયન્સ ગ્રુપની અને એસ્સાર ગ્રુપની રિફાઇનરીએ કર્યું છે. રિફાઇનરી માટે આશરે બાર હજાર એકર જમીન મેળવવી જરૂરી હતી તેથી વીઘાદીઠ ૧૭ હજાર (ખેતરાઉ જમીન) અને ૩૫ હજાર (વાડીની જમીન) રૂપિયા લેખે તેમણે ખેડૂતોને ચુકવણું કરવા માંડ્યું તેમાં ઘણા લોકોને તો

રાતોરાત બખ્ખા થઈ ગયા છે. સામાન્ય રીતે જે જમીનનો ભાવ વીઘાદીઠ બેપાંચ હજાર જેટલો ગણાય તેના ૧૭ હજાર કે ૩૫ હજારના ભાવે ચૂકવણાં થયાં તેથી ૩૦ વીઘા જેટલી જમીન ધરાવતા ખાતેદારને દસ લાખથી પણ વધુ રૂપિયા હાથમાં આવી ગયા. દરરોજ દસ રૂપિયા વાપરવા મળતા હોય તેના હાથમાં દસ હજાર આવી જાય તો શું થાય એ જાણવા માટે હું જામનગર જિલ્લાના 'રિફાઇનરીગ્રસ્ત' ગામડાંઓમાં ગયો તો ડગલે ને પગલે આશ્ચર્ય જોવા મળ્યું. પડાણાના

ભીખા ગોવા પાસે પાણી વગરની ૫૪ વીઘા જમીન હતી તેના રિલાયન્સે તેને અગિયાર લાખ રૂપિયા ચૂકવ્યા હતા. ભીખા ગોવાએ તેમાંથી સાડાઅગિયાર વીઘા પાણીજમીન લઈને તેમાં વાવ નખાવી (ખોદાવી) છે. મકાન માટે આઠ હજાર ફૂટનો પ્લોટ લઈ લીધો છે અને વધેલા આઠ લાખ રૂપિયા બેન્કમાં મૂકી દીધા છે. પડાણાના સરપંચ મહોબ્બતસિંહ જાડેજા કહે છે, "જાખર ગામમાં મનુભા જાલમસંગે મોટરસાઇકલ તો લીધી, પણ ચલાવતા આવડતું નહોતું એટલે ડ્રાઇવર રાખ્યો છે."

જામનગર જિલ્લાના 'રિફાઇનરીગ્રસ્ત' ગામડાંઓમાં અત્યારે તમે જાવ તો જોવા મળે કે દરેક ગામમાં આઠદસ નવાં મકાન બની રહ્યાં છે.

ગુજરાતમાં હજુ એવી છાપ છે કે ધીરુભાઈ અંબાણીએ રિફાઈનરી માટે જમીન મેળવી તેમાં ઘણાનાં હૈયાં દુભાણાં છે, પરંતુ ખરેખર તો ધીરુભાઈ આ લોકો માટે 'લોટરી' જેવા સાબિત થયા છે. પડાણામાં જામનગર-રાજકોટ ગ્રામીણ બેન્કની શાખા છે તેમાં છેલ્લા એક વર્ષ દરમિયાન અઢી કરોડ જેટલી ફિક્સ્ડ ડિપોઝિટ જમા થઈ છે એ બતાવે છે કે ધીરુભાઈએ જામનગરના ખાતેદારોને જલસો કરાવી દીધો છે. રિલાયન્સને જમીન મેળવવામાં મદદરૂપ થનારા જામનગરની ખોડિયાર એસ્ટેટના માલિક પરિમલ નથવાણી કહે છે, ''કોર્ટમાં જનારા ૮૯ જેટલા ખાતેદારોમાંથી પણ મોટા ભાગનાએ રિલાયન્સને જમીન સોંપી દીધી છે તેનું એકમાત્ર કારણ એ છે કે જમીનના આવા ભાવ રિલાયન્સ કે એસ્સાર સિવાય કોઈ આપવાનું નથી. પડાણાની જે જમીનના રિલાયન્સે ૩૫ હજાર રૂપિયા આપ્યા છે તેનો રસ્તો ક્રોસ કરો એટલે કાનાલૂસ ગામની જમીન શરૂ થાય છે, પણ તેના ભાવ માંડ પાંચ હજાર આવે છે!'' સરપંચ મહોબ્બતસિંહ જાડેજા સીધી ને સટ વાત કહે છે, ''રિફાઈનરીને કારણે ધીરુભાઈ કે એસ્સારવાળા જે કરે ઈ, પણ અટાણે તો અમારે શાંતિ થઈ ગઈ છે.'' અ

૨૫ • અભિયાન • ૨૯ જાન્યુઆરી ૧૯૯૬

# જમીનઃ ઉત્પાંદનનું એક સાધન

**ઉત્પાદનનાં** ચાર સાધન છે. તેમાં જમીન, મૂડી, શ્રમ અને સાહસનો સમાવેશ થાય છે. આ ચારે બાબત સાથે મળે છે ત્યારે ઉત્પાદનની પ્રક્રિયા થાય છે. જમીન એ ઉત્પાદનનું મહત્ત્વનું સાધન ગણાય છે. જમીન દ્વારા કૃષિ નીપજ થાય છે, જમીનમાં મીઠું પાકે છે, જમીનની અંદરથી જ પાણી મળે છે.

જમીન એ માત્ર ઉત્પાદનનું સાધન જ નથી, પરંતુ રોજગારી નિર્માણ કરવામાં તે મહત્ત્વનું અંગ છે. ભારતમાં બધી મળી ૩૨ કરોડ ચો.કી. જમીન છે. તે પૈકી ૧૦ કરોડ હેક્ટર જમીન પડતર જમીન છે. આ જમીન ટેકનિકલ ભાષામાં વેસ્ટલેન્ડ તરીકે ઓળખાય છે. તેમાં પથરાળ- ડુંગરાળ- ખડકાળ અને રણ પ્રદેશ ઉપરાંત ખારી જમીનનો સમાવેશ થાય છે.

રોજગારી નિર્માણ માટે જમીન એ મહત્ત્વનું સાધન છે. દરેક પ્રાંત- જિલ્લા અને વિસ્તારમાં પડતર જમીન પડેલી છે. આવી જમીનમાં વૃક્ષારોપણ કરીને પર્યાવરણ સુધારવાના ક્ષેત્રે નોંધપાત્ર કાર્ય થઈ શકે તેમ છે. સમુદ્ર કિનારાના કાંઠાળ વિસ્તારમાં ખારા પાણીને આગળ વધતા અટકાવવા માટે નાળિયેરનું વાવેતર પણ કરી શકાય તેમ છે.

ખારી જમીન એ કૃષિ ઉત્પાદનમાં અવરોધક બની રહે છે. પ્રત્યેક વિસ્તારમાં સમુદ્ર છે ત્યાં ખારોપાટ આગળ વધતો જાય છે. છતાં તે નિવારવા માટે કંઈ જ થતું નથી. સ્વૈચ્છિક સંસ્થાઓ દ્વારા આ દિશામાં કામગીરી થાય તે અનિવાર્ય છે. સમુદ્રના ખારા પાણી જેમ- જેમ આગળ વધે છે તેમ- તેમ રસાળ જમીન ખતમ થતી જાય છે.

જળ- જમીન- જંગલ અને જનાવર આ ચાર બાબત પર્યાવરણને માટે ખૂબ જ મહત્ત્વની છે. આ ચારનું રક્ષણ થાય અને સંવર્ધન થાય તો અર્થતંત્રને લાંબે ગાળે ઘણો જ ફાયદો થાય તેમ છે. જમીન દ્વારા તો ખનિજ ઉપરાંત મીઠું- કૃષિ પાક અને ફળફળાદી- શાકભાજી આ તમામનું ઉત્પાદન થાય છે.

જમીનમાં વાવેલો એક દાણો ૧૦૦ દાણાની નીપજ આપે છે. આવી કુદરતી શક્તિ માત્ર જમીન જ ધરાવી શકે છે, પરંતુ જમીનની હાલત શું છે? સારી અને ફળદ્રુપ જમીનને પ્રતિવર્ષ પવન- પૂર- વરસાદ અને બેદરકારીને લીધે જે ઘસારો લાગે છે તે પૂરવા તરફ કે અટકાવવા તરફ કોઈનું ધ્યાન છે ખરું? નદીકાંઠા વિસ્તારમાં પ્રતિવર્ષે પૂરને કારણે કિંમતી જમીનને ભારે નુકસાન થઈ રહ્યું છે.

નદીઓના પૂરને કારણે કાંઠા વિસ્તારના ખેતરોની જમીનને ઘસારો લાગે છે. પ્રતિવર્ષ પ્રત્યેક મોટી નદીઓમાં પૂર આવે છે. આ પૂરના પાણીને નહેરો મારફતે દૂર દૂરના વિસ્તારમાં લઈ જવાની કામગીરી પ્રતિ ઉદાસીનતા સેવવામાં આવી રહી છે. એટલું જ નહીં કોઈનામાં તે પ્રતિ ગંભીરતા પણ દેખાતી નથી.

કચ્છ સૌરાષ્ટ્ર વિસ્તારમાં સમુદ્ર કાંઠાળ જમીનમાં ખારું પાણી આગળ વધી રહ્યું છે.

જમીનની ફળદ્રુપતાનો નાશ કરે છે, પરંતુ જો વિશાળ પાયે નાળિયેરનો ઉછેર થાય તો એક નહીં અનેક ફાયદા થાય તેમ છે. જેમ કે પવન રોકાય, પાણી આગળ વધતું અટકે અને જમીનની સાચવણી થાય. રોજગારીનું પણ સર્જન થઈ શકે છે. આ કાર્ય માટે સ્વૈચ્છિક સંસ્થાઓ દ્વારા જ યોગદાન અપાય તે અનિવાર્ય છે.

રેતાળ- ખડકાળ અને પર્વતાળ જમીન તદ્દન નિર્જન પડેલી છે. આવી જમીનમાં ભાગ્યે જ કોઈ તણખલું ઉગે છે. ઈઝરાયેલને સૂકીભઠ જમીન વારસામાં મળી હતી, પરંતુ આજે આવી જમીનને સમથળ કરીને ત્યાં અનેક જાતના પાક લેવાય છે. જે કે ટમેટાનો હેક્ટર દીઠ પાક સમગ્ર વિશ્વમાં સૌથી વધુ ઈઝરાયેલમાં થાય છે.

જમીનનું સંવર્ધન અને નવસર્જન કરવાની પ્રક્રિયા એ સતત ચાલતી પ્રક્રિયા છે. જમીન એ નિર્જીવ બાબત નથી, પરંતુ સક્રિય અને સજીવ છે. ધરતીને માતા તરીકે ગણવામાં આવે છે. સૌરાષ્ટ્રના ઘણા ક્ષત્રિય કુટુંબો કે જેઓ મૂલ્યો અને પરંપરાના આદર્શમાં માને છે તે કદી જમીનનું વેચાણ કરતા નથી. ધરતીને માતા ગણનારા લોકો કદી પણ જમીનનું વેચાણ કરતા નથી.

કરોડો હેક્ટર જમીન તદ્દન બિનઉપજાઉ પડેલી છે- તેને વ્યવસ્થિત કરીને, સમથળ કરીને ઉત્પાદકીય બનાવીને કૃષિ ઉત્પાદન- ફળફળાદી કે આયુર્વેદિક મૂલ્ય ધરાવતા ઔષધો ઉગાડવાના ઉપયોગમાં લેવામાં આવે તો કરોડો લોકોને રોજગારી આપી શકાય તેમ છે. આ જમીન કોઈને માલિકી હક્ક આપ્યા વગર જ માત્ર ઉપજ આપે તે હેતુથી જ ફાળવવી જોઈએ.

કોઈ બાહ્ય મદદ વગર જ જંગી મૂડીરોકાણ વગર કરોડો લોકોને રોજગારી આપવા આવી કોઈક યોજના અનિવાર્ય બની છે. કાશ્મીરથી કન્યાકુમારી અને દ્વારકાથી છેક પુરી અને કામરૂપ પ્રદેશ સુધી કરોડો હેક્ટર જમીન બિનઉત્પાદક પડેલી છે. દરેક વિસ્તાર અને પ્રાંતને અનુરૂપ વૃક્ષો પણ ત્યાં ઉછેરવા જોઈએ અને તે રીતે જમીનનું સંવર્ધન પણ કરવું જોઈએ.

કૃષિની જમીનનું રૂપાંતર શહેરી વિસ્તારના રહેણાક અને ઔદ્યોગિકીકરણના હેતુઓ માટે થઈ રહ્યું છે તેના ભયસ્થાન ઘણા છે. દક્ષિણ ગુજરાતના મહત્ત્વના જિલ્લામાં ઔદ્યોગિકીકરણને કારણે કૃષિની કિંમતી જમીન ફાળવી દેવામાં આવી અને હવે તેના પરિણામ સ્પષ્ટ રીતે જોવામાં આવી રહ્યા છે.

વાપી- વલસાડ- ભરૂચ- અંકલેશ્વર- વડોદરા અને સુરત સુધીની જમીન અને ત્યાં થતી અસર અંગે કદી વૈજ્ઞાનિક અભ્યાસ કરવામાં આવ્યો છે ખરો? પાણી અને જમીન પર ઓદ્યોગિક એકમો દ્વારા જે અસર થઈ છે તે અંગે પણ સમાજમાં જાગૃતિનો અભાવ દેખાય છે.

જમીન એ વેચાણની ચીજ છે ખરી? ઈઝરાયેલમાં જમીન અને પાણી એ બન્ને કુદરતી ચીજ રાષ્ટ્રની મિલકત ગણાય છે. ભારતમાં જમીન મહેસૂલના કાયદા- તેમ જ જમીન ટોચમર્યાદા ધારો જેવા શહેરી કાનૂન બનાવીને ભ્રષ્ટાચારને સત્તાવાર રીતે પ્રોત્સાહન મળે તેવું કાર્ય કરવામાં આવ્યું છે.

ભારતીય રાજ- રજવાડાઓ દ્વારા ખેતીવાડીની જમીન પર મહેસૂલ ઉઘરાવવામાં આવતું હતું પરંતુ તે ખૂબ જ

# અર્થજગત

■ ડૉ. કિશોર પી. દવે

વાજબી દરથી હતું. બ્રિટિશ ઈસ્ટ ઈન્ડિયા કંપનીએ જમીન મહેસૂલને આવકનું સાધન ગણીને તેના પર જ ધ્યાન કેન્દ્રીત કર્યું હતું. ત્યાર પછીના શાસકોએ જમીનનું વ્યાપારીકરણ થાય તેવી જ કામગીરી કરી.

શહેરોમાં તો જમીનના માફિયાઓનો એક વર્ગ ઊભો થયો છે. આવી જ રીતે ગ્રામીણ વિસ્તારમાં પણ જમીન એ તકરારનું કારણ બનવા લાગી. આમ જમીન એ વર્ગવિગ્રહનો મુદો બની ચૂકી છે તેવે વખતે હજુ સમય છે કે જમીનને સમાજની માલિકીની ગણી તેના પર સમાધાનકારી રીતે વિચાર કરવો રહ્યો.

જમીન એ સામાન્ય વ્યક્તિ માટે આવક ઊભી કરનાર બાબત નથી, પરંતુ તેના જીવન- નિર્વાહનું સાધન છે. વેપાર- ઉદ્યોગ- કૃષિ- રહેઠાણ આમ વિવિધ રીતે જમીન ઉત્પાદનમાં યોગદાન આપે છે. જમીનનું સંરક્ષણ- સંવર્ધન અને વિકાસ એ ટોચની અગ્રતા ધરાવનાર બાબત છે.

જમીનનું સંવર્ધન માત્ર ખેડૂત દ્વારા જ થઈ શકે. ખેડૂતોમાં જળ- જમીન અને પર્યાવરણ એ ત્રણે એકબીજા સાથે સંકળાયેલી બાબત છે. તે અંગે વિસ્તૃત જાણકારી ફેલાવીને જમીનનું સંવર્ધન સારી રીતે થાય તે માટે પ્રયાસ થવો જોઈએ.

જમીનનો ઉત્પાદનના સાધન તરીકે ઉપયોગ થાય તે સામે કોઈ વાંધો નથી, પરંતુ સમાજને તેના ઉત્પાદનના ફળ મળવા જોઈએ. જમીનને ઘસારો લાગે નહીં અને તેના સત્વો જળવાય રહે તેવી કામગીરી માટે વિસ્તૃત પ્રયાસ અનિવાર્ય બની રહ્યા છે.

મુંબઇ સમાચાર
૨૧-૭-૯૬

૧૬ ● મુંબઈ સમાચાર સાપ્તાહિક, તા. ૨૩-૬-૧૯૯૬

# ખેતીની જમીન ઉદ્યોગોને: સામાજિક બોજો વધે છે

ગુજરાત સરકારે તાજેતરમાં એક એવો નિર્ણય લીધો છે કે ખેતીવાડીની જમીન ઉદ્યોગોને આપવા માટે હવે કોઈ મંજૂરીની આવશ્યકતા રહેશે નહીં. મતલબ કે જમીન સીધી જ ઉદ્યોગોને હવેથી વેચાણ થઈ શકશે. ગુજરાતમાં ઔદ્યોગિકરણને વેગ આપવા આવો નિર્ણય લેવામાં આવ્યો છે તેવો દાવો કરવામાં આવ્યો છે.

આ બાબત કંઈક અંશે અધકચરી છે અને લાંબાગાળે રાજયના ખેડૂતોને નુકસાનકર્તા પુરવાર થવાની છે.

સૌ પ્રથમ તો ગુજરાત એ અનાજ - કઠોળ અને કેટલાક ધાન્યમાં સ્વાવલંબી રાજય નથી. મતલબ કે અનાજ અને ધાન્ય પડોશી રાજયના વિસ્તારમાંથી આવે છે.

કૃષિ ઉત્પાદનમાં પોતાની જરૂરિયાત સંતોષી ન શકે તેવા રાજયની નીતિ સૌ પ્રથમ તો અનાજના ઉત્પાદન ક્ષેત્રે પગભર થવાની હોય શકે. અનાજ હશે તો બાકી બધું પછી થઈ રહેશે. તેને બદલે ઉદ્યોગોને ખેતીની જમીન વેચાણ કરવા ખેડૂતોને લલચાવવામાં આવે છે તે યોગ્ય નથી. કંઈક ખોટું થયુ છે તેમ માનવું રહ્યું.

ઔદ્યોગિકરણને કારણે દક્ષિણ ગુજરાતની ફળદ્રુપ અને રસાળ ખેતીની જમીન ઉદ્યોગોને આપવાથી અનેક ગંભીર પ્રશ્નો ઊભા થયા છે. દક્ષિણ ગુજરાત ભૌગોલિક રીતે મુંબઈ સાથે નિકટતા ધરાવતો હોવાથી દેખીતી રીતે વાપી - વલસાડ - ભરૂચ - અંકલેશ્વર - વડોદરા - પટ્ટી ઉદ્યોગોથી ધમધમતી થઈ છે.

પરંતુ આ ઉદ્યોગોથી પર્યાવરણ - પ્રદૂષણના પ્રશ્નો ઊભા થયા છે. તેની સામાજિક કિંમત શું? જે ખેડૂતો પોતાની જમીનના માલિક હતા - બાર મહિને બાવડાની તાકાત અનુસાર રૂા. દોઢ - બે લાખથી માંડીને રૂા. પાંચ લાખ સુધીનું કૃષિ ઉત્પાદન મેળવતા હતા તે ખેડૂતના પુત્રો આજે કારખાનામાં શ્રમજીવી તરીકે કામ કરે છે.

જમીન વેચાણથી રૂપિયા આવ્યા પરંતુ પોતાનો માલિકી હક્ક ગુમાવ્યો અને હવે જીવે ત્યાં સુધી આ રીતે મજૂરી કરતા રહેશે. આ તફાવત કોઈએ નોંધ્યો છે ખરો? માત્ર દક્ષિણ ગુજરાત જ નહીં અન્યત્ર પણ જેમણે જમીન વેચાણ કરી છે તેઓ પેટ ભરીને પસ્તાયા છે.

ખેતીની જમીનમાં ૧૦૦ દાણા નાખવામાં આવે તો જમીન દસ હજાર દાણા પાછા આપે છે. મતલબ કે ધરતીમાતા પ્રતિ વર્ષ વધારો કરીને કંઈક પાછુ આપે છે. જયારે ઉદ્યોગોમાં આવુ બનતું નથી. દક્ષિણ ગુજરાતમાં જે કંઈ ઓદ્યોગિકરણ થયુ છે તેનાથી રોજગારી મળી તેના પ્રમાણમાં બીજા પ્રશ્નો વધુ ઊભા થયા છે.

વળી ઉદ્યોગોમાં મૂડીરોકાણ વધુ પ્રમાણમાં કરવુ પડે છે. આ મૂડી બેન્ક કે નાણાકીય સંસ્થાની હોય છે તેના પર વ્યાજ ભરવું પડે છે. આમ સમગ્ર ચકકર એવું ચાલે છે કે ઉછીની મૂડીએ ઉદ્યોગ કરવા નીકળેલ વ્યકિત જિંદગીભર આ ચકકરમાંથી બહાર આવતી નથી. આ બધી બાબત કોઈના ખ્યાલમાં છે ખરી?

જેહાન દારૂવાલા

વડોદરા - અંકલેશ્વર - વાપી - વલસાડના પર્યાવરણનો કોઈએ અભ્યાસ કર્યો છે ખરો? વડોદરા ગમે ત્યારે બીજુ ભોપાલ બની શકે છે. વાપીમાં ઓદ્યોગિક કચરા અને ઉદ્યોગોના પ્રદૂષિત પાણીને કારણે કૂવાના મીઠા જળ લાલ થઈ ગયા છે અને ખેતીવાડીને નુકસાન થઈ રહ્યું છે.

વલસાડમાં સતત પાંચમા વર્ષે કેરીનો પાક નિષ્ફળ ગયો છે. ગુજરાતમાં કોઈએ તેનું કારણ શોધવા પ્રયાસ કર્યો છે ખરો? વલસાડમાં આંબાના જે બગીચા છે તેના પર વસંત ઋતુ દરમ્યાન મંજરી લાગવી જોઈએ કે જેને તળપદી ભાષામાં આંબે મોર આવ્યા કહેવાય છે.

તે એટલા માટે આવ્યા નહીં કે હવા અને વાતાવરણમાં પ્રદૂષણને કારણે વલસાડમાં આંબાવાડીમાં મોર બેઠા જ નહીં. આથી કેરીનો પાક નિષ્ફળ ગયો છે. ગુજરાત સરકારે આ બધી બાબતોની ઉંડાણથી તપાસ કરવી જોઈએ.

શ્રમલક્ષી ઉદ્યોગો આવતા હોય તો વાંધો નથી પરંતુ આ તો યાંત્રિક અને મૂડીલક્ષી ઉદ્યોગો છે જે નકારાત્મક સામાજિક અભિગમ ધરાવે છે.

એક કેમિકલ ઉદ્યોગમાં રૂા. બે લાખ - ફર્ટીલાઈઝરમાં રૂા. પાંચ લાખ અને સ્ટીલ એકમમાં રૂા. ૧૦ લાખનું મૂડીરોકાણ થાય તો એક વ્યક્તિને રોજગારી મળે છે.

જયારે કૃષિ - પશુપાલન અને કુટીર ઉદ્યોગ કે અંબર ચરખામાં માત્ર રૂા. પાંચ હજારનું મૂડી રોકાણ એક વ્યકિતને રોજગારી આપે છે. એક યુવાનને જો બે ગાય અથવા ભેંસ આપવામાં આવે અને એક એકર જમીન હોય તો તે રૂા. પાંચ જ હજારના રોકાણથી દુગ્ધ વ્યવસાય કરીને પોતાનો ગુજારો કરી શકે છે.

# પાણી વગર સૌરાષ્ટ્રમાંથી મોટા પાયે સ્થળાંતર થશે

પાણી વગર કચ્છ અને સૌરાષ્ટ્રની હાલત ખૂબ જ વિકટ બની રહી છે. સરકારે જાગવા કરતાં પ્રજાએ જાગવાની જરૂર વધુ છે. સૌરાષ્ટ્ર લોકમંચ દ્વારા આ માટે લોક શિક્ષણની કામગીરી થઈ રહી છે તે ખૂબ જ સુંદર અને પ્રેરણાપાત્ર છે.

મહાત્મા ગાંધીજીએ ઠીક જ કહ્યું હતું કે, સાચુ ભારત ગામડામાં છે. દેશનો વિકાસ કરવો હશે, દેશને સુખી અને સમૃદ્ધ કરવો હશે તો ગામડાને બેઠું કરવું જ પડશે, આજે આ વાત કેન્દ્ર અને રાજય સરકાર સ્વીકારતી થઈ ગઈ છે જે સારી વાત છે.

ખેતી સમૃદ્ધ હશે, ખેડૂત પગભર હશે, તો ગામડું બેઠુ થશે, દેશનો વિકાસ ઝડપી બનશે, દેશ સુખ સમૃદ્ધિ તરફ આગળ વધશે. આ માટેનું પાયાનું પરિબળ પાણી છે, જો પાણી હોય તોજ ખેતી સમૃદ્ધ થાય, ખેડૂત પગભર થાય અને ગામડું બેઠુ થાય.

પાણી એજ ગ્રામ વિકાસના ચકની ધરી છે. પાણીમાં એવી શક્તિ છે કે તે ગ્રામ વિકાસના ચકને ઝડપથી ફરતું કરી શકે, પાણીમાં એવી શક્તિ છે કે તે સમગ્ર રાજયની કાયા પલટ કરી શકે. સમગ્ર સમાજની સીકલ બદલાવી શકે. પરંતુ સૌરાષ્ટ્ર - કચ્છ જેવા પ્રદેશમાં પાણી જ નથી, જો પાણી જ ન મેળવી શકીએ તો બાકીની વિકાસની વાતોનો કંઈ અર્થ નથી.

૧૮મી સદીના અંતમાં એક અંગ્રેજ મુસાફરે તેમના 'કાઠીયાવાડ બી ફોર ૨૦૦ યર્સ' નામક પુસ્તકમાં સૌરાષ્ટ્રની સમૃદ્ધિ અંગે લખ્યું છે કે મેં સૌરાષ્ટ્ર જેવી સુંદર ગાયો - ભેંસો જોઈ છે તેવી કોઈ દેશમાં નથી જોઈ. બારે માસ વહેતી નદીઓ, ગીચ જંગલો, વિશ્વવિખ્યાત પશુધન, દૂધ ઘીની નદીઓ, ગામે-ગામ સાધુસંતો શૂરવીરો તથા ખુમારી અને ખાનદાનીવાળા મહેનતકશ માનવીઓની ભૂમિ એટલે એ કાઠિવાડ પ્રદેશ.

પરંતુ આજે જો એ પ્રવાસી સૌરાષ્ટ્રમાંથી પસાર થાય તો કદાચ એમ લખે કે હું એક એવા પ્રદેશમાંથી પસાર થયો હતો કે જેને પશુઓ અને નદીઓનું કબ્રસ્તાન કહી શકાય. જયાં પાણીનો દુષ્કાળ બારેમાસ હોય છે, છતાં તે પ્રશ્ન હલ કરવા મથનારાઓ કરતાં ગંદા, હલકા અને વર્ગવિગ્રહ ફેલાવનારા સત્તાલક્ષી રાજકારણના તમાશાઓની મોજ માણવામાં જ રાચતા માણસો જ વધુ નજરે પડે છે. સર્વ ક્ષેત્રે સદા અગ્રેસર એવા આ પવિત્ર પ્રદેશની પ્રજાનો ભવ્ય ભૂતકાળ હામ અને હીરથી છલકે છે, પરંતુ આજનો સૌરાષ્ટ્રવાસી હતાશા અને નિરાશાનો અંચળો ઓઢીને બેઠો છે, લાચારીના લકવાથી પીડાય છે. આ પરોપકારી પ્રજા આજે પરવશ બની ગઈ છે. દાતા ભિક્ષુક જેવા બની ગયા છે. આમ કેમ? એવો પ્રશ્ન એ પ્રવાસીના મનમાં ઉદ્‌ભવત...

નાનાં મોટાં ૬૨ બંદરો, ૬ એરપોર્ટો અને ૧૧૦૦ કિલોમીટર જેટલો દરિયાકાંઠો ધરાવતા તેમજ વિશાળ સાગર સંપત્તિ, અખૂટ ખનિજ ભંડાર, મહેનતકશ માનવશક્તિ, બુદ્ધિધન અને ભવ્ય ભૂતકાળ પડેલ છે, આ બધું હોવા છતાં સૌરાષ્ટ્રનો વિકાસ કેમ થતો નથી? આ પ્રદેશ વર્ષેદહાડે રૂા. ૧૮ થી ૨૦ હજાર કરોડની ખેતપેદાશો અને સાડા ત્રણથી ચાર હજાર કરોડનું ઓદ્યોગિક ઉત્પાદન કરે છે આ સૌરાષ્ટ્ર પ્રદેશ. દેશના મગફળીના કુલ ઉત્પાદનના ૨૫ ટકા મગફળી ઉત્પન્ન કરે છે.

દેશના કપાસના કુલ ઉત્પાદનના ૧૦ ટકા કપાસ ઉત્પાદન કરે છે તેમજ એરંડાના વિશ્વના કુલ ઉત્પાદનના ૨૦ ટકા એરંડાનું ઉત્પાદન કરે છે.

વિશ્વમાં એરંડાના વેપાર વાયદાનું મુખ્ય અને એકમાત્ર કેન્દ્ર રોસ્ટરડેમ શહેરમાં છે. રોસ્ટરડેમમાં એરંડા વાયદામાં રાજકોટ એરંડાના ભાવ બોલાય છે.

આઝાદી પહેલાં લંડનની શેરબજારમાં ધોરાજીના મગફળી વાયદા બજારની ખાંડીના ભાવ બોલાતા હતા.

ખેતીવાડીની જેમ સૌરાષ્ટ્ર-કચ્છના વેપાર - ઉદ્યોગના વિકાસનો આધાર પાણી પર જ અવલંબે છે. સૌરાષ્ટ્રમાં સુખ-સંપત્તિ અને આનંદ-મજા માટેની અનુભૂતિ વ્યકત કરવા શબ્દપ્રયોગ છે 'લીલા લહેર'. ધરતી લીલી થાય તેની સાથે જ સમૃદ્ધિ, આવક, રોજગારી અને સુખ ખેંચાઈ આવે છે અને ધરતીને લીલી કરવાનું રસાયણ છે 'પાણી'. આ પાણી નામના સંશાધનનો મહત્તમ ઉપયોગ કરીને જ વેપાર - ઉદ્યોગનો વિકાસ શકય બનશે.

સૌરાષ્ટ્રની આપણી આઠ સિમેન્ટ ફેકટરીની ઉત્પાદન ક્ષમતા ૪૩ લાખ ટનની છે. તેમને સિમેન્ટ બનાવવા માટે વર્ષેઅંદાજે ૧ લાખ ૧૦ હજાર એકરફીટ પાણીની જરૂરિયાત પડે. આમ દરેક વસ્તુઓ ઉત્પન્ન કરવામાં પાણી એ પ્રાથમિક અને અનિવાર્ય પ્રવાહી છે. આમ ખેતીવાડીમાં ૬૫ ટકા, પીવા ઘરવપરાશમાં ૧૫ ટકા અને ઉદ્યોગોમાં ૨૦ ટકા જેવું પાણી વપરાય છે. એટલે ખેતીની જેમ ઉદ્યોગ ક્ષેત્રે પણ પાણીની પ્રાપ્યતા જ તેના વિકાસમાં પાયાની બાબત બની રહે છે.

જયારે સૌરાષ્ટ્ર - કચ્છના વિકાસમાં પાણી એ પાયાની બાબત હોય. સૌરાષ્ટ્ર - કચ્છના પાણીના પ્રશ્નને થોડો વિગતે સમજવો જરૂરી બને છે.

સૌરાષ્ટ્ર - કચ્છનું કુલ ક્ષેત્રફળ ૨ કરોડ ૭૧ લાખ ચોરસ એકરનું છે અને સામાન્ય રીતે સરેરાશ ૨૧ ઇંચ વરસાદ પડે છે એ હિસાબે દર ચોમાસે સામાન્ય રીતે ૪ કરોડ ૭૪ લાખ ૨૫ હજાર એકર ફીટ વરસાદી પાણી પડે છે તેમ કહી શકાય. સૌરાષ્ટ્રની ભૂમિ પથરાળ અને ઢાળવાળી હોવાથી ૮૫ ટકા એટલે કે ૪ કરોડ ૩ લાખ ૧૧ એકર ફીટ વરસાદી પાણી દરિયામાં વહી જાય છે અને બાકીના જમીન પર રહેતા પાણીમાંથી માંડ ૫ ટકા જેટલું પાણી દર વર્ષે ભૂગર્ભ જળસંગ્રહમાં કુદરતી રીતે ઊતરતું હશે એવું અંદાજી શકાય. સૌરાષ્ટ્ર - કચ્છમાં ૯૪ ટકા જેવી સિંચાઈ તો કૂવા-બોર દ્વારા ભૂગર્ભ જળ ખેંચીને થાય છે તેમજ પીવા ઘરવપરાશ માટે પણ ભૂગર્ભ જળનો ઉપયોગ કરવો પડે છે.

એક અંદાજ મુજબ દર વર્ષે સૌરાષ્ટ્ર - કચ્છની ૧ કરોડ ૩૬ લાખની પ્રજાની પીવા ઘરવપરાશ વગેરે માટે ૯ લાખ ૩૪ હજાર એકર ફીટ અને ખેતી માટે ૧૬ લાખ ૬૫ હજાર એકર ફીટ પાણી ભૂગર્ભ જળ સ્ટોરેજમાંથી ખેંચીને વપરાય છે તેમજ ઉદ્યોગો માટે પણ ઠીક ઠીક પાણી વપરાશ થાય છે. સૌરાષ્ટ્ર - કચ્છની ભૌગોલિક અને ભૂસ્તરીય રચના એવી છે કે સામાન્ય રીતે દર ચોમાસે કુદરતી રીતે વરસાદી પાણી ૨૪ લાખ એકર ફીટ જેટલું માંડ જમીનમાં ઊતરી ભૂગર્ભ જળ સ્ટોરેજમાં ઉમેરાય છે. કુદરતી રીતે જમીનમાં જેટલું વરસાદી પાણી ઉતરે છે તેના કરતાં જમીનમાંથી બે અઢી લાખ એકર ફીટ પાણી વધુ ખેંચીએ છીએ.

આપણી મનોદશા જ તરસ લાગે ત્યારે કૂવો ખોદવા નીકળવાની છે. ૧૯૭૦થી જ સૌરાષ્ટ્ર - કચ્છની જળ સમસ્યા ઉદ્દભવેલી છે. ૧૯૭૫માં ડો. જી. આર. નામ્બિયાર નામના વૈજ્ઞાનિકે ગુજરાતના જળસ્રોતો અંગે સર્વાંગી અને ઊંડો અભ્યાસ અહેવાલ રજૂ કરેલ તેમજ '૭૫માં કેટલીક સંસ્થાઓએ પણ એવી ચેતવણી આપેલ કે પાણીની બાબતે પુરવઠો અને માગનું સંતુલન જળવાઈ રહે તેવું આયોજન કરવામાં નહિ આવે તો ૨૦૦૦ની સાલ સુધીમાં રાજ્યના અનેક વિસ્તારોમાં ભૂગર્ભ જળનો જથ્થો ખલાસ થઈ જશે. ભૂગર્ભ જળવપરાશને નિયંત્રિત કરવામાં નહિ આવે તો દરિયાના ખારા પાણી ઘુસી જઈ જઈ ખેતીલાયક જમીનો અને ભૂગર્ભ જળસ્રોતોને ન પૂરી શકાય તેવું નુકસાન કરશે.

# પાણી વિના ટળવળતા બનાસકાંઠાનાં ઢોર કોઇપણ વાહનને પાણીનું ટેન્કર માની લઇને દોટ મૂકે છે

*ધર્મેન્દ્ર સિંહ ચાવડા*

સાંતલપુર (બનાસકાંઠા), તા. ૪ : ગામનાં લગભગ અડધો ડઝન સ્ત્રીપુરુષો હાથમાં બાલદીઓ અને માટલાં વગેરે વાસણો લઇને પાદરે આવેલી પાણીની ખાલી ટાંકી પાસે ઊભાં હતાં. સમગ્ર વિસ્તાર સૂકોભઠ્ઠ થઇ ગયેલો હતો અને ધૂળની ડમરીઓ ઊડતી હતી. ઊભેલાં સ્ત્રીપુરુષોનાં મોં પર ડાઘુઓનાં મોં પર હોય એવો વિષાદ છવાયેલો હતો.

જેવું અમારું વાહન પાદરમાં થોભ્યું કે તરત જ આજુબાજુમાંથી કેટલાંક ઢોર દોડતાં આવ્યાં અને પાણીની ટાંકીની બાજુમાં ઊભેલી કેટલીક ભેંસોના ટોળામાં જોડાઇ ગયાં હતાં. એમને કહેવામાં આવ્યું કે આ ઢોર વાહનાના અવાજને ટેન્કરના અવાજ તરીકે ઓળખે છે અને પાણીનું ટેન્કર આવતાં પાણી પીવા મળશે એવી આશાએ દોડી આવે છે.

આ સ્થળની પણ કેટલીક અજબ ખાસિયતો જોવા મળી. કરચલીવાળા ચહેરાવાળાં સ્ત્રીપુરુષો અને મેલાંઘેલાં બાળકો ગંભીરતાથી પાણીની રાહ જોઇને ઊભાં હતા. લગભગ હાડપિંજર જેવાં થઇ ગયેલાં ઢોર આમતેમ ફરતાં હતાં અને ગરમ ગરમ પવન રેતીના મરીથી ગામને ઢાંકી દેતો હતો. આ બધાં તત્ત્વો એક ખૂબ જ સારું પેઇન્ટિંગ બનાવવામાં મદદરૂપ થઇ શકે પણ કમનસીબે એ બધું એક એવી વરવી વાસ્તવિકતાનો એક ભાગ હતું જે કોઇને પણ વ્યથિત કરી મૂકે. કચ્છ જિલ્લાના રાપર તાલુકાના રણથી ઘેરાયેલા નાંદા ગામનું આ ચિત્રણ છે.

માત્ર સાડા ત્રણસોની વસતિવાળા આ ગામના રહેવાસીઓ દરરોજ ટેન્કરની રાહ જોઇને પાદરે ઊભા રહે છે તેમના માટે જીવન ટકાવી રાખવા એકમાત્ર આશા આ ટેન્કર હોય છે જે આવશે જ એવી કોઇ ખાતરી હોતી નથી. સમયની થપાટો ખાઇને રૂક્ષ બની ગયેલા ચહેરાવાળી એક વૃદ્ધ સ્ત્રી પોતાના ગધેડો જોડેલા ગાડા સાથે ટેન્કરની રાહ જોઇને ઊભી છે. તેણે કહ્યું કે હું સવારે આઠ વાગ્યાથી ટેન્કરની રાહ જોઇ રહી છું. છેલ્લી વખત પરમ દિવસે ટેન્કર આવ્યું હતું.

ટેન્કરની રાહમાં ઊભેલી એક છોકરીને પૂછ્યું કે આજે ટેન્કર આવશે તો એણે કહ્યું કે કંઇ કહેવાય નહીં. તેનું નામ પૂછતાં એના મોં પર શરમના શેરડા ઊપસી આવ્યા હતા. છેલ્લે તું ક્યારે નાહી હતી એવું પૂછતાં આ બાળાએ અચકાતાં અચકાતાં કહ્યું કે એકાદ મહિના પહેલાં.

લોકોને આ અનિયમિત ટેન્કર પર વિશ્વાસ નથી. વિરમજી નામના એક પુરુષે કહ્યું કે જો આજ સાંજ સુધીમાં ટેન્કર નહીં આવે તો અમે નવ કિલોમીટર દૂર આવેલા સુખપુર ગામથી પાણી લાવીશું.

અઠવાડિયામાં લગભગ ત્રણથી ચાર વખત સુખપુરથી પાણી લાવવું પડે છે. ગામનાં સ્ત્રીપુરુષો સવારે ચાર વાગ્યે ખભે કાવડ નાખીને સુખપુર જવા ઊપડે છે અને દસ વાગ્યે પાછાં ફરે છે. વિરમજીએ કહ્યું હતું કે મારા ઘરમાં હવે બે લિટર પાણી જ બચ્યું છે. નાનાં બાળકો માટ સુખપુર પાણી લાવવા જવું પડે છે. વિરમજીએ કહ્યું હતું કે અમે મોટેરાં તો તરસ જીરવી જઇએ પણ નાનાં બાળકો તો ન જીરવી શકેને. એટલે જ્યારે બાળકો પાણી માટે રડવા માંડે ત્યારે અમે તેને મનાવવા એક વાટકી પાણી આપીએ છીએ.

ગામના કૂવા સુકાઇ ગયા છે. વીરડીઓનું પાણી પીવાલાયક નથી. તમે વીરડીઓનું પાણી પીશો એવું અમને પૂછવામાં આવ્યું એટલે અમે ગામની બહાર આવેલી વીરડીએ પહોંચ્યા. એક છોકરાએ દોરી બાંધેલા લોટા વડે ડહોળું પાણી કાઢ્યું. અમે એ ચાખ્યું તો ખારું હતું. એ છોકરાએ કહ્યું કે ત્રણ દિવસથી તરસ્યાં અમારાં ઢોર પણ આ પાણી પીતાં નથી.

નાંદાના અઢારમી સદીમાં બંધાયેલા કિલ્લાના અવશેષોની આડમાં મોત સંતાયેલું છે. ગયા મહિને આ ગામનાં એક ડઝન ઢોર તરસને કારણે મરી ગયાં હતાં. દાનુબાઇની ગાય એક દિવસ પહેલાં જ મરી ગયેલી અને વિરમજીની ભેંસ તેના એક અઠવાડિયા પહેલાં મૃત્યુ પામી હતી.

સમકાલીન
તા. ૫-૬-૯૬

## સમગ્ર ભારતમાં માત્ર ૮ મીટર પાણીનું સ્તર નીચું ગયું છે જયારે

# ગુજરાતમાં ૩૦ થી ૫૦ મીટર પાણીનું સ્તર નીચે ઉતરી રહ્યું છે : ૨૦૦૦માં પાણી નહીં મળે !

અમદાવાદ,

દેશના સૌથી મોટા અને વિકસિત શહેરોમાં સાતમું સ્થાન ધરાવતા અમદાવાદમાં ગણત્રીના વર્ષો પછી પીવાના તથા અન્ય ઉપયોગ માટે પાણીની ગંભીર કટોકટી સર્જાશે તેવી આગાહી વૈજ્ઞાનિકો દ્વારા કરવામાં આવી રહી છે. જે ઝડપે પાણીના સ્તર શહેરમાં નીચે જઈ રહ્યા છે તેની સરખામણીમાં તેના આયોજનનું કાર્ય લેશમાત્ર ગંભીરતાથી લેવામાં આવી રહ્યુ નથી.

૧૯૦ ચોરસ કિલોમીટરથી થોડા વધુ વિસ્તારમાં પ્રસરેલા અમદાવાદની પ્રજા આજે પણ પાણીની તંગીનો અનુભવ અનેકવાર કરી ચુકી છે. શહેરની પાણીની કુલ જરૂરીયાતનો ૬૦ ટકા હિસ્સો ગ્રાઉન્ડ વોટર એટલે કે ભૂગર્ભ જળની મદદથી સંતોષવામાં આવે છે. વળી સતત વધતી જતી વસ્તી, ઔદ્યોગિક વિકાસ, આસપાસના ગ્રામ્ય વિસ્તારોમાં વધેલી સિંચાઈની સુવિધા તથા વારંવાર ઉભી થતી દુષ્કાળની પરિસ્થિતિને કારણે અમદાવાદમાં પાણીના તળ ભયજનક રીતે પ્રતિ વર્ષ ૨ થી ૩ મીટર એટલે કે ૮ થી ૧૦ ફૂટ નીચે જઈ રહ્યા છે.

સમગ્ર દેશમાં પાણીના સતત નીચે જઈ રહેલા તળે ચિંતાનું વાતાવરણ પેદા કર્યું છે. સેન્ટ્રલ ગ્રાઉન્ડ વોટર બોર્ડ દ્વારા સુપ્રિમ કોર્ટમાં રજુ કરેલો અહેવાલ જણાવે છે કે ભારતભરમાં લગભગ દરેક પ્રદેશમાં પાણીનું સ્તર ૧૯૮૩ થી ૧૯૯૫ની વચ્ચે ૮ મીટર જેટલું નીચું ગયું છે.

પરંતુ અમદાવાદ અને ગુજરાતની સ્થિતિ તો તેનાથી પણ વધુ ચિંતાજનક છે. અમદાવાદ તથા મહેસાણામાં તો પાણીનું સ્તર ૩૦ થી ૫૦ મીટર જેટલું નીચે ગયું છે.

એક સર્વે દ્વારા પ્રાપ્ત વિગતો અનુસાર પશ્ચિમ અમદાવાદ એટલે કે નદીના પશ્ચિમ વિસ્તારમાં ૧૯૮૫માં ૪૦ મીટરની ઉંડાઈએ પાણી મળતું હતું જયાં આજે ૧૦૦ થી ૧૧૦ મીટરની ઊંડાઈએ પાણી મળી રહ્યું છે. જયારે પાણીના હાલના વપરાશ તથા સોસાયટીઓ દ્વારા આડેધડ રીતે બોર કરીને ખેંચાતા પાણીને કારણે ૨૦૦૦ની સાલમાં પાણી ૧૫૦ થી ૧૬૦ મીટરની ઉંડાઈએ પહોંચી જશે.

મધ્ય અમદાવાદ એટલે કે કોટ વિસ્તારની સ્થિતિ તો આનાથી પણ ગંભીર છે. આ વિસ્તારમાં તો આજે ૧૨૦ થી ૧૩૦ મીટરની ઉંડાઈ સુધી જઈએ ત્યારે માંડ સારા જથ્થામાં પાણી પ્રાપ્ત થાય છે.

અમદાવાદમાં આવેલી ફીઝીકલ રીસર્ચ લેબોરેટરીના વોટર સાયન્સના વિભાગમાં છેલ્લાં ૨૩ વર્ષથી આ અંગે સંશોધન કરવામાં આવી રહ્યું છે. પી. આર. એલ.ના વૈજ્ઞાનિકોએ કેટલાક ઉપાયો પણ શોધી કાઢ્યા છે. પરંતુ તેને અમલમાં મુકવા તથા સફળ બનાવવા અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન તેમજ શહેરની જનતા સમગ્ર પ્રશ્નની ગંભીરતાને સમજીને આવતી પેઢીના હિતમાં આ અંગે સક્રિય રીતે વિચારવું જોઈએ.

પી.આર.એલ.ના વોટર મેનેજમેન્ટના નિષ્ણાત વૈજ્ઞાનિક શ્રી સુશિલ ગુપ્તાનું કહેવું છે કે પાણીનો વપરાશ અને 'ક્વોલીટી ઓફ લાઈફ' પરસ્પર સંકળાયેલા છે. સારૂં જીવન જીવવા માટે પુરતા પ્રમાણમાં પાણી વાપરવું જ પડે. આથી પાણીનો વપરાશ ઘટાડો તેવી સલાહ આપી શકાય નહીં. એટલું જરૂર કહી શકાય કે પાણીનો બગાડ ઘટાડો.

તે કહે છે કે પાણીના પ્રશ્નને ઉકેલવાનો સાચો વિકલ્પ ભૂગર્ભ જળને રી-ચાર્જ કરવાનો તેમજ 'વેસ્ટ-વોટર' એટલે કે વપરાયેલા પાણીનો પુનઃ ઉપયોગ કરવાનો છે.

મોટા ડેમ બાંધવાથી પાણી મળશે તે વાત સાચી. પરંતુ તેનાથી પાણીની બધી સમસ્યાઓ નિવારી શકાય તેમ નથી. કારણ કે એક તો ડેમમાં પાણીના સ્ટોરેજની ક્ષમતા મર્યાદીત છે. વળી બીજું તેમાં પાણીની આવક વરસાદ પર આધારીત છે અને ગુજરાતમાં વરસાદ ખૂબ જ અનિયમિત છે. એટલું જ નહીં પરંતુ નર્મદામાંથી અમદાવાદને પાણી મળે તો એનો અર્થ એ છે તે અન્ય કોઈ વિસ્તારને તો તેટલું ઓછું પાણી જ મળશે. આમ સાચો વિકલ્પ અમદાવાદના પાણીના સ્તરને પુનઃ ઉંચુ લાવવાનો જ બની રહેશે.

પોતાના અભ્યાસ અને સંશોધનને આધારે શ્રી ગુપ્તા કહે છે કે ગુજરાત અને અમદાવાદમાં વરસાદની 'પેટર્ન' થોડીક વિચિત્ર છે. દર વર્ષે અહીં ૫ થી ૬ તબક્કામાં વરસાદ પડે છે. આ પેટર્ન અનેક મુશ્કેલીઓ સર્જે છે. તબક્કામાં પડતા વરસાદને કારણે દુષ્કાળની સ્થિતિ રહે છે, અને જયારે વરસાદનો તબક્કો ચાલુ હોય ત્યારે એટલો બધો વરસાદ પડે છે કે તે પાણીનો સંગ્રહ થઈ શકતો નથી અને તે દરિયામાં વહી જાય છે. ડેમ પણ આ પાણીનો સંગ્રહ કરી શકતો નથી. કારણ કે આપણા ડેમની પાણીના સંગ્રહની શક્તિ તેના કેચમેન્ટ વિસ્તારમાં પડતા વરસાદના ૧/૩ ભાગ જેટલી છે. આથી વધારાનું પાણી તો દરીયામાં જ વહી જાય છે.

શ્રી ગુપ્તા કહે છે કે ડેમ મોટે ભાગે પર્વતીય વિસ્તારમાં બંધાય છે એને ત્યાંથી પાણી કેનાલ વાટે પ્રજા સુધી પહોંચાડવું પડે છે. આને બદલે જ્યાં વસ્તી છે તે જ વિસ્તારમાં પાણી મળી રહે તેવું આયોજન આજે ખુબ જ જરૂરી છે. આ માટે બે સોર્સ છે. (૧) વરસાદ પણ તેની સીઝન માંડ ૩ મહીનાની છે અને અમદાવાદમાં માંડ ૧૦ થી ૧૫ દિવસ જ સારો કહી શકાય તેવો વરસાદ પડે છે. (૨) બીજો મોટો સોર્સ છે વેસ્ટ વોટર. અમદાવાદમાં આજે આપણે ૧૫૦ મીલીયન ક્યુબિક મીટર વેસ્ટ વોટર ઉત્પન્ન કરીએ છીએ. પાણીનો આ જથ્થો ખુબ મોટો છે અને તે વર્ષના ૩૬૫ દિવસ ઉપલબ્ધ છે. કારણ કે રોજે-રોજના વપરાશમાંથી જ વેસ્ટ વોટર મળી શકે છે.

વળી આજે આ વપરાયેલા પાણીની કોઈને જરૂર નથી. પરિણામે તે ડ્રેનેજ મારફતે નદીમાં વહી જાય છે અને વેડફાઈ જાય છે એટલું જ નહીં પરંતુ પ્રદુષણ પણ પેદા કરે છે.

પ્રોફેસર સુસિલ ગુપ્તાનું કહેવું છે કે આ પાણીને ખુબ સરળ અને સામાન્ય ટ્રીટમેન્ટ આપીને અન્ડર ગ્રાઉન્ડ કરી દેવામાં આવે એટલે કે ભુગર્ભ જળમાં ઉતારી દેવામાં આવે તો પાણીના પ્રશ્ને મોટી રાહત થઈ જાય.

પી.આર.એલ.ના વૈજ્ઞાનિકોએ કેટલીક સરળ પધ્ધતિ શોધી કાઢી છે કે જેને ધારો આપણે જેને વપરાયેલું કે ગંદુ કહીએ છીએ તેવું પાણી જમીનમાં ઉતારી શકાય. તેટલું જ નહીં પરંતુ આ ગંદુ પાણી જ સ્વચ્છ થઈ જાય અને આપણે તેનો ઉપયોગ કરી શકીએ. આ સમગ્ર પદ્ધતિને તેમણે 'અક્ષયધારા' નામ આપ્યું છે.

અક્ષયધારા પ્રોજેક્ટમાં વરસાદી પાણીને પણ ભૂગર્ભમાં ઉતારી દેવાનો ખ્યાલ છે. જેનું કારણ એ છે કે આ પાણી ખુબ જ સ્વચ્છ હોવાથી વેસ્ટ વોટરનું પ્રદુષણ ઘટાડી શકાય.

વૈજ્ઞાનિકો દ્વારા વિકસાવવામાં આવેલી આ પધ્ધતિ અત્યંત સરળ છે. આમાં એક ખાસ પ્રકારનો કુવો બનાવવામાં આવે છે. જેની પાણી સંગ્રહ કરવાની ક્ષમતા બહુ વધારે હોય છે. સાથે સાથે તેમાં પાણીનું જમીનમાં પ્રસાર પણ ખૂબ ઝડપથી થાય છે. આ ખાસ કુવાને 'પરકોલેટીંગ વેલ' કહે છે. કુવામાં જમીનના જીવાણુઓ (માઈક્રોબ્સ)ને 'પાણી શુધ્ધ કરવાની ખૂબ સારી તક મળે છે. કુવાના ઉપરના ભાગમાં એક ખાસ પ્રકારનું પત્થરોનું બનાવેલું ફિલ્ટર બનાવેલું હોય છે. જે જાડા કચરાને ઉપરથી જ રોકી રાખે છે.

આ વેલ સાથે વરસાદી પાણી તથા ઘરના વેસ્ટ વોટરની પાઈપ લાઈન જોડી દેવામાં આવે છે તે કુવાને ઉપરથી ચણી લેવાય છે. ત્યારબાદ જમીનમાંના બેક્ટેરીયા જ ડ્રેનેજના પાણીને શુધ્ધ કરવાનું કામ કરે છે. જેમાં કેટલીક રાસાયણિક પ્રક્રિયા પણ આપમેળે જ થતી હોયછે.

આ વેલથી ૧૦ થી ૧૫ મીટર દૂર ૩૦ થી ૪૦ મીટરની ઉંડાઈ સુધીનો ટ્યુબવેલ બનાવવામાં આવે છે. જેની મદદથી પાણી બહાર ખેંચીને તેનો ઉપયોગ કરી શકાય છે.

પ્રો. ગુપ્તા કહે છે કે જમીન તથા બેક્ટેરીયાને કારણે શુધ્ધ થયેલું આ પાણી એટલું શુધ્ધ હોય છે કે તે પીવા સિવાય ન્હાવા-ધોવા સહિત ઘરવપરાશના તમામ કાર્યો માટે આરામથી વાપરી શકાય છે. આ ઉપરાંત ઔદ્યોગિક વપરાશ, ખેતી વગેરે માટે પણ આ પાણી સંપુર્ણ વાપરવા લાયક હોય છે.

વળી આ પાણીને પુનઃ પર્કોલેટીંગ વેલમાં નાંખીને રી-ચાર્જીંગના ઉપયોગમાં લઈ શકાય છે.

આપણા ઘરમાં ટોઈલેટ સિવાયનું કપડા-વાસણ ધોવાના કે તેના જેવા અન્ય કામમાંથી નીકળતા પાણીનું પ્રમાણ ખુબ જ વધુ હોય છે. જેને નોન ટોયલેટ કે ગ્રે વોટર તરીકે ઓળખવામાં આવે છે. જેનું પ્રદુષણ પ્રમાણ ખુબ જ ઓછું હોય છે.

દરેકના ઘરમાં ટોઈલેટની ડ્રેનેજ લાઈન અને અન્ય વપરાશની ડ્રેનેજ લાઈન મૂળ રીતે અલગ જ હોય છે. જે ગટરના [illegible] સ્થળે એક થઈ જાય છે. આથી જરૂરીયાત માત્ર નોન-ટોઈલેટ વેસ્ટ વોટરની પાઈપ લાઈનને પર્કોલેટીંગ વેલ સાથે જોડી દેવાની છે. જો દરેક ઘર આ વ્યવસ્થા ગોઠવે તો લાંબા ગાળે ઘર વપરાશના પાણીનો સમગ્ર પ્રશ્ન ઉકલી જાય અને કોર્પોરેશનની જવાબદારી માત્ર પીવાનું સ્વચ્છ પાણી પુરું પાડવાનું રહે તેટલી હદે આ આયોજન સફળ થઈ શકે તેમ છે એમ પી.આર.એલ.ના નિષ્ણાતો માની રહ્યા છે.

## પી. આર. એલ. દ્વારા વિકસાવાયેલ અક્ષયધારા ટેકનીક : તમારા ઘરમાં નોન ટોઈલેટ વેસ્ટ વૉટરનો વગર ખર્ચે ઉપયોગ થઈ શકે !



ગુ.સ. તા.૧૬-૭-૯૬

# લોકશકિત અને સામાજિક ભકિત વડે થતા પ્રજાકીય કાર્ય

જળ એ જ જીવન છે. અને સમગ્ર સૃષ્ટિના સંચાલનમાં જળનું મહત્ત્વ જેટલું આજે છે તેટલું જ અગાઉ હતું પરંતુ આજે સમજદારીનો વ્યાપ વધતો જળનું મહત્ત્વ સારી રીતે સમજાયું છે.

સમગ્ર રાષ્ટ્રમાં કચ્છ - સૌરાષ્ટ્ર - ઉત્તર - ગુજરાત સહિતના વિસ્તારો પાણીની તંગી ભોગવી રહ્યા છે. શહેરી વિસ્તાર પણ તેમાં અપવાદ નથી. હવે તો પાણીની તંગીનો વ્યાપ વધ્યો છે અને જે વિસ્તારોમાં બારે મહિના પાણી ઉપલબ્ધ હતું ત્યાં પણ પાણીની તંગી ઊભી થઈ છે.

સામાજિક કાર્ય એ જ ભકિત છે તેવા સંદેશા સાથે સ્વાધ્યાય પરિવાર દ્વારા ગયા વર્ષે સૌરાષ્ટ્રમાં ૩૦૦ જેટલા ગ્રામીણ તળાવોને ઊંડા કરવાની તેમજ તેમાંથી કાંપ - કચરો દૂર કરવાની કામગીરી પૂજ્ય પાંડુરંગ શાસ્ત્રીની પ્રેરણા હેઠળ થઈ હતી. આ વર્ષે પણ મે - જુન મહિના દરમિયાન પણ પ્રમાણમાં મોટા તળાવોનો કાંપ દૂર કરવા કાર્યવાહી ચાલું છે.

ગોંડલનું વેરી તળાવ કે જેનું બાંધકામ ૬૫ વર્ષે પહેલા થયું હતું. ત્રીસ ફૂટ કાંપ ભરાયો છે તે કાંપ દૂર કરવા ભગીરથ કાર્ય સ્વાધ્યાય પરિવારના સાથ સહકારમાં શરૂ કરવામાં આવ્યું છે. આશ્ચર્યની વાત એ છે ૨૦૦ જેટલા એસ. આર. પી. ના જવાનો પણ આ શ્રમયજ્ઞમાં જોડાયા છે.

આ તળાવ મોટું છે અને તેમાંથી કાંપ દૂર થતાં પાણીનો વધુ પ્રમાણમાં સંગ્રહ થઈ શકશે કારણ કે હાલમાં તો કાંપને કારણે માત્ર ચારપાંચ ફૂટ જ પાણી ભરાય છે.

આવી જ રીતે જુનાગઢની મજેવડી નજીક ધાંડા - સીમડી ગામે પણ ૧૫૦ વ્યકિત દ્વારા તળાવને ઊંડુ કરવાનું કાર્ય ચાલું છે.

આવા તો અનેક સ્થળે સ્વૈચ્છિક શ્રમયજ્ઞ ચાલી રહ્યા છે. કોઈ ફંડફાળો નહીં - કોઈ પૈસાની વાત નહીં - બિલ કે વાઉચર નહીં માત્ર ઘરનું ટીફીન તેમજ ગોઠના પૈસા થોડા ખર્ચીને સુખી કુટુંબના સભ્યો દ્વારા નિર્મળ - નીર યોજનાને સાકાર કરવા જે રીતે કાર્ય થાય છે તે કલ્પનાતીત છે.

વિવિધ સ્થળે યોજાતા આ પ્રકારના શ્રમયજ્ઞની વિશિષ્ટતા એ છે કે કોઈ સ્થળે સાંજના ૪ થી મધરાત સુધી કામ ચાલે છે તો કોઈક સ્થળે સાંજે ૬ થી ૧૦ વાગ્યા સુધી ખોદકામ ચાલે છે. માટી - કાંપ કાઢીને જો ગામેગામ કુવાઓ ઊંડા કરવાનું - જળાશયોના પૂરાણ દૂર કરવાનું અને નદીઓને ઊંડી કરવાનું કાર્ય થશે તો જ પાણીની તંગી દૂર થવાની છે.

તાજેતરમાં ગુજરાતના જળસંપત્તિ વિભાગના મંત્રી શ્રી પુરુષોત્તમ રૂપાલાએ પણ ''અમરેલી જિલ્લા વિકાસ પરિસંવાદ''માં મુંબઈ ખાતે સ્વાધ્યાય પરિવારની આ પ્રવૃત્તિને જાહેરમાં બિરદાવી હતી. આવા જ કાર્ય સરકારી તંત્ર મારફતે થાય સૌ લાખો રૂપિયાનો ખર્ચ થયા પછી પણ સંતોષ થાય તેવું હોતું નથી.

બેટ દ્વારકા ખાતે આઠ જેટલા કુવાઓમાં કાંપ દૂર કરવામાં આવ્યો નહીં હોવા છતાં બિલ વાઉચર બન્યા હતા!! આ અંગે તપાસ કરવામાં આવતા ખુદ એક સરકારી એજન્સી બોગસ કામમાં સંડોવાયેલી હોવાનું બહાર આવ્યું છે!! ભગવાન શ્રી કૃષ્ણની કર્મભૂમિને પણ ભ્રષ્ટાચારીઓએ છોડી નથી!!

એક વાત નિશ્ચિત છે કે હવે પ્રજાકીય સંગઠનોને જ પ્રજાએ પ્રાધાન્ય આપવું પડશે તે સિવાય કોઈ જ વિકલ્પ નથી. પાણી - પર્યાવરણ વગેરેની કામગીરીમાં પ્રજા જોડાતી થાય અને વધુમાં વધુ યોગદાન આપે તેવી નીતિ સરકારી તંત્ર અપનાવે તો જ બચી શકાય તેમ છે.

સમાજના એવા કેટલાય પ્રશ્નો અને સમસ્યા છે કે જેમાં માત્ર ચર્ચા, આક્ષેપબાજી અને વિતંડાવાદ સિવાય કશું જ નથી. શું કરવું જોઈએ તેની વિચારણા કરવાને બદલે કોણે શા માટે તેમ ન કર્યું તેની ચર્ચામાં જ સમય અને શકિત વેડફાઈ જતા હોય છે.

તેને બદલે ભાવ-ગીતો ગાતાં મૂક સેવાભાવી કાર્યકરોની શકિતને યોગ્ય અને રચનાત્મક માર્ગે વાળવામાં આવે તો અનેક પ્રશ્નો આપોઆપ જ ઉકેલાઈ જાય તેમ છે.

સૌરાષ્ટ્રમાં આવા અનેક સ્થળે કાર્ય ચાલી રહ્યા છે અને ખુદ ગુજરાત સરકારે પણ તેની નોંધ લીધી છે.

સમાજ સમૂહથી સોહામણો દેખાય છે. સમૂહ શિસ્તબદ્ધ અને તાલબદ્ધ કાર્ય કરે તો નક્કર પરિણામ જરૂરથી આવી શકે છે તે વાતને કોઈ જ પુરાવાની જરૂર નથી.

# વોટર મેનેજમેન્ટ અને જળ સંચય જનજાગૃતિ યાત્રા

ચોમાસુ ચાલી રહ્યું છે ત્યારે જ પ્રજામાં જાગૃતિ આવે તેમજ સમજદારી વિકસે તે માટે ૧૦ દિવસની ''જળ સંચય જનજાગૃતિ યાત્રા''નું આયોજન કરવામાં આવ્યું છે. આ યાત્રા સૌરાષ્ટ્રના ૧૦૦ જેટલા કેન્દ્ર અને છ જિલ્લાને આવરી લેનાર છે તેમજ ૩ હજાર કિ. મી. ના પ્રવાસ દરમ્યાન ઠેર - ઠેર પ્રચાર કાર્ય થનાર છે.

સ્થાનિક સંસ્થાઓ, સહકારી મંડળી અને પ્રજાજનો દ્વારા જળસંચય માટે છેલ્લા પાંચ વર્ષમાં સારી એવી કામગીરી થઈ છે. આ વર્ષે ગુજરાતમાં તો વરસાદ સારો થઈ રહ્યો છે. વાવ - કૂવા અને જળાશયો છલકાઈ રહ્યા છે. વધારાનું પાણી જમીનમાં ઉતરશે તો ગમે ત્યારે કામ લાગશે તેવી સમજદારી હવે વધી છે.

સૌરાષ્ટ્રની જમીન અગ્નિકૃત ખડકોની બનેલી છે. પાણી જમીનમાં ઉતરતા વાર લાગે છે. પાણી જમીનમાં ઉતરે તો જ તે અન્ય કોઈને પણ કામ લાગે તેમ છે. કૂવાઓને રિચાર્જ કરવા, ખેત તલાવડી બનાવવી અને નાના તળાવોમાં સાફસુફી કરીને કાંપ દૂર કરવાની વ્યાપક પ્રવૃત્તિ છેલ્લા પાંચેક વર્ષમાં થઈ છે.

સૌરાષ્ટ્રમાં નદીઓ અને તળાવોનું પ્રમાણ ઘણુ છે. પરંતુ મોટા ભાગની નદી છીછરી થઈ ગઈ છે અને તળાવો કાંપથી ભરાયેલા છે. રાજ-રજવાડાના પ્રત્યેક નગરમાં તળાવ છે. આ તળાવની હાલત સુધારવાની જરૂર છે. કૃષિ ઉત્પાદન વધારવા પાણી એ અનિવાર્ય ચીજ છે.

ખેડુતો અને ગ્રામિણ પ્રજામાં જળસંચય માટેની જાગૃતિ વ્યાપક આવી છે તેવે વખતે જ્ઞાતિ મંડળો, વેપારી સંસ્થાઓ અને મુંબઈ સ્થિત ચેરીટેબલ ટ્રસ્ટોએ પણ નદી અને જળાશય ઊંડા કરવાની કામગીરીમાં પોતાનું યોગદાન વધારવાની જરૂરત છે.

સારા વર્ષમાં સૌરાષ્ટ્રનું ખેતીવાડીનું ઉત્પાદન રૂા. ૧૦ હજાર કરોડની આસપાસ હોય છે. આ વર્ષે આકાશમાંથી અમૃત વરસી રહ્યું છે અને જો બધું બરોબર રહેશે તો છલકાતા તળાવ - નાળા તલાવડી અને જળાશયો થકી આ ઉત્પાદન રૂા. ૨૦ હજાર કરોડને વટાવી જવાની સંભાવના છે. સૌરાષ્ટ્રની પ્રજા પંજાબની સમકક્ષ જ ખેત ઉત્પાદન કરવાની ક્ષમતા ધરાવે છે.

આ વર્ષે પણ અનેક મોટા જળાશય છલકાયા છે અથવા તો છલકાવાની તૈયારીમાં છે. સ્વૈચ્છિક સંસ્થાઓ દ્વારા નેતૃત્વ સબળ હોય તો કેટલા સારા કાર્ય થઈ શકે છે તેનું આ એક દૃષ્ટાંત છે. એક નોંધપાત્ર બાબત એ છે કે ધર્મગુરૂ અને ધાર્મિક સંગઠનો પણ આ જળસંચય કામગીરીમાં સક્રિય બન્યા છે.

રાજય સરકારના માહિતી વિભાગ અને સૌરાષ્ટ્ર લોકમંચના સંયુકત ઉપક્રમે ''જળ સંચય જન જાગૃતિ યાત્રા''નું આયોજન થયું છે તેમાં સરકારી વિભાગ જોડાય છે તે સારી બાબત છે. પ્રજા જે કાર્યમાં યોગદાન આપે તેના પરિણામ હંમેશા સારા જ આવવાના છે

પાણીના અભાવે રાહતકાર્ય શરૂ કરવા પડે અને તેમાંથી ગેરરીતિ થાય તથા પ્રજા ભ્રષ્ટ બને તેવી નકારાત્મક પ્રવૃત્તિને બદલે વોટર મેનેજમેન્ટ ક્ષેત્રે પ્રજા જ સક્રિય બને તેમજ કૃષિ ઉત્પાદન વધે તો ઉદ્યોગો સહિત તમામને ફાયદો થવાનો છે. આટલી વાત દરેકે સમજવી રહી.

આવી જ રીતે પર્યાવરણ સુધારવા માટે વૃક્ષારોપણની કામગીરીમાં પણ પ્રજા અને સ્વૈચ્છિક સંસ્થાઓ વચ્ચે સહકાર સાધવામાં આવે તો ઘણા સારા પરિણામ આવી શકે તેમ છે.

સૌરાષ્ટ્રના સાગરકાંઠે ખારા પાણીને આગળ વધતા અટકાવવા નારિયેળીના વાવેતર માટે વ્યાપક યોજના બનાવવી રહી.

આથી બે ફાયદા થવાના છે. ખારા પાણીને અટકાવી શકાશે તેમજ પવનની ગતિને રોકી શકાશે. પાણી અને પર્યાવરણ જેવી બાબતમાં માત્ર સ્વૈચ્છિક સંસ્થાઓ જ નક્કર કાર્ય કરી શકવાની છે. કૃષિ ક્ષેત્ર મજબૂત થશે અને સમૃદ્ધ હશે તો ઉદ્યોગો પણ સારી રીતે કામગીરી કરી શકશે.

મું. સ. ૧-૮-૯૬

# કરદાતા જાગૃત બને અને સંગઠીત થાય તેવી માગ

પછેડી તેવડી સોડ તાણવી તે વ્યવહારમાં અમલી હોય તેવી બાબત છે. વર્તમાન અંદાજપત્રમાં એક રૂપીયે ૨૫ પૈસા દેવા પરનું વ્યાજ ચૂકવવામાં ખર્ચાય જાય છે. આ બાબતથી કર ભરનાર નાગરિકો માહિતગાર છે ખરા?

છેલ્લા કેટલાક સમયથી ખોટી આર્થિક નીતિ અને ખોટા આયોજનને કારણે કર ભરનાર પ્રજાના નાણાંની ધોળે દિવસે લૂંટ થઇ રહી છે. દરેક વિસ્તારમાં રહેતા કરદાતાએ કાન ખોલીને એ વાત સાંભળી લેવાની જરૂર છે કે તેમના નાણાં વડે જ શાસકો તાગડધીન્ના કરે છે.

ભારતની ૮૦ ટકા પ્રજાને મોબાઇલ ફોન કે કલર ટીવી જોઇતા નથી તેમને સુખ - શાંતિથી રહેવા મળે તેમ જ બે સમય ભોજન મળે - સસ્તા દરથી જીવનજરૂરી ચીજવસ્તુ મળે તેવી સગવડ જોઇએ છે. તેને બદલે હાલમાં શું થઇ રહ્યું છે તે દરેકની નજર સમક્ષ છે.

દૂરદર્શનની બીજી ચેનલની કોઇ જ જરૂર નહોતી હાલમાં તો આ ચેનલ પર માત્ર સીનેમાનું મનોરંજન જ દર્શાવવામાં આવે છે. તે છતાં તેની પાછળ રૂા. ૨૫૦૦ કરોડનો ખર્ચ કરી નાખવામાં આવ્યો છે. આટલી રકમ દ્વારા હજારો ગામડામાં પીવાનું પાણી પહોંચી શકયું હોત.

પરંતુ કર ભરનાર વર્ગ તદ્દન શાંત રહે છે. ખુદ તેમને અન્યાય થાય છે તે છતાં પણ વિરોધ દર્શાવતો નથી. જયાં ખોટું થતું હોય ત્યાં તો કંઇક બોલવું જ જોઇએ. વિરોધ કરવો એટલે બળવો કરવાની વાત નથી પરંતુ વ્યાજબી રીતે રજૂઆત કરવાની જ અહીં વાત છે.

કરકસર નામનો શબ્દ તો સરકારી તંત્રમાં અસ્તીત્વ જ ધરાવતો નથી!! દેવું એટલે વિદેશથી જે ટેકનોલોજી - મશીનરી કે આધુનિક ટેલિફોન સાધનો વગેરે આયાત થાય છે તેનો સમાવેશ થાય છે. આ બધી જ ચીજવસ્તુ ભારતમાં બનતી નથી.

દેવું શા માટે થાય છે તે પણ સમજવું જોઇએ. સરકારી ખર્ચાને પહોંચી વળવા બજારમાંથી નાણાં ઉછીના લેવાય છે તે પર વ્યાજ ચૂકવવું પડે છે. જો મૂડી પર વ્યાજની ચુકવણી આર્થિક કારણોસર ચાલુ જ રહે તો રાષ્ટ્ર દેવાદાર બની જાય છે.

હાલમાં દેવુ વધી રહ્યું છે અને રૂપિયાની કિંમત માત્ર ચાર પૈસા થઇ ગઇ છે. તે છતાં કેન્દ્રના નાણામંત્રી તો છાતી ઠોકીને કહે છે કે ભારત વિદેશી કે આંતરિક દેવાની જાળમાં નથી!! સૂરજ સામે ધૂળ ઉડાડવા જેવી આ વાત છે.

પરંતુ જાગવાની જરૂર કરદાતાઓની છે. દરેક વિસ્તારમાં કરદાતા મંડળ દ્વારા સરકાર આવક અને ખર્ચ કઇ રીતે કરે છે, કોની પાસેથી

## ઉઘાડે છોગે

જેહાન દારૂવાલા

કરની આવક કેવી રીતે મેળવે છે અને કયાં ખર્ચ કરે છે તેનું પ્રજાકીય ઓડિટ કરવાનું શરૂ કરે તે સમાજના હિતમાં છે.

ભ્રષ્ટાચાર અને ગેરરીતિ અટકાવવા માટે અન્ય કોઇએ નહીં પરંતુ કરદાતાઓએ સક્રિય બનવાની જરૂર છે. તે સિવાય હાલનું તંત્ર કદી જાગવાનું નથી.

કરદાતાઓ જ ગ્રાહક છે, કરદાતા જ મતદાર છે, કરદાતા જ રાષ્ટ્રનું ઘડતર કરે છે. આથી કોઇપણ રીતે કરદાતાનું મૂલ્ય ઓછું નહીં આંકવું જોઇએ.

કરદાતા પ્રતિ જો ઉપેક્ષા કરવામાં આવે તો તેનો અર્થ એ કે શાસન પોતાના પગ પર ઊભા રહી શકવાની ક્ષમતા ધરાવતું નથી. કરદાતા સંગઠિત બને તો અનેક આર્થિક સમાધાનો સરળ બની શકે તેમ છે.

મું. સ. ૪-૮-૯૬

# કાળાં નાણાં અને કરવેરા

## અર્થજગત

■ ડૉ. કિશોર પી. દવે

**કરવેરા** એ કોઈ પણ રાજ્ય માટે આવકનું મહત્ત્વનું સાધન છે. સંરક્ષણ - શિક્ષણ અને કાયદો વ્યવસ્થા જાળવવા માટે પણ રાજ્યને નાણાંનો ખર્ચ કરવો પડે છે કે જે કર મારફતે જ પ્રાપ્ત થાય છે. તેમ છતાં રાજ્યએ કરવેરા વસૂલ કરવામાં વિવેક જાળવવો પડે છે. પ્રજા પાસેથી અમર્યાદિત રીતે કરવેરા વસૂલ કરવાનો રાજ્યને કોઈ જ અધિકાર નથી.

ચાણક્યના રાજનીતિશાસ્ત્ર સૂત્ર અનુસાર પ્રજાની કુલ આવકના છઠ્ઠા ભાગથી વધુ કરવેરા વસૂલ કરવાનો રાજ્યને અધિકાર નથી. મતલબ કે એક રૂપિયે માત્ર છ પૈસા જ કરવેરા હોવા જોઈએ.

આજે વેચાણવેરો - આવકવેરો - આબકારી જકાત - આયાત જકાત - ઓક્ટ્રોય - એન્ટ્રી ટેક્સ આ તમામનો જો સરવાળો કરવામાં આવે તો તે ઉપરોક્ત દૃષ્ટાંત કરતા અનેકગણો થઈ જાય છે.

કેન્દ્ર સરકારની વર્તમાન નાણાકીય વર્ષની આવક રૂ. ૨,૦૦,૦૦૦ કરોડને વટાવી જવાની શક્યતા છે. બે લાખ કરોડની વાર્ષિક આવક એ ઘણી મોટી રકમ ગણાય. તેમાંથી અનેક પ્રકારના ખર્ચા થાય છે. સરકારી કર્મચારીઓનો પગાર - સંરક્ષણ ખર્ચ - પ્રધાનોના પ્રવાસ - તેમને પૂરી પાડવામાં આવતી સલામતી વગેરે જેવા અનેક ખર્ચનો સમાવેશ થાય છે - તે કરવામાં આવે છે.

આ ખર્ચાનું પ્રમાણ પ્રતિ વર્ષ વધતું જ જાય છે. આથી કરવેરાની રકમ પણ વધારતી જવી પડે છે. પરંતુ તેમ કરવા જતા જે અસમતુલા ઊભી થાય છે તેથી કાળા નાણાનો જન્મ થાય છે. કાળા નાણાં એટલે એવા નાણાં કે જે હિસાબમાં નથી, જેની કોઈ જ નોંધ નથી અને જે બેન્કમાં સીધી રીતે જમા થઈ શકતા નથી.

નાગરિકો કરવેરા પ્રામાણિક રીતે ભરે નહીં ત્યારે જ કાળા નાણાંનું સર્જન થાય છે. પરંતુ કરવેરા માટે એવી વ્યવસ્થા કેમ થતી નથી કે નાગરિકો જ તે સામેથી ભરવા તૈયાર થાય? આવકવેરો - વેચાણવેરો - કે અન્ય કોઈ પણ વેરાની વસૂલાત કરતું તંત્ર ભારોભાર ભ્રષ્ટાચારથી ખદબદે છે અને પ્રજાએ તે સ્વીકારી પણ લીધું છે.

ગુજરાત હોય કે મહારાષ્ટ્ર વેચાણવેરા તંત્રમાં કેટલો ભ્રષ્ટાચાર છે તે વાત હવે કોઈથી અજાણી નથી. ઈરાદાપૂર્વક જ ખોટું અર્થઘટન કરવું - બિનજરૂરી રીતે કરદાતાની પૂછપરછ કરવી - હિસાબો - તેમજ રેકર્ડ મંગાવવું - આવું "બુદ્ધિપૂર્વકની ડાંડાઈ" કરનાર વહીવટીતંત્ર સામે કોઈ જ કાયદો અમલી બન્યો નથી.

કરદાતા દ્વારા આ બધી બાબતો પ્રતિ કોઈ જ અવાજ ઉઠાવાતો નથી, એટલું જ નહીં નારાજગી પણ વ્યક્ત કરવામાં આવતી નથી. વેપારી મંડળો, ટ્રેડ એસોસિયેશન અને ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા કરદાતાની મુશ્કેલી અંગે યોગ્ય - સંતુલિત અને હિંમતભર્યું પ્રતિનિધિત્વ નથી તે એક નકારાત્મક બાબત છે.

કર ભરનાર વ્યક્તિ એ જાણતી જ નથી કે તે સર્વસ્વ છે. કર ભરનાર નાગરિક છે, કર ભરનાર મતદાર છે, કર ભરનાર કરવેરા આપે છે ત્યારે જ શાસન ચાલે છે. મ્યુનિસિપલ કર - આવકવેરો - ઓક્ટ્રોય - એન્ટ્રી ટેક્સ અને પ્રોફેશનલ ટેક્સથી લઈને બીજા અનેક કરવેરા આપણે સૌ કોઈ ભરીએ છીએ.

પરંતુ ભ્રષ્ટાચાર અને કૌભાંડ થાય છે છતાં ક્યાંય કરદાતા તરીકે વિરોધ દર્શાવાય છે ખરો? છેલ્લા પાંચ વર્ષમાં રૂ. ૨૦ હજાર કરોડના કૌભાંડ થયા છે તે તમામમાં છેવટે નાણાં તો કર ભરનાર પ્રજાના છે. આ વાત કેમ ભૂલી જવાય? વળી રકમ નાની નથી - હજારો કરોડ રૂપિયા કેટલા કરદાતાઓ દ્વારા કર ભરાયો હશે ત્યારે તેટલી રકમ બને છે.

પાંચ છ વર્ષ અગાઉ જ્યારે નાણામંત્રી તરીકે શ્રી દંડવતે હતા તે વખતે કાળા નાણાં અંગે એક સેમિનાર યોજવામાં આવ્યો હતો. તેમાં કાળા નાણાંનો ઉપયોગ વિકાસના હેતુ માટે થાય તે અંગે સૂચનો માંગવામાં આવ્યા હતા. તે વખતે પણ વારંવાર થયેલું સૂચન જ કરવામાં આવ્યું હતું કે કરવેરા અને કરવેરાના દરમાં ઘટાડો કરવો જોઈએ તે છતાં તેનો અમલ ભાગ્યે જ ત્યારબાદ પણ થયો છે.

બાદમાં જ્યારે નાણામંત્રી તરીકે ડો. મનમોહનસિંઘ આવ્યા તેમણે વેપારીઓ અને ઉદ્યોગપતિઓને લાભ થાય તેવી રીતે જ કરવેરા માળખું સુધાર્યું પરંતુ નોકરિયાત વર્ગ અને નાના કરદાતાને લાભ થાય તેવું કંઈ જ કર્યું નહીં. આથી પ્રશ્ન એ છે કે ખરેખર નાણામંત્રીઓને પાયાની બાબતો અંગે કોઈ જ્ઞાન કે સમજણ છે ખરી? જો તેમ હોત તો આજે આવકવેરાની મુક્તિ મર્યાદા રૂ. ૭૫ હજારની હોવી જોઈએ.

અવારનવાર સત્તા પલટો થતાં હોદ્દા પર આવેલા નાણામંત્રીઓ દ્વારા પ્રથમ તો કાળા નાણાંમાં વધારો થાય તેવી કામગીરી થાય છે અને બાદમાં છૂટછાટ આપવામાં આવે છે!! જેમ કે કાળા નાણાંનું પ્રમાણ વધે બાદમાં "સ્વૈચ્છિક જાહેરાત" - ઈન્દિરા વિકાસ પત્ર અને બેરર બોન્ડ જેવી યોજના બહાર પાડવામાં આવે છે. પરંતુ આવી યોજનાથી તો જેમની પાસે કાળું નાણું છે તેમને જ ફાયદો થાય છે.

જેમણે કાળા નાણાંનું સર્જન કર્યું નથી તેવા પ્રામાણિક કરદાતાને તેનાથી શું લાભ? વળી, કર ભરનાર વર્ગ જે કર આપે છે તેનો ઉપયોગ કઈ રીતે થાય છે તેનું વિશ્લેષણ યોગ્ય રીતે થતું નથી. ગરીબ - કર ભરનાર નિચોવાઈ જઈને પ્રામાણિકતાથી કર ભરે છે જ્યારે શાસકો દ્વારા ઉડાઉ ખર્ચા અને વિદેશ પ્રવાસ તથા સલામતી પાછળ જ નાણાં ખર્ચ થાય છે.

આ બધા સામે હવે અવાજ ઉઠાવવાનો સમય પાકી ગયો છે. હજુ ૫૦ ટકા વસ્તીને નિયમિત રીતે શુદ્ધ અને આરોગ્યપ્રદ પીવાનું પાણી મળતું નથી ત્યારે કેન્દ્રીય સરકારના પ્રધાનોની સલામતી અને સુરક્ષા પાછળ વાર્ષિક રૂ. ૩૫૦ કરોડનો ખર્ચ થાય છે તે કોઈ પણ રીતે વ્યાજબી નથી. સલામતી ખર્ચા એ સંપૂર્ણપણે બિનઉત્પાદક છે.

કરવેરા ક્ષેત્રે એટલી બધી અવ્યવસ્થા પ્રવર્તી રહી છે કે સામાન્ય નાગરિકને તો તેમાં કશી જ ખબર પડતી નથી. અમુક પ્રકારના વેરા ભરવા માટે તેની જાણકાર વ્યક્તિની અવશ્ય જરૂર પડે છે. એટલું જ નહીં તે કરવેરા વસૂલ કરતી સરકારી કચેરીમાં અજાણી વ્યક્તિ તો પગ મૂકી શકે તેમ નથી. આમ લોકશાહી વ્યવસ્થામાં કર ભરનાર જ સૌથી વધુ અજ્ઞાન હોય છે.

કોમ્પ્ટ્રોલર એન્ડ ઓડિટર જનરલ દ્વારા વારંવાર સરકારની ક્ષતિઓ પ્રતિ ધ્યાન દોરવામાં આવે છે. સરકારી આવક અને ખર્ચાનું ઓડિટ કરનાર કોમ્પ્ટ્રોલર એન્ડ ઓડિટર જનરલ એ તટસ્થ અને સ્વાયત્ત સંસ્થા છે તેના દ્વારા અનેક પ્રકારના અયોગ્ય ખર્ચા સામે વાંધો લેવામાં આવે છે.

પરંતુ તેટલું પૂરતું નથી, પ્રજાએ પણ ચૂંટાયેલા પ્રતિનિધિ ઉપર દબાણ લાવવાની જરૂર છે. એક તરફથી આંતરિક અને વિદેશી દેવું વધી રહ્યું છે તો બીજી તરફ પ્રજા હવે વધુ પ્રમાણમાં કરવેરા ભરવા તૈયાર નથી. આવા સંજોગોમાં હાલમાં જે કરની આવક મળે છે તેનો વ્યાજબી અને કરકસરપૂર્વક ઉપયોગ થાય તેવી ગોઠવણ થવી જોઈએ.

કેરળ જેવા રાજ્યનું આંતરિક દેવું રૂ. ૧૩,૦૦૦ કરોડનું છે અને ભારત પર વિદેશી દેવું રૂ. ૪૦૦,૦૦૦ કરોડનું છે. આવો ક્ષતન દેવાળિયો વહીવટ જ જો ચાલુ રહેશે તો એક દિવસ સમગ્ર તંત્ર જ તૂટી પડવાનું છે. એટલું જ નહીં વ્યવહારમાં પણ ખૂબ જ અવ્યવસ્થા થવાની છે. કેરળ તો એક જ રાજ્ય છે પરંતુ અન્ય રાજ્યોનું દેવું પણ જંગી છે.

આંધ્ર પ્રદેશને પણ રિઝર્વ બેન્કમાંથી ઓવરડ્રાફટ લેવો પડે છે તો પછી પ્રશ્ન એ છે કે રાજ્યો દ્વારા નાણાકીય બાબતોનું કઈ રીતે સંચાલન થાય છે? કોઈ બુદ્ધિ કે આવડત કે વ્યાપારી કુનેહ તેમાં ખરી કે નહીં? નાગરિક તરીકે પણ આ બધી બાબતો પૂછવાનો આપણને સૌને અધિકાર છે અને તેની શરૂઆત થવી જ જોઈએ.

જો વારંવારની ચેતવણી - સુધરવાની તક આપ્યા બાદ પણ પ્રજાની અપેક્ષા અનુસાર વિકાસલક્ષી અને પરિણામલક્ષી કામગીરી આપવામાં રાજ્ય નિષ્ફળ રહે તો કર ભરનાર વર્ગ સંગઠિત થઈને કરવેરા ભરવાનો બહિષ્કાર કરે તો જ વર્તમાન શાસકોની સાન ઠેકાણે આવે તેમ છે.

કરવેરાનો બહિષ્કાર એ મહાત્મા ગાંધીએ આપેલું અહિંસક શસ્ત્ર છે. હાલના શાસકો જે રીતે તાગડધિન્ના કરી રહ્યા છે તેમની પાછળ કરદાતાઓ દ્વારા આપવામાં આવેલા કર પૈકી ઊભી થયેલી સુવિધા છે. જો કર ભરનાર વર્ગ ખોંખારો ખાય તો પણ હાલના શાસકોની નીતિમાં સુધારો થાય તેમ છે.

| મુંબઈ સમાચાર |
|---|
| પાના નંબર : |
| દિનાંક : ૩/૮/૯૬ |

# જાહેર નાણાં અને ઓડિટર

## અર્થ જગત

- ડૉ. કિશોર પી. દવે

જું.સ.૪-૮-૯૬

સરકારી તંત્રમાં અકાર્યક્ષમતા અને બેદરકારીથી કરોડો - અબજો રૂપિયાનું નુકસાન થાય છે. સરકારી વિભાગની કાર્યક્ષમતા માપવા - તેમજ હિસાબની ચોકસાઈ - અધિકૃતતા તપાસવા માટે કોમ્પ્ટ્રોલર એન્ડ ઓડિટર જનરલ દ્વારા ઓડિટ કરવામાં આવે છે. તેમના દ્વારા અવારનવાર ક્ષતિ પ્રતિ ધ્યાન દોરવામાં આવે છે.

અત્રે એ નોંધવું આવશ્યક છે કે રાજ્ય સરકાર, રેલવે અને કેન્દ્ર સરકારના ઓડિટ અને એકાઉન્ટ્સના ધોરણ ઘણા જૂના છે. ઈલેક્ટ્રીસીટી - ખાણ ખનીજ ખોદકામના એકમો અને સ્ટેટ ટ્રાન્સપોર્ટની બસ વગેરે એકમોના હિસાબ વેપારી પદ્ધતિ અનુસાર રાખવામાં આવતા નથી.

જો સરકારી સાહસોના હિસાબ અને ઓડિટ માટેના ધોરણ વેપારી પદ્ધતિ જેવા હોય તો નફો - નુકશાન વધુ સચોટ રીતે જાણવા મળે તેમ છે. હાલમાં તો ખોટ, ઘસારો - મૂડી પરનું વ્યાજ વગેરે એવી રીતે જમા-ઉધાર થાય છે કે, તેમાં એકાઉન્ટ્સના મૂળભૂત સિદ્ધાંત સાથે ચેડાં થયા હોય છે.

રેલવેનો જ દાખલો લેવામાં આવે તો મુંબઈની લોકલ ટ્રેન અને બહારગામની ટ્રેનના અલગ - અલગ હિસાબ રાખવા જોઈએ તેને બદલે તમામ જમા-ઉધાર માત્ર એક જ હેડીંગ હેઠળ થાય છે. જેમ કે ટિકિટભાડાની આવક પછી તે લોકલ ટ્રેનમાંથી કેટલી અને બહારગામની ટ્રેનની આવક કેટલી તે અલગ - અલગ જાણવા મળતી નથી.

બાર મહિને સીધા જ જમા-ઉધાર કરી માહિતી મળતી નથી. આ માત્ર રેલવેનો જ દાખલો છે. આવી જ રીતે ઈલેક્ટ્રીસીટી અને સ્ટેટ ટ્રાન્સપોર્ટની બસ ખોટમાં જતી હોય છે. પરંતુ ક્યા રૂટ પર કેટલી ખોટ ગઈ અને શા માટે ગઈ તે અંગે મૂલ્યાંકન કરવામાં મુશ્કેલી પડે છે.

કોમ્પ્ટ્રોલર એન્ડ ઓડિટર જનરલ તમામ સરકારી આવક - ખર્ચનું ઓડિટ કરે છે. રાજ્યમાં તે હોદ્દો એકાઉન્ટન્ટ જનરલ તરીકે ઓળખાય છે. એ. જી. તરીકે ઓળખાતી આ ઓફીસ દ્વારા એકાઉન્ટ ઓફીસરનો હોદ્દો ધરાવતી વ્યક્તિ સરકારી વિભાગોનું ઓડિટ કરે છે.

પ્રજાના નાણાંના રખેવાળ એ કોમ્પ્ટ્રોલર એન્ડ ઓડિટર જનરલ છે. તેમના દ્વારા પ્રત્યેક આવક અને ખર્ચની ચકાસણી થાય છે. થયેલો ખર્ચ કરવાનો જે તે વ્યક્તિને અધિકાર છે કે નહીં તે પણ તપાસવામાં આવે છે. પરંતુ તેમના દ્વારા આપવામાં આવતા ઓડિટર્સ અહેવાલની ગંભીરતાથી નોંધ લેવામાં આવતી નથી.

૧૯૯૧-૯૪ દરમિયાન રેલવે પાસે વેગનો મોટી સંખ્યામાં નિરર્થક રીતે પડયા રહેવાથી રૂા. ૧૭૪ કરોડની નુકસાની સહન કરવી પડી હતી. જ્યારે રેલવે યાર્ડમાં વેગન પડતર રહેવાથી રૂા. ૪૫૫ કરોડની નુકસાની થઈ હતી.

આમ કઈ રીતે બન્યું? રેલવે પાસે મોટી સંખ્યામાં વેગનો હોય છે તે તુરત જ જ્યાં જરૂરત હોય ત્યાં મોકલી આપવાની તકેદારી કે કાળજી લેવામાં આવતી નહોતી આથી આમ બનવા પામ્યું હતું. રેલવે તંત્રના અધિકારીઓની નજીવી બેકાળજીને કારણે ત્રણ-ચાર વર્ષમાં આ નુકસાની ગઈ હતી.

એક તરફ વેપારીઓની ફરિયાદ છે કે વેગનો મળતા નથી તો બીજી તરફ હજારોની સંખ્યામાં વેગન નિરર્થક રીતે દિવસો સુધી યાર્ડમાં પડયા રહે છે. આવો વિરોધાભાસ માત્ર રેલવેમાં જ નહી અન્ય અનેક સરકારી વિભાગમાં જોવા મળે છે. અકાર્યક્ષમતા એ તો સરકારી તંત્રનો એક હિસ્સો છે.

રેલવે તંત્ર પાસે ૪ લાખ ૬૭ હજાર માલવાહક વેગન છે. રેલવે દ્વારા એવી યોજના અમલમાં મુકવામાં આવી છે કે, જેથી વેપારીઓને તુરત જ વેગન પ્રાપ્ત થાય. મીઠું - સિમેન્ટ - અનાજ વગેરે રેલવે દ્વારા મોકલાય તો જ તે સસ્તા પડે છે. બાકી રોડ ટ્રાન્સપોર્ટ તો ખૂબ જ ખર્ચાળ છે.

આ બધું જાણવા છતાં રેલવેના અધિકારીઓ પોતાની કાર્યક્ષમતા વધારવા કોઈ જ પ્રયાસ કરતા નથી અથવા તો કાર્ય કરવાની પદ્ધતિ જ એવી છે કે, તેમાં કોઈ જ ફરક પડતો નથી. જો રેલવેના અધિકારીઓમાં કાર્યક્ષમતા વધારવાના માપદંડ નક્કી કરવામાં આવે તો જ આ બાબતે કંઈક પરિણામ લાવી શકાય તેમ છે. ઓડિટ અને એકાઉન્ટસની જૂનાવાણી પદ્ધતિ પણ રદી કાર્યપદ્ધતિ માટે જવાબદાર છે!! રેલવેના ક્યા સ્ટેશને કેટલા વેગનો પડેલા છે તે જાણવાની રીત જ વિચિત્ર છે.

આવી જ એકાઉન્ટસ અને ઓડિટની સરકારી પદ્ધતિ ફેરફાર માગે છે. પરંતુ આ દિશામાં ભાગ્યે જ કોઈ વિચારે છે.

રેલવે એ પણ નફો કે નુકસાનને ધોરણે જ ચાલે છે તો પછી હિસાબી પદ્ધતિમાં જ્યારે રેલવેમાં પ્રજાનું અબજો રૂપિયાનું મૂડીરોકાણ છે. લાખો વ્યક્તિને રોજગારી મળે છે ત્યારે રેલવે વિશે જાણકારી મેળવવી તે પણ પ્રજાની ફરજનો ભાગ છે.

ઓડિટ ઓબ્જેકશન લેવામાં આવે છે તે માટે સરકારી તંત્રમાં જવાબદારી જલ્દીથી નક્કી થતી નથી. આ બાબત ખૂબ જ ગંભીર છે. જો માત્ર રેલવેમાં જ અકાર્યક્ષમતા થકી આટલી નુકસાની હોય તો અન્ય વિભાગોમાં શું થતું હશે તે અંગે તો માત્ર કલ્પના જ કરવી રહી.

ઓડિટ એ નાણાંની ખર્ચ કરવાની અધિકૃતતા - યોગ્યતા અને સચોટતા તપાસે છે. લોકસભા દ્વારા જે હેતુ માટે અંદાજપત્રમાં નાણાં ફાળવવામાં આવ્યા છે તેની અધિકૃતતા તપાસીને જ તે ખર્ચ કરવાનો જેમને અધિકાર છે તેના દ્વારા જ ખર્ચ થયો છે કે કેમ તે અંગે તપાસ થાય છે.

કોમ્પ્ટ્રોલર એન્ડ ઓડિટર જનરલ દ્વારા વાર્ષિક રૂા. ૨,૦૦,૦૦૦ કરોડની આવક અને તેટલા જ પ્રમાણમાં ખર્ચ અંગે ઓડિટ થાય છે. ભારતના ૨૪ રાજ્યો દ્વારા તેમજ કેન્દ્રશાસિત પ્રદેશ દ્વારા પણ આવક - જાવક થાય છે તે અંગે પણ ઓડિટર જનરલ દ્વારા જ ઓડિટ થાય છે.

બિનજરૂરી બગાડ અટકાવવો તેમજ કાર્યક્ષમતા વધારીને પ્રજાના નાણાંનો વિકાસલક્ષી હેતુ માટે ઉપયોગ કરવો તેવી સંસ્કૃતિ હજુ વિકસી નથી. સરકારી નાણાં એટલે બગાડ થાય તો પણ વાંધો નહીં - આવી મનોવૃત્તિમાં સરકારી કર્મચારી રાચે છે. પરંતુ તેમને ખ્યાલ નથી કે તે નાણાંમાં તેમનો પણ હિસ્સો હોય છે.


ભારતના લાખો કર ભરનારા દ્વારા જે નાણાં સરકારી તિજોરીમાં જમા કરાવવામાં આવે છે તેમાંથી લશ્કરી ખર્ચા, રેલવે, પ્રધાનો પાછળ થતા ખર્ચ અને સરકારી કર્મચારીઓને પગાર ચૂકવાય છે. આ તમામ નાણાં યોગ્ય અને વળતર મળે તેવા હેતુ જ ખર્ચ થવો જોઈએ.

સરકારી ઓડિટર તો જાહેર નાણાંના રખેવાળ છે. તેમના દ્વારા જે કંઈ ઓડિટ ક્વેરી કાઢવામાં આવે છે તે અંગે ધારાસભ્યો અને સંસદસભ્યોએ પણ ગંભીર બનવાની જરૂર છે નાણાં વેડફાઈ ન જાય તે માટેની સબળી કાર્યવાહી થવી જોઈએ.

જો કોઈપણ નાગરિકને એમ લાગે કે સરકારી ખર્ચ ગુનાહીત બેદરકારી સાથે થઈ રહ્યો છે તો તે અદાલતનો આશ્રય લઈને બાબતને જાહેર હિતમાં અદાલતમાં પડકારી શકે છે. આમ કરવાથી અનેક ખર્ચા અટકી ગયાના દ્રષ્ટાંત છે.

# અજ્ઞાની પંડિતોની અંધતા

ભારતના અર્થતંત્રની દિશાના ઉદારીકરણને, વિકાસના આધુનિક અભિગમને વિશ્વ બૅન્ક અને ઇન્ટરનેશનલ મોનેટરી ફન્ડ જેવી વૈશ્વિક સંસ્થાઓ બિરદાવ્યે જાય છે અને ભારતને પોરસાવતા જાય છે. થોડા સમય પહેલાં એક શહેરી મિત્ર જોડે આ સંદર્ભે વાત થતી હતી ત્યારે તેમણે આ નવી નીતિની સરાહના કરતાં કહ્યું, 'અરે, જુઓને આ નીતિને કારણે કેટલો વિકાસ થઇ રહ્યો છે. આજે અમારે ગાડી ખરીદવી છે તો કેટલી બધી ચોઇસ મળે છે. પીજો, ઓડી, બી. એમ. ડબ્લ્યુ. સિલો...' જે મુગ્ધતા અને પ્રશંસાથી તેઓ આ કહી રહ્યા હતા એ હું સાંભળી રહી હતી. દેશની વસ્તીના માંડ બેથી ત્રણ ટકા વર્ગનો એ પ્રતિનિધિ બોલી રહ્યો હતો પરંતુ બાકીના ૯૮ ટકાને માટે આ 'વિકાસ' એટલે શું ? આ પ્રશ્નની મનનીય છણાવટ સાહિત્યકાર અને કેળવણીકાર મનુભાઇ પંચોળી અને ઇલાબહેન ભટ્ટ જેવી પ્રતિભાઓની કલમે વાંચો.



મોરચાએ પોતાનો લઘુતમ કાર્યક્રમ બહાર પાડ્યો છે. તે બેશક તેમની દૃષ્ટિએ સારો છે પણ મુદ્દાનો સવાલ છે, ૧૦૦ દિવસની રોજગારીની ખાતરી ક્યાંથી સિદ્ધ કરશો ? ઔદ્યોગિક રીતે વિકાસદર ૧૨% જાળવી રાખવાની જાહેરાત પછી આના પૈસા ક્યાંથી કાઢશો ?

વસ્તુતઃ એક બાજુ જે રોજગારી આપી શકે તેમ નથી પણ ઉત્પાદનદર વધારી શકે છે તેવા ઉદ્યોગોને ઉત્તેજન આપવું ને બીજી

## મનુભાઇ પંચોળી

બાજુ ગામડામાં રોજગારી વધારવાની વાત કરવી, તે લોટ ખાવો અને હસવું તેવો વિરોધાત્મક કાર્યક્રમ છે.

આ સરકાર કે કોઇ પણ સરકાર એ નથી સમજતી કે ઓછી વસ્તીવાળા ને બહુ વસ્તીવાળા દેશોમાં અર્થશાસ્ત્ર અલગ જ હોય. જયાં વસતિ નથી કે ઓછી છે ત્યાં યંત્રોદ્યોગ જોઇએ પણ જયાં વસતિ પાર વગરની છે, તે દેશમાં ૧૨% યંત્રવિકાસની વાત ગ્રામ રોજગારી સાથે બંધબેસતી નથી.

ગ્રામ રોજગારીનો અવકાશ નથી તેમ નથી પણ જવાહરલાલના વખતથી એ તરફ ટુકડા ફેંકવા કરતાં વધુ લક્ષ અપાયું નથી. જમીનધોવાણનો પ્રશ્ન લો. બધાં ખેતરો ને પાળાને ઢાળ જોઇએ જ. એ કાર્યક્રમ કેટલાને કામ આપી શકે ? જળસંચયમાં કેટલા રોકાય ? અને કેટલું મોટું વળતર આવે ? વનઉછેર લો. કેટલાને રોકે ? કેટલું મોટું વળતર જમીનધોવાણ રોકવામાં આપે ? ખાંડનાં કારખાનાંને બદલે ખાંડસરી ને ગોળને ઉત્તેજન આપે તો કેટલાં કારખાનાં વધે ? આવા તો બીજા વિચારી શકાય.

જો પરદેશી ઉદ્યોગોની સામે આપણા ઉદ્યોગને રક્ષણ અપાય તો એ જ સિદ્ધાંત પ્રમાણે આપણા મોટા ઉદ્યોગોને અંકુશિત કરી તેવા જ નાના ઉદ્યોગોને ગામડાંમાં કેમ રક્ષણ ન અપાય ? પણ, આવો વિચાર જ કોને આવે છે ?

આમ કરે તો ઉત્પન્ન ઘટી જાય તેવો ભ્રામક પ્રચાર ચલાવાય છે. કારણ કે ચાર-પાંચ લાખ ગામડાંમાં વીજળી છે જ. પણ અમારી દૃષ્ટિએ આવા કાર્યક્રમોમાં પહેલાં અગ્રીમ કાર્યક્રમ બે જ જોઇએ–

એક ; મોંઘવારી ઘટાડવી. લોકોને દૂધ - શાક - રોટી - ખાંડ - ગોળ - તેલ વગેરે સસ્તાં મળવાં જ જોઇએ. તે મળે તેનું નામ વિકાસ.

પે. | ૨૦---૫૨

બે : દરેક માણસને કામ મળવું જ જોઇએ. વનઉછેર - જળસંચય કે જમીનધોવાણ - રોકાણનું કામ આપી શકાય જ.

પણ તો પછી વિકાસનું શું ? આ અજ્ઞાની પંડિતોને બધા માણસોને કામ - અન્ન - આરોગ્ય - આવાસ - આનંદ મળે તે વિકાસ જ નથી લાગતો !

આ અંધતાનું શું? તે તો દિશા બદલાય તો જ બને. બાકી, ગમે તે પણ આવે, બધા વિકાસ એટલે ઔદ્યોગિક વિકાસ જ કહેવાના. ખેતી - ગોપાલનનો વિકાસ તે તો તેમને વિકાસ જ નથી લાગતો. દ્રાખલા તરીકે ગાયોનું દૂધ વધારવા માથા દીઠ કેટલા પૈસા યોજનામાં મૂકે છે ? નગણ્ય. અને આ વિકાસમાં શિક્ષણ - સુધારણાનું તો નામ જ નથી. વાહ ! વાહ ! ધન્ય છે તમને !

'વિકાસ' એ તો વૈશ્વિક સંદર્ભ બન્યો છે. દુનિયાના ભાગ-વિભાગ પાડવામાં એ શબ્દ વપરાય છે. વિકસિત દેશો, વિકાસશીલ દેશો, અણવિકસ્યા દેશો. આ વિભાગીકરણ આર્થિક માપદંડથી કરવામાં આવ્યું છે. વિકસિત દેશોની આર્થિક સ્થિતિ ઊંચી, તેથી તે વિકસિત કહેવાય. અન્ય દેશોએ વિકસિત દેશો જેવા થવાનું (જોકે આપણને કદી થવા ન દે, તે વળી જુદી વાત). આ નંબરવારી પાછળનું ગર્ભિત લૉજીક એ જ કહ્યું છે કે બધાએ

ઇલા ભટ્ટ

તેમના જેવા થવાનુ.

સાથોસાથ એવું માની લેવામાં આવ્યું છે કે ગરીબી અને જીવનધોરણના પ્રશ્નો વિકસિત દેશોના માર્ગે ચાલવાથી ઉકેલાવા લાગશે. તેઓ વિકાસ શાને કહે છે ? મૂળે તો, મોટે પાયે યંત્રીકરણ, ઉદ્યોગીકરણ, મબલક માલસામાન અને સેવાઓનું ઉત્પાદન, લગભગ દરેક પ્રકારની રોજગારી માલિક - મજૂરના સંબંધમાં ફેરવી નાખવી, પ્રાકૃતિક સંપત્તિનો અફાટ અનંત ઉપયોગ, ફુરસદનો અતિરેક, પ્રજાલોકની ચાલુ ફરફર, અંતિભ્રમણ, ફટાફટ યાતાયાત ને સંદેશાવ્યવહાર અને જ્યાં બૌદ્ધિક અને માનસિક કૌશલ્ય રોકડે વેચાતાં હોય– આવું બધું હોય તે વિકાસ કહેવાય. ઉદ્યોગીકરણને લીધે જ આર્થિક વિકાસ થાય છે ને તેમ થવાથી દેશ આધુનિક થઇ ગયો. દેશની પ્રગતિ થઇ ગઇ તેવું આપોઆપ માની લેવામાં આવ્યું છે. વિકાસનો આવો અર્થ કરવાની પ્રક્રિયામાં લોકોનું અવમૂલ્યન થાય છે. માનવમૂલ્ય ઘટતું ને ઘટતું જાય છે. વિકાસ એટલે તો લોકોનો વિકાસ, લોકશક્તિની વૃદ્ધિ, લોકોનું યોગદાન, લોકોનું સ્વાવલંબન, લોકસમાનતા. લોકમાત્ર લાભાર્થી જ નહીં પણ લોકતંત્ર, લોકમાલિક, લોકમૅનેજર પણ પ્રજાના વિકાસ વગર કોઇ રાષ્ટ્ર વિકસી ના શકે.

જન્મભૂમિ, તા. ૧૧-૮-'૯૬

**શુક્રવાર - તા. ૧૨ જુલાઇ, ૧૯૯૬ આષાઢ - ૨૧**

મુંબઇ સમાચાર

# નવી આર્થિક નીતિઃ દેશને માટે ખતરનાક સાબિત થઇ

સંયુક્ત મોરચા સરકારના શાસનમાં પેટ્રોલિયમ ઉત્પાદન પર ભાવ - વધારો જાહેર કરીને કેન્દ્ર સરકારે રૂા. ૧૨ હજાર કરોડ એકત્ર કરી લીધા છે, પરંતુ આટલુ કર્યા પછી હજુ કોલસામાં ભાવ - વધારો તોળાઇ રહ્યો છે અને રેલવે અંદાજપત્ર તથા સામાન્ય અંદાજપત્રમાં પણ બોજો વધે તેવા નિર્દેશ મળી રહ્યા છે.

૧૯૯૧-૯૬ના પાંચ વર્ષના ગાળામાં જેમણે નાણાનીતિ - આયાત નિકાસ અને આર્થિક નીતિનું ઘડતર કર્યું હતું તે ડો. મનમોહનસિંહને સૌથી વધુ ''સફળ'' નાણામંત્રી તરીકે બિરદાવવામાં આવ્યા હતા. પરંતુ પાઘડીનો વળ છેડે આવે છે તેમ હવે એક પછી એક સરકારી આંકડા જ ફરેબ પુરવાર કરી રહ્યા છે.

સરકારી ખર્ચામાં બેફામ વધારો થયો છે. એકપણ સરકારી વિભાગ કરકસર કરવામાં સફળ રહ્યુ નથી. કરકસર કેમ કરવી તે જ તેમને ખબર નથી!! બીજી વાત જ કયાં કરવી? જો હાલના દરથી વિકાસ ચાલુ રાખવો હશે તો આવતા વર્ષે રૂા. ૧,૩૮,૫૦૦ કરોડ રૂપિયાની જરૂર પડશે.

૧૯૯૫-૯૬માં કરવેરાની આવકમાં રૂા. ૧૮ હજાર કરોડનો માતબર વધારો થવા છતાં જો આ હાલત હોય તો હવે આ વહીવટ કેવો ગણવો? આ કઇ જાતની આર્થિક નીતિ અને કઇ જાતનો વિકાસ છે તે સમજાવવાની કોઇનામાં હિંમત છે ખરી?

પશ્ચિમથી આયાત કરવામાં આવેલી ઉદારીકરણની નીતિ દેશને આર્થિક રીતે પાયમાલ કરશે અને શકોરું લઇને વિશ્વમાં ભીખ માંગવા નીકળવું પડશે, તેવી ચેતવણી વારંવાર આપવા છતાં આ આર્થિક નીતિમાં પલટો લાવવા કે તેમાં સુધારો કરવાના કોઇ પ્રયાસ થયા નહીં.

૧૯૯૧-૯૬ વચ્ચે કેન્દ્રના સરકારી નોકરિયાત ૪૦ લાખ ૮૧ હજાર ૮૫૨ માંથી ઘટીને ૩૯ લાખ ૪૩ હજાર ૪૪૪ થયા હતા. પરંતુ પગાર ભથ્થામાં ૬૯ ટકા વધારો થયો હતો કારણ કે મોંઘવારી વધી ગઇ હતી. ૯૦-૯૧ દરમિયાન પગાર પાછળ રૂા. ૧૪,૫૫૮ કરોડ ખર્ચાયા હતા તે ૯૫-૯૬ દરમિયાન રૂા. ૨૪,૬૧૪ કરોડ ખર્ચાયા હતા.

આર્થિક નીતિને કારણે પૈસાદાર થવાની હરીફાઇ ચાલી હતી. આથી કૌભાંડો થયા અને એક પછી એક કૌભાંડમાં પ્રજાના રૂા. ૨૦ હજાર કરોડ બરબાદ થયાનો અંદાજ છે. આટલી રકમ જો સારી અને વ્યાજબી રીતે ખર્ચ કરવામાં આવી હોત તો ભારતના દરેક ગામમાં પીવાનું પાણી આપી શકાયું હોત.

ભારત મૂળભૂત રીતે ગ્રામીણ ક્ષેત્ર આધારિત વેપાર, ઉદ્યોગ - કુટીર ઉદ્યોગ-કૃષિ ધરાવે છે. ત્યાં ટેક્નોલોજીની જરૂર નથી. થોડા ફેરફારો કરીને વ્યવસ્થાતંત્ર અને બજાર યંત્રણા કાર્યક્ષમ બનાવવાની જરૂરત છે. તેને બદલે તેને ટૂથપેસ્ટ - આઇસક્રીમ, મોબાઇલ ફોન અને નુડલ્સના રવાડે ચડાવી દેવાયા છે!!

જે ગ્રામીણ ક્ષેત્રમાં ત્રણથી પાંચ દિવસે ચાર કલાક માટે વિદ્યુત પુરવઠો મળે છ,. ત્યાં આઇસક્રીમ કે ઠંડાપીણાંનું કઇ રીતે વેચાણ થાય? વળી ગ્રામીણ પ્રજા પાસે તેની ખરીદશક્તિ છે ખરી? આવી પાયાની વાત સમજ્યા વગર જ માર્કેટ ઇકોનોમી તરફ ઢળી જવાયું હતું.

હવે જ્યારે બધું જ ખુલ્લુ પડી ગયુ છે તેવે વખતે નવી આર્થિક નીતિને બ્રેક મારીને સ્વદેશી અર્થતંત્ર અને આત્મનિર્ભરતાને ફરીથી સ્વીકારવાની જરૂરત છે.

જેટલા કરવેરા વધશે તેટલો ભ્રષ્ટાચાર વધશે અને ભ્રષ્ટ નાણાં કૌભાંડ વધારશે.

વેપાર - ઉદ્યોગના માત્ર માલેતુજાર વર્ગને જ નવી આર્થિક નીતિ દ્વારા ફાયદો થયો છે તેની સામે સંસ્કૃતિ - મૂલ્યોને તેમજ પરંપરાને જે નુકસાન થયું છે તેનો કોઇ જ અંદાજ નીકળી શકે તેમ નથી.

# બહુરાષ્ટ્રીય કંપનીઓના વધતા જતાં સાંસ્કૃતિક આક્રમણથી ચિંતા

**કોઈપણ** દેશની પ્રજા તેની રોજી, રોટી અને રહેઠાણની મુખ્ય સમસ્યાઓ સંતોષાય ત્યારે જ સુખની નજીક પહોંચી ગઈ ગણાય. પરંતુ છેલ્લા થોડાંક વર્ષોથી આપણા દેશમાં બહુરાષ્ટ્રીય કંપનીઓના વધતા જતા પ્રવેશની સાથે રોજગારની તકો અને ભારતીય સંસ્કૃતિ માટે ચિંતાજનક પરિસ્થિતિ પેદા થઈ છે.

બહુરાષ્ટ્રીય કંપનીઓએ રોજગારીની તકો વધારવા માટે નહિ, પણ નફો રળીને પરદેશમાં ખેંચી જવા માટે જ ભારતના વિશાળ બજારને સર કરવા તરફ વિશેષ ધ્યાન આપ્યું છે. આતંરરાષ્ટ્રીય શ્રમ સંગઠન (આઈ. એલ. ઓ.)ના અહેવાલ અનુસાર બહુરાષ્ટ્રીય કંપનીઓના આગમનથી આપણા દેશમાં કરોડોની સંખ્યામાં લોકો બેરોજગાર બની જશે.

'નેશનલ કાઉન્સિલ ઓફ એપ્લાઈડ ઈકોનોમિક્સ રિસર્ચ'ના રિપોર્ટ (અહેવાલ)

**શશીભૂષણ**

મુજબ બહુરાષ્ટ્રીય કંપનીઓના આવવાથી અને ખાનગીકરણની નીતિ અપનાવવાના કારણે દેશમાં દર વર્ષે ૪૦ થી ૫૦ લાખ નવજુવાન લોકો બેરોજગાર બની રહ્યા છે.

આંતરરાષ્ટ્રીય મુદ્રા કોષ અને વિશ્વ બેન્કની શરતો અનુસાર દેશમાં જે આર્થિક ઉદારીકરણની નીતિ અપનાવવામાં આવી છે, તેની સૌથી વધારે ઘેરી અસર રોજગાર પર પડી છે. છેલ્લાં ત્રણ વર્ષમાં આ નીતિના કારણે ૪૦ થી ૫૦ કર્મચારીઓને અસર થઈ છે. કાપડ ઉદ્યોગના ક્ષેત્રમાં ૧૯૯૪ના વર્ષમાં ૬૮,૩૫૦ કર્મચારીઓ બેકાર બની ગયા છે. ૩૮,૦૦૦ જેટલા હાથસાળ કારીગરો ભૂખમરા જેવી સ્થિતિમાં મૂકાઈ ગયા છે. આંધ્ર પ્રદેશમાં ૧૩ વણકરોએ બેરોજગારીથી તંગ આવી જઈને આત્મહત્યા કરી લીધી છે. એક મોજણી અનુસાર ૧૯૯૫ના અંતે બેરોજગારોની કુલ સંખ્યા લગભગ પાંચ કરોડ સુધી પહોંચી ગઈ છે. આ સંખ્યા તો ફક્ત નોંધાયેલા બેરોજગાર ઉમેદવારોની છે, પરંતુ વાસ્તવમાં સન ૨૦૦૦ સુધીમાં ૧૨ કરોડ ૮૦ લાખ લોકો રોજગારીની શોધમાં ભટકતા થઈ જશે. ૧૯૯૪થી ૨૦૦૦ સુધીના ગાળામાં સરકાર તો માત્ર ૬૧ લાખ લોકોને જ રોજગારી પૂરી પાડવાની સ્થિતિમાં હશે.

બહુરાષ્ટ્રીય કંપનીઓએ આપણા લઘુ ઉદ્યોગના ક્ષેત્રમાં પણ ઘુસણખોરી કરી છે. તેના કારણે ૧૦ લાખ ૩૦ હજાર નાનાં એકમોનું અસ્તિત્વજ મુશ્કેલીમાં મૂકાઈ ગયું છે. આવી કંપનીઓએ વિકાસના નામે આપણા હજારો વર્ષ પુરાણા હસ્તશિલ્પ અને હુન્નરોને કચડી નાંખ્યા છે. આવી કંપનીઓ કુલડીઓના વપરાશને હટાવવા પ્લાસ્ટિકના ગ્લાસ બનાવવા લાગે તો બિચારા અસંગઠિત કુંભારો (પ્રજાપતિ) એ કોની સમક્ષ ફરિયાદ કરવાની?

એડીડાસ, પ્યુમા, લોટો, નાઈક, ડિયુક વગેરે વિદેશી કંપનીઓએ આપણા દેશના




રમતગમતનાં સાધનો અને તૈયાર વસ્ત્રોના ક્ષેત્રમાં પણ પ્રવેશીને લાખ્ખોની સંખ્યામાં દરજીઓ અને કુશળ કારીગરો - શ્રમિકોની રોજગારી રળવાની તકો ઝૂટંવી લીધી છે. 'વિમકો'એ શિવકાશી અને બરેલીના દિવાસળી ઉદ્યોગમાં ઝંપલાવીને લાખ્ખો લોકોનું જીવન અંધકારમય બનાવી દીધું છે.

આ તો માત્ર થોડાક ઉદાહરણો જ છે, જેની સૌથી વધારે અસર રોજગાર પર પડી રહી છે. અત્યારે આપણા દેશમાં ૩૦૦૦ થી વધુ બહુરાષ્ટ્રીય કંપનીઓ પૂરી શાનથી પોતાનો કારોબાર ચલાવે છે. એમનો નફો મબલખ હોય છે. વિશ્વવિખ્યાત 'યુનીલીવર' કંપની, જે ભારતમાં હિંદુસ્તાન લીવરના નામથી પોતનો વ્યાપાર ચલાવે છે, તે પોતાનું બ્રાન્ડ નામ વાપરવાની છૂટ આપીને દેશી કંપનીઓ પાસેથી કરોડો રૂપિયા રળે છે. આવી બહુરાષ્ટ્રીય કંપનીઓ બહોળો નફો કરતી હોવાથી પોતાના બજેટની ૩૦ ટકા રકમ તો પ્રચાર પાછળ જ ખર્ચે છે.

અમેરિકાના જાણીતા લેખક બાવદિલએ 'કોકાકોલા' નો વિસ્તૃત અભ્યાસ કર્યા પછી એવી ટીકા કરી છે કે, 'માનવતાના ઈતિહાસમાં ઈજિપ્તનાં પિરામિડોના નિર્માણ બાદ આ એવો સૌથી વધુ અવિશ્વસનીય કાર્યક્રમ છે, જેમાં આટલા મોટા પાયા પર માનવ - ઉર્જાનો ઉપયોગ પોતાના પ્રચાર માત્ર માટે કરાઈ રહ્યો છે!

બહુરાષ્ટ્રીય કંપનીઓ આપણી સંસ્કૃતિ પર જે ખુલ્લો પ્રહાર કરે છે. એ તો ઘણો ભયાનક છે. 'ઉનકી સાંસ મેં' બદબૂ હૈ' એમ કહીને એક નવી પરણેલી દુલ્હન ઉદાસ થઈ જાય છે. પછી તેની સહેલી એવી ડોકટર પાસે પતિને લઈ જાય છે. ડોકટર એમને સલાહ આપે છે કે, જો શ્વાસની દુર્ગંધથી છૂટકારો મેળવવો હોય તો અમુક ટુથપેસ્ટ અપનાવો.' જો તમે તમારા બાળકને ખાસ ન્યૂટ્રીશન ડ્રીંક ન આપતા હો તો ખબર નહિ કે તમે તમારાં બાળકોને પ્રેમ કરો છો કે નહિ! આ તો માત્ર ટી. વી. પર જોવા મળતા વિજ્ઞાપનોના થોડાક નમૂનાઓ છે. આવે જાહેરાતો દ્વારા આપણામાં એક પ્રકારનું ગૌરવ ઠસાવવાનો પ્રયત્ન થાય છે. જે જીવન ધોરણ ઊંચુ લાવવાની મનોવૃત્તિને જન્મ આપે છે. તેનો દુષ્પ્રભાવ સતત વધતોજ જાય છે. તેનું પરિણામ એ આવે છે કે બાળકો આવી વસ્તુઓ માટે હઠ પકડે છે.

તેથી માબાપને બિનજરૂરી ખર્ચ કરવો પડે છે. થોડા વખત પછી આવો ખર્ચ જરૂરી છે એવું મનમાં ઠસી જાય છે. આમ એક ઉપભોક્તાવાદી જીવનસ્તર બની જાય છે. તુલનાત્મક રીતે જોઈએ તો આવક એટલા પ્રમાણમાં વધતી નથી. પણ ખાટા ખર્ચાઓ

વધતા જાય છે. તેના પરિણામે વ્યક્તિની અંદર એક દ્વંદ્વનો પ્રારંભ થાય છે. આવક કરતાં જાવક વધવાના કારણે છેવટે એક ઈમાનદાર બાંધી આવકનો માનવી ભ્રષ્ટાચારી બનવાની શરૂઆત થાય છે. આમ આવાં વિજ્ઞાપનો આડકતરી રીતે ભ્રષ્ટાચાર પોષક પણ છે.

વિજ્ઞાપનો દ્વારા વસ્તુને તેની ગુણવત્તાના આધારે વેચવાની છે. કોશિશ કરવામાં આવતી નથી, પરંતુ મધ્યમં વર્ગ અથવા નવશ્રીમંતોની મનોવૃત્તિને વટાવવાની તે કોશિશ કરે છે.

વાસ્તવમાં આવાં વિજ્ઞાપનો વ્યક્તિના હૃદયમાં એક હીન ભાવનાને જન્મ આપે છે. મોટા ભાગના વિજ્ઞાપનોમાં દેખાડવામાં આવતી વસ્તુઓ હોય છે મધ્ય વર્ગના ઉપયોગની પરંતુ પ્રદર્શિત કરવામાં આવે છે વિશુદ્ધ વૈભવશાળી ફાઈવ સ્ટાર જેવી રહેણીકરણી. મધ્યમ વર્ગના લોકોમાં એક નબળાઈ હોય છે, કમજોરી હોય છે. આવા લોકોમાં ઉચ્ચ વર્ગના લોકોના જેવી રહેણીકરણી પ્રત્યેનું વિશેષ આકર્ષણ હોય છે, જિજ્ઞાસા હોય છે. એમના જેવું જીવન જીવવાની દંભિત ઈચ્છા હોય છે. કોઈપણ માણસ પોતાની પાસે ભોગ-વિલાસની ગમે તેટલી વસ્તુઓ ભેગી કરી લે, તો પણ તે વિજ્ઞાપનોમાં બતાવાય છે તેવું જીવનધોરણ ઊંચું લાવી શકતો નથી.

આ પરિણામે તેની અંદર એક ભીષણ હીન ભાવનાનો જન્મ થાય છે, જે વધતી જ જાય છે. તેની એક સીમા વટાવ્યા પછી આવી ભાવના વ્યક્તિગત વિઘટનનું કારણ બની જાય છે.

વિજ્ઞાપનોના આવા સ્વપ્નીલ સંસારથી ઓછી આવક વાળા અમને મધ્યમવર્ગના લોકોમાં તેને પ્રાપ્ત કરવા માટેની એક લાલસા જાગે છે. તેનું પરિણામ એ આવે છે કે તે પોતાનાં સમગ્ર નૈતિક, મૂલ્યોને ભૂલી જઈને ગમે તે, સાચા-ખોટા માર્ગે ધન ભેગું કરવા મંડી જાય છે અને આ રીતે શરૂ થાય છે એક કદી પણ તૃપ્ત થઈ શકે નહિ તેવી તૃષ્ણાની દોડ, જેનો કદી અંત આવી શકે તેમ નથી.

આધુનિક પ્રચાર માધ્યમો અને સમાજના વિશિષ્ટ સુવિધાભોગી લોકોને પોતાની પકડમાં લઈને આ બહુરાષ્ટ્રીય કંપનીઓ આપણા પર એક વિસ્તૃત અપસંસ્કૃતિ લાદી રહી છે અને આવી વિજ્ઞાપનબાજીથી આપણું માનસિક દેવાળિયાપણું વધતું જાય છે. બહુરાષ્ટ્રીય અપસંસ્કૃતિના ફળસ્વરૂપે આપણા દેશમાં બ્લ્યૂ ફિલ્મોનો મારો શરૂ થઈ ગયો છે, જેનાં માઠાં પરિણામો આપણી યુવા પેઢી ભોગવી રહી છે. આજે આપણા દેશમાં એવી ફિલ્મોનું નિર્માણ થઈ રહ્યું છે, જે આપણે કુટુંબના તમામ સભ્યો સાથે બેસીને જોવામાં પણ શરમ - સંકોચ અનુભવીએ છીએ. સૌ સાથે મળીને જોઈ શકતાં નથી. આવી ફિલ્મો જોઈને યુવા પેઢી બીમાર માનસિકતાથી ગ્રસ્ત થવા લાગી છે અને લાંબા ગાળે આનું પરિણામ ભયંકર નીવડવાનો પૂરેપૂરો સંભવ છે.

આમ સ્પષ્ટપણે બહુરાષ્ટ્રીય કંપનીઓ આપણા દેશમાં દાખલ થઈને આપણા રોજગાર છિનવી રહી છે અને આપણી સંસ્કૃતિ પણ આપણી પાસેથી છિનવી રહી છે. ફરી પાછા આપણે એક નવા પ્રકારની ગુલામીની જંજીરોમાં જકડાવા માટે જાણે કે વિવશ બનતા જઈએ છીએ. બહુરાષ્ટ્રીય કંપનીઓના પ્રવેશ પછી રોજગારની અને સાંસ્કૃતિક આક્રમણની દૃષ્ટિએ સ્થિતિ સુધરી નથી, બગાડ વધતો જાય છે. હજી પણ જો આપણે ખામોશ રહીશું તો ભારતીય સંસ્કૃતિનું ધોવાણ થઈ જશે, કારણ કે આ બગાડો હવે ટી. વી. ના માધ્યમથી ગામડાંઓ સુધી પહોંચી ગયો છે. હજી પણ બહુરાષ્ટ્રીય કંપનીઓના બિનજરૂરી ક્ષેત્રોમાં પ્રવેશને રોકવા માટે જેહાદ જગાડવાનો સમય છે. આમ કરીશું તો જ ભવિષ્યમાં આવનારા ભયંકર સંકટને આપણે ટાળી શકીશું.

## દહેશત

★ દેશમાં દર વર્ષે ૪૦ થી ૫૦ લાખ નવયુવાન લોકો બેરોજગાર બની રહ્યા છે અને સન ૨૦૦૦ સુધીમાં ૧૨ કરોડ ૮૦ લાખ લોકો રોજગારીની શોધમાં ભટકતા થઈ જશે.

★ ભારતીય સંસ્કૃતિ પર ખુલ્લો પ્રહાર કરતી બહુરાષ્ટ્રીય કંપનીઓએ ભોગ વિલાસની આકર્ષક જાહેરાતો દ્વારા ઈમાનદાર લોકોને ભ્રષ્ટાચારી બનાવ્યા.

★ આધુનિક પ્રચાર માધ્યમો અને સમાજના વિશિષ્ટ લોકોને પોતાની પકડમાં લઈને બહુરાષ્ટ્રીય કંપનીઓ આપણને માનસિક ગુલામ અને આર્થિક રીતે બેહાલ બનાવે છે.

૨૨ ● મુંબઈ સમાચાર

સાપ્તાહિક, તા. ૧૯-૫-૧૯૯૬

# વીજળીએ માણસને મૂંગોટાપુ બનાવી દીધો છે.

– મહેન્દ્ર દેસાઈ

ઉઘાડા પડી ગયા વગર, આંખના પલકારામાં બિહાર, મધ્ય પ્રદેશ કે ઓરિસાની અબજો રૂપિયાની સંપત્તિ ફૂંકી મારવાની હોય, અને તે પણ જનતાની પ્રગતિ કે ભલું કરવાના નામે જેથી કોઈ ચૂં કે ચાં કરી ન શકે, તો સત્તાધીશો પાસે ક્યું શસ્ત્ર છે ? બ્રિટિશરોને દરિયામાર્ગે અઢળક સંપત્તિ ઢસડી જતાં મહિનાઓના મહિના લાગી જતા હતા. આજના હાકેમોને વિજ્ઞાને એવી જડીબુટ્ટી આપી છે કે જે તે પ્રાંતના લોકોને ભાગ્યે જ ખ્યાલ આવે કે હર સેકંડે તેમના પ્રાંતમાંથી કેટકેટલા ખજાના લૂંટાઈ રહ્યા છે. પ્રજાજનોને એવું પણ ભાન ન રહે કે પ્રગતિના નામે તેઓ નચાવી શકાય તેવી કઠપૂતળી બનતા જાય છે.

દેશ આખાને મુઠ્ઠીમાં રાખી શકે તેવું અદૃશ્ય પણ અમોઘ આ ક્યું શસ્ત્ર છે ? વીજળી-ઈલેક્ટ્રિસિટી. જી, હા. ઈલેક્ટ્રિસિટી એવું શસ્ત્ર છે કે એના નામે પ્રગતિ, વૈભવ, સુખમાં આંધળા થઈ જવાય તેવા જરીજરિયામા સત્તાધીશો પહેરાવી શકે છે. વીજળીથી ઘરોમાં રોશની થશે, ઉદ્યોગો ધમધમશે, ઉત્પાદન વધશે, સમૃદ્ધિ આવશે વગેરે વગેરે. વધુ ને વધુ વિપુલ વીજળીની દેશને જરૂર છે. તેને પહોંચી વળવા તોતિંગ વીજળી મથકો બાંધો. અણુમથકો બાંધો, અબજો રૂપિયા હોમો, નહિ તો પ્રગતિ રૂંધાઈ જશે એવાં ઢોલનગારાં સતત વાગ્યા જ કરે છે.

માઈકલ ફેરાડો કે થોમસ આલ્વા એડિસને વીજળી અંગે શોધખોળ કરી ત્યારે ભાગ્યે જ તેમને ખબર હશે કે વખત જતાં તેમની શોધ રાજકર્તાઓના હાથમાં સરમુખત્યારી એવું હુકમનું પાનું આપવાની છે કે સત્તાધીશો પ્રજાને સ્વતંત્રતાના અંચળા હેઠળ મરોડી શકાય તેવા ગુલામ બનાવી શકશે. વીજળીના ચમત્કારિક, ગેબી ફાયદાઓ અંગે પયગંબરી કંઈક વાતો કહેવાયા કરે છે. છાનાછપના પ્રજા પર વીજળી કઈ રીતે ભરડો લઈ શકે છે કે માણસના કેવા હાલહવાલ કરે છે તે પણ જોવા જેવું છે.

સાંજ પડ્યે માણસ અને દેશ આખો સ્વજનો સાથે અલકમલકની વાત કરી જંપી જાય અને સૂર્યોદય થતાં તાજગીથી ફરી કામે વળગે તે કુદરતનું ચક્ર

હંમેશ માટે ખતમ કર્યું છે - વીજળીએ ! આજે સૂર્યાસ્ત પછી ત્રીજી કે મધરાતે ચોથી શિફટમાં કારખાનામાં વેતરું કરી દેતો માણસને કર્યો છે– વીજળીએ ! રાત અને દિવસના ભેદ મિટાવી દઈ રાત્રે અગિયાર તો શનિવારે મળસકા સુધી વિડિયો, સિનેમા કે રાત્રિ ક્રિકેટમાં વેરવિખેર કરી માણસને બાઘો બનાવ્યો છે–વીજળીએ. વાચા હરાઇ ગઈ હોય તેવો માણસને ટી.વી. સામે મૂંગો ટાપુ બનાવી દીધો છે–વીજળીએ. એક કુંભાર ચાકડા પર કોડિયું ઉતારે કે વણકર કાપડ વણે ત્યારે પોતાના હાથથી કરેલા કામમાંથી મળતો નિજ આનંદ છીનવી લીધો છે–વીજળીએ. આજે માણસ કામ કરે છે યંત્રવત્, જડની જેમ. એને ખબર નથી કે એનો દાગીનો કોના માટે, શું કામ બની રહ્યો છે ? માણસને અજાણ હેતુનો હાથો બનાવ્યો છે–વીજળીએ. ભરચોમાસે પડદાઓ પાછળ ઘરમાં કે ભરબપોરે ઑફિસમાં ટ્યુબલાઇટ હેઠળ કુદરતના નઝારાથી માણસને પશુની જેમ ઓઝલ કર્યો છે–વીજળીએ.

પ્રગતિની અંધારી દોટમાં બાંધી દઈ દોડાવાતા આ માણસની હાલત શી છે ? આ માણસ હવે વાતવાતમાં કંટાળી, બોર થઈ જાય છે. આ માણસ પોતે પંડે ક્રિકેટ રમવા માગતો નથી પણ શારજાહમાં કપિલ દેવ છક્કાની બોછાર બોલાવી દે તેવી ઉત્તેજનાથી ટી.વી. સામે બેબાકળો બની જાય છે. યંત્રવત્ કામમાંથી નિરુત્સાહ આ માણસ રૂપેરી પડદે દિવાસ્વપ્નો જોવા હંમેશાં તલપાપડ રહે છે. રઘવાયો થઈને ઢસડાયા કરતો કોઈનો હાથો આ માણસ લક્ઝરીની પેકેજ ટૂરમાં કાશ્મીર-ગોવા ભાગી છૂટવા છટપટાહટ કરે છે, ફાટેલા ડોળે ફર્યા કરે છે અને વિનાકારણ ફરીફરીને થાકી જાય છે. દારૂ અને જુગારની મહેફિલમાં સતત ઉશ્કેરાવા મથે છે. પ્રગતિ, ઐશ્વર્ય, આરામની વાતોને રવાડે ચઢાવાયેલો આ માણસ પોતે તો ઠીક એના ડૉક્ટરને સમજ ન પડે તેવા સતત માથુંપેટછાતી દુખવાના કે તાવના ચિત્રવિચિત્ર રોગમાં સપડાયા કરે છે.

વીજળી કોલસો બાળીને પેદા થાય છે. હજારો ટન કોલસો સેંકડો માઈલ ઢસડી જવા રેલવેમાં ગંજાવર આંધણ કરવું પડે છે. એક ડર એવો પણ છે કે જ્યાંથી ખોદી લવાય છે ત્યાંના લોકોની જતે દિવસે છૂપી લાગણી દુભાવાનો પણ ડર છે. ગુજરાતમાંથી ખનિજ તેલના ભંડાર ખાલી થતાં જતાં રોયલ્ટીના નામે જાગે છે તેવા ઊહાપોહને કારણે અઢળક કુદરતી સંપત્તિ રોકટોક વગર સતત ઓહિયા કરી જવાનું સહેલું નથી. ટેક્નૉલૉજી સત્તાધીશોની વહારે ધાઈ છે. હવે દેશમાં સુપર-સુપર વીજળી મથકો બંધાઈ રહ્યાં છે. આ તમામ મથકો કોલસાની ખાણની આજુબાજુ બંધાઈ રહ્યાં છે. આયોજન એવું છે કે રાષ્ટ્ર આખાને એક સૂત્રે એક સાંકળે જડી લે તેવી નૅશનલ ગ્રીડ વીજળીના તારની જાળ બિછાવવાની છે. ઓરિસાના ભંડારો બાળી વીજળી પેદા થતાં માત્ર એક જ સેકંડમાં અમાપ કોલસા કે જળસંપત્તિનું વીજળીમાં રૂપાંતર થઈ વીજળી હજારો માઈલ દૂર દિલ્હીમાં પહોંચી જશે.

રાષ્ટ્રના કોઈ પણ ખૂણે કોને, ક્યારે, કેટલી વીજળી આપવી કે બિલકુલ ન આપવી, કોને ટટળાવવો, કોને ઘૂંટણિયે પાડવો, કોની પાસે આજીજી કરાવવી, તે બધું જ એક, માત્ર એક જ માણસ દિલ્હીમાં બેઠાં નક્કી કરી શકશે. લોકશાહી, મતાધિકાર, નાગરિકસ્વાતંત્ર્ય– બધું જ કાગળ પર રહી શકે અને છતાં કોઈ પ્રાંત કે પ્રાંતમાંનો કોઈ જિલ્લો, અરે એક શહેર સુધ્ધાં શેખી મારે તો એને ઠેકાણે લાવવાની એકમાત્ર ચાવી છે-વીજળી. બહુ નાના પાયા પર કર્ણાટકમાં ગુંડુ રાવે આ પ્રયોગ કર્યો હતો, સત્તાધીશે બહાનામાં કહેવાનું તો એટલું જ છે કે ટેક્નિકલ ખામીના કારણે વીજળી ખોટકાઈ ગઈ છે.

કોણ વાપરે છે આ વીજળી ? એંસી કરોડના આ દેશમાં પ્રથમ કક્ષાના શહેરમાં માંડ પંદર કરોડ લોકો વસે છે જેમાનાં ૬૦ ટકા ઝૂંપડપટ્ટી, ફૂટપાથ કે એક ઓરડાના ઘરમાં રહે છે.

ગામડાંમાં નહિ, ખુદ શહેરોમાં આજે પણ ચૂલો ફૂંકવા લાકડું વધારે વપરાય છે જે કાળાં બજારમાં મળતા કેરોસીન કરતાં મોંઘું થતું જાય છે. દેશના પાટનગર, દેશના પ્રથમ શહેર દિલ્હીમાં દર વર્ષે મધ્ય પ્રદેશમાંથી સાડાબાર હજાર વેગન લાકડું ચૂલામાં બાળવા માટે આવે છે. સમગ્ર દેશની કલ્પના કરવાનું મુશ્કેલ નથી.

ગામડાંમાં તો ખેર, વીજળી જતી જ નથી, જાય છે ત્યાં પ્રકાશ માટે નહિ, પંપ ચલાવવા વપરાય છે. શહેરમાં પણ વીજળી જે ઘરોમાં છે ત્યાં રાંધવા માટે તો કેરોસીન કે ગૅસ જ વપરાય છે. વીજળીના વપરાશની લતે ચઢાવી માણસને મજબૂર બનાવવાની વીજળીની અજોડ રમત છે. એના ગુલામ બનાવી તેના યુનિટ–યુનિટ માટે માણસને ટટળાવી શકાય છે, એક જ સ્વિચ દબાવીને !

પ્રજાને ગુલામ બનાવવામાં માહેર આ સત્તાધીશો છાપરે ચઢીને પોકારે છે કે વીજળીથી ઉદ્યોગોનું ઉત્પાદન વધે છે અને સમૃદ્ધિ આવે છે. આપણે ભૂલવું ન જોઈએ કે આજે, ૧૯૮૫માં, ૪૦,૦૦૦ મેગાવૉટ વીજળી છતાં રાષ્ટ્રની કુલ આવકના ૭૦ ટકા આવક ખેતીવાડી અને એના પર આધારિત ક્ષેત્રમાંથી થાય છે. ગામડાંઓમાંથી જ્યાં વીજળી હંમેશ માટે વેરણ થાય છે ત્યાં પોણા ભાગમાં હજુ તો પહોંચી જ નથી. ●●●

મુક્તિદૂત
માર્ચ,૧૯૯૬

# ભારતીય સમાજ ઉપર મલ્ટીનેશનલ કંપનીઓનું આક્રમણ

આજ સુધી સામાન્ય છાપ એવી જોવા મળે છે કે મલ્ટીનેશનલ કંપનીઓનો આપણા દેશમાં પ્રવેશ થયો ત્યારે તેનો વિરોધ આર્થિક કારણોસર કરવામાં આવી રહ્યો હતો. આમ જનતા એવું માનતી હતી કે આપણી આર્થિક આત્મનિર્ભરતા ઉપર તેમને કારણે કુઠારાઘાત થશે. મલ્ટીનેશનલ કંપનીઓ આપણાં દેશની આર્થિક તાકાત ઉપર પોતાનો સકંજો બેસાડી દેશે અને તેને મનફાવે તેમ ચલાવશે એવી પણ ભીતિ લાગવા માંડી હતી. રાજકીય દ્દષ્ટિએ પણ તેમને ખતરનાક માનવામાં આવતી હતી. પરંતુ આપણે એવી કલ્પના તો કયારે કરી ન હતી કે મલ્ટીનેશનલ કંપનીઓ આપણા સમાજ ઉપર હામી થવા લાગશે અને પ્રજાને આધુનિકીકરણનો ચસ્કો લગાડી દેશે.

મલ્ટીનેશનલ કંપની પાસે અપરંપાર સાધન સંપત્તિ હોય છે, જેને કારણે તેઓ જૂના જમાનાના રાજા મહારાજાઓ અને અમીર ઉમરાવો માફક વર્તી શકે છે અને સંગીતકારો તથા અન્ય કલાવિદોને સહાયરૂપ બની શકે છે. પણ તેમાં એક તફાવત હોય છે. તેમની ડખલગીરી માર્કેટીગનું સ્વરૂપ ધારણ કરવા લાગે છે. આ માર્કેટીગ સોફીસ્ટીકેટેડ હોય છે અને સમાજના અમૂક ચુનંદા ઉચ્ચ એલીટો માટે હાઈકોસ્ટ મોડર્નાઈઝેશનની જરૂરિયાત પૂરી કરે છે.

મલ્ટીનેશનલ કંપનીઓની લેઈટેસ્ટ પહેલ કેવી હોય છે. તેના નમૂના જેવાં કેટલાંક ઉદાહરણો અહી રજૂ કર્યા છે. પેપ્સીકોલા એક મલ્ટીનેશનલ કંપની છે અને સોફટ ડ્રીકસ વેચે છે. પણ આવી કંપની દેશમાં બીનસાંપ્રદાયિકતા ઉપર સેમિનાર ગોઠવી શકે ખરી? પણ આ એક હકીકત છે. આ ગોષ્ઠિમાં દિલ્હીના અનેક મોટા માથાઓને નિમંત્રણ પાઠવવામાં આવ્યા હતા. સ્થળ હતું વિઠ્ઠલભાઇ પટેલ હાઉસ. દિલ્હીના બૌદ્ધિક સંવાદો માટે આ એક ધબકતું સ્થળ મનાય છે.

પણ તેની પાછળ એક કહાણી પણ જોડાયેલી છે... ધાર્યા મુજબ મોટા ગજાના માણસો તો સેમિનારમાં હાજર રહ્યા નહિ. એટલે સ્પોન્સર કંપનીએ આ ગંભીર સેમિનારને લોકપ્રિય સેમિનારમાં બદલી નાખ્યો. ટ્રકો ભરીને એ લોકો શીખો અને મુસ્લિમોને ઓડીયન્સ તરીકે ઉઠાવી લાવ્યા.

મલ્ટીનેશનલ કંપનીઓ કલા વિશ્વમાં પણ પોતાની વગ વધારવા માંગે છે. કૉકોકોલા (ઇન્ડિયા) હામીબાવાને ઇન્ટરનેશનલ કોકોકોલા ફ્યુટર બોટલ લોકકલા પ્રદર્શન માટે એક કૃતિ તેયાર કરવાની કામગીરી સોંપી હતી.

અમેરિકામાં ઇરાને જે સાહિત્યકારની વિરુદ્ધ મૃત્યુદંડનો ફતવો બહારપાડયો હતો તેને એક મિલિયન પાઉન્ડ સ્ટર્લીંગ હવે પછીની નવલકથા પેટે એડવાન્સ રકમ તરીકે ભેટ આપ્યા હતા. આ પુસ્તક ૧૯૯૯ પહેલા પ્રગટ થવાની સંભાવના છે. અગાઉ તેમને એક પ્રકાશકે એડવાન્સ તરીકે બે મીલીયન ડોલર્સ આપ્યા હતા. આ પુસ્તક તે મુર્સલાસ્ટ સાઇ હતું.

હવે એમએનસી રમતગમતને ટેકો આપવા આગળ આવી છે. અત્યાર સુધી આવો ટેકો માત્ર ક્રિકેટની રકમ પુરતો મર્યાદિત હતો. હવે સીટી બેંક (ઇન્ડિયા) ઇન્ડિયા ઓલિમ્પિક ટીમની સત્તાવાર પાર્ટનર બની છે. તેની ભૂમિકા સ્પેશ્યલ સ્પોન્સર તરીકેની રહેશે. બીજી વિશ્વવિખ્યાત કંપની નાઇક સાથે કરાર કરેલા છે. હવે પછી ભારતીય ખેલાડીઓ માત્ર રેબૉક શુઝ જ પહેરશે. આ બૂટ ખાસ એસ્ટ્રો ટર્ફસ માટેજ બનાવવામાં આવેલ છે. રેબૉક બહુ જાણીતા નહિ એવા ખેલાડી ધનરાજ પિલ્લાઇને પ્રોજેકટ કરી રહી છે.

**મલ્ટીનેશનલ કંપનીઓ કલા વિશ્વમાં પણ પોતાની વગ વધારવા માંગે છે અને સાહિત્યક્ષેત્રે પણ પદાર્પણ કરેલ છે. ઇરાને સલમાન રશદીને મૃત્યુદંડની સજા ફટકારવા ફતવો બહાર પાડયો છે. પરંતુ મલ્ટીનેશનલ કંપનીએ તેને આગામી નવલકથા માટે એક મિલિયન ડોલર્સની આગોતરી રોયલ્ટી એનાયત કરી છે.**

આ પ્રકારની સખાવતો માત્ર ખેલાડીઓ અને સ્પોર્ટસમેન પૂરતી જ મર્યાદિત નથી. કન્ઝ્યુમર્સને પણ હવે તેમાં આવરી લેવામાં આવેલા છે. ટાઇમ અને મોટોરોલાએ ઍટલાન્ટા ઇઝ કોલીગ કોન્ટેસ્ટની જાહેરાત કરીછે. તેમાં કોઇપણ ભારતવાસીને બે વ્યકિત ભારતીય ખેલાડીઓને ઓફિશીયલ ગીયર પૂરા પાડશે. નાઇક કંપનીએ ટીમ માટે ઓફિશીયલ ટીમ યુનિફોર્મ ડીઝાઇન કરાવ્યો છે. તેમાં ખાસ રાષ્ટ્રીય ધ્વજના રંગોનાં ઉપયોગ કરવામાં આવેલાં છે. ઉપરાંત તેણ કીટબૅગ, ટ્રેકસુટ, ટી શર્ટસ અને કંપની પાસ ડીઝાઇન તૈયાર કરાવડાવી છે.

ક્રિકેટમાં સફળ પ્રવેશ કર્યા પછી હવે એમએનસી હૉકીના ક્ષેત્રમાં પ્રવેશવા લાગી છે. રેબૉક કંપનીએ ઇન્ડિયન હૉકી ફેડરેશન

**દિલ્હીના અંતરંગ**

**દેવદત્ત**

માટે નવ દિવસ સુધી એટલાન્ટા ઓલિમ્પિક જોવા જવાની તક આપવામાં આવી છે.

:ફંગઅ ી ઇન્ડિયન પોલિટીના કેટલાક સોશીયલ સેકટર્સમાં મલ્ટીનેશનલ કંપનીઓની પહેલના કેટલાક દૂરગામી સામાજિક પરિણામો -નાવી શકે તેમ છે. ાંજી કોઇપણ આકર્ષણ જમાવવાની પ્રવૃત્તિ કરતાં હાલ જે પ્રક્રિયા ચાલી રહી છે તે વધુ ખતરનાક છે. સૌ પ્રથમ તો મલ્ટીનેશનલ કંપનીઓ જે જંગી રકમાં સ્પોર્ટસમેન પાછળ કે કલાકારો પાછળ ખર્ચે છે તેને કારણે તેમની અંદર પરિપકવ થયા પહેલાંજ પોતે ઉચ્ચવર્ગની સાથે સંકળાયેલા હોવાનો ભ્રમ સેવવા લાગે છે. આજ પરિસ્થિતિ કલાકારોની પણ છે. તેમને જે સાધન સગવડો અને વસ્ત્રો આપવામાં આવે છે તે શ્રીમંત વર્ગોને જ પોષાય તેવા હોય છે. જયારે તેમને રમતમાંથી ફરી પાછા પોતાના મધ્યમ વર્ગીય વાતાવરણમાં પાછા ફરવાની ફરજ પડે છે ત્યારે તેમને બહુ આકરું પડે છે. કેમ કે તેમને દરેક પ્રકારની હાડમારીઓ અને આફતભરી સ્થિતિમાંથી પસાર થવું પડે છે.

આવા પ્રકારની સ્પોન્સરશીપ એક પ્રકારની ફિલ્મ આધૂનિકતાને પોષે છે. ખેલાડી તેને સમજી શકતા નથી. અને તેને લાંબો સમય નભાવી પણ શકતા નથી.

નાણા અને સર્જકતાની મદદ વચ્ચે થોડો તફાવત છે. આ બંને વચ્ચે કોઇ સીધી સરખામણી થઇ શકે તેમ નથી. હૉકીના જાદુગર ગણાતા ધ્યાનચંદ પાસે આજના જેવી કોઇ જ સુખ-સગવડો ન હતી. છતાંય તેણે પંજાબના ગામડીયાઓને તાલિમ આપીને તૈયાર કર્યા હતા. અને ભારતીય હૉકીને આંતરરાષ્ટ્રીય નામના અપાવી હતી.

મલ્ટીનેશનલ કંપનીઓ પોતાના ધન અને સાધન સગવડોનો ઉપયોગ સ્પોર્ટસ જેવી પ્રવૃત્તિમાં પડેલી કેટલીક વ્યકિતઓને સેલેબ્રીટીઝ બનાવવા પ્રયત્ન કરે છે. એવી કૃત્રિમ

**ક્રિકેટમાં પ્રવેશ કર્યા પછી હવે રેબોક જેવી કંપનીએ હૉકીની રમતને સ્પોન્સર કરી છે. ભારતીય ટીમ હવે માત્ર રેબોકના જ શુઝ પહેરશે. આ શુઝ ખાસ એસ્ટ્રો ટર્ફસ માટેજ બનાવેલ છે. રેબોક બહુ જાણીતા નહિ એવા ખેલાડી ધનરાજ પિલ્લાઇને પ્રોજેક્ટ કરી રહેલ છે.**

છાપ ઉભી કરવાનો પ્રયત્ન થાય છે કે વ્યક્તિનું ગ્લેમોરાઇઝેશન એથલીટ કે સ્પોર્ટસમેનના વ્યક્તિત્વને લીધે નથી પરંતુ અમૂક ખાસ પ્રકારના શુઝ કે ડ્રેસને કારણે જ છે. આ એક પ્રકારની સુપર માર્કેટીંગ ટેકનિક છે. જેનો આશય માત્ર કન્ઝ્યુમરીઝમ ફેલાવવાનો છે. જેથી સામાન્ય મધ્યમ વર્ગીય ટીનેજર્સ ઉપર ગ્લેમરની છાપ ઉભી કરી શકાય. આમ મલ્ટીનેશનલ કંપનીઓના માલનું વેચાણ વધવા લાગે છે. તેમની અંદર જે સર્જનાત્મક સંઘર્ષ જન્મવો જોઇએ તે જન્મતો નથી. વધુ પડતો ઠાઠ સર્જન શક્તિને કુંઠીત કરી નાખે છે.

અંતમાં, આ પ્રકારની હાઇકોસ્ટ સ્પોન્સરશીપ બનાવટી આધુનિક્તા ઉત્પન્ન કરે છે, અને જે તે સમાજ ખરેખર તેને પચાવી શકતો નથી. સૌથી વિઘાતક અસર તો સાહિત્ય અને કલા ઉપર ધનલાલસાની થાય છે. કલા અને નવીન ચીજોનો ઉપયોગ માત્ર લોભાવવા માટે જ થાય છે. દાખલા તરીકે સલમાન રશ્દીને આગોતરી રોયલ્ટી આપવાનો શો અર્થ છે?

ન્યુયોર્કની એક વ્યક્તિ પાસેથી જાણવા મળ્યું. આગોતરી રોયલ્ટી રશ્દીને આપવા પાછળનો મુખ્ય આશય એ છે કે મલ્ટી નેશનલ કંપનીઓ રશ્દીને એક માનવ મિસાઇલ જ ગણે છે અને તહેરાન ઉપર એટલે કે ઇસ્લામિક કટ્ટરવાદ ઉપર જ આઘાત કરે છે. એકવાત ધ્યાનમાં રાખવાની જરૂર છે કે ૧૯૮૯માં શિત યુદ્ધનો અંત આવતા અને સામ્યવાદીઓનો ૧૯૯૦માં રશિયામાંથી ખાત્મો બોલી જતાં હવે પશ્ચિમને માત્ર ઇસ્લામિક કટ્ટરતાવાદ અને ઇસ્લામિક રાજકારણનો જ ડર લાગે છે.

આમાં રાજકીય વટાળ પ્રવૃત્તિ ખુલ્લી પડી જાય છે. કેમકે આખાય વિશ્વમાં પુસ્તકનો વેપાર આજે કટોકટીમાંથી પસાર થઇ રહ્યો છે તે તો સૌ જાણે છે. આજે લોકોને પુસ્તકો ખરીદવાની ત્રેવડ પણ નથી અને ઇચ્છા પણ નથી. કેમકે પુસ્તકો હવે ટીવી અને ઇલેક્ટ્રોનિક સાધનો સામે ટકી શકે તેમ નથી. માત્ર રાજકારણની દ્રષ્ટિથી જ રશ્દી જેવા લેખકને આવી મોટી મસ રોયલ્ટી ચૂકવીને મોટો દેખાવ કરવામાં આવે છે. અને જે પુસ્તક હજુ તો લખવાનો પ્રારંભ પણ થયો નથી.

સાર માત્ર એટલો જ છે કે મલ્ટીનેશનલ કંપનીઓ હવે આર્થિક ક્ષેત્રોમાંથી સામાજિક ક્ષેત્ર તરફ આગળ વધવા લાગી છે. ભારતના યુવાનોના માનસિક સ્તરને તે કાબુમાં લેવા માંગે છે. જો આવું થશે તો ભારત પોતાની આધ્યાત્મિક અને સાંસ્કૃતિક અસ્મિતા ગુમાવી બેસશે.

## પ્લાસ્ટિકનો રાક્ષસ

ગયા શુક્રવારે સાંજે આ લખનારે જૂહુના દરિયાકિનારે લટાર મારી ત્યારે ખ્યાલ આવ્યો કે પ્લાસ્ટિકની નાનકડી બેગ કેવું વિકરાળ સ્વરૂપ ધારણ કરીને રળિયામણા સમુદ્રતટને બિહામણો બનાવી શકે છે. શુક્રવારે બપોરે દરિયામાં જે ભરતી આવી તેને કારણે મુંબઇગરાઓએ વાપરીને ફેંકી દીધેલી પ્લાસ્ટિકની કરોડો થેલીઓ મોજાં સાથે ઘસડાઇને કિનારા ઉપર પથરાઈ ગઈ હતી. આખો સમુદ્રતટ જાણે એક મોટા ઉકરડામાં ફેરવાઈ ગયો હતો.

દરિયાકિનારે જે કેટલાક ખડકો અને વનસ્પતિઓ હતા તેની ઉપર પણ આ પ્લાસ્ટિકની ગંદી થેલીઓએ પોતાનો અડ્ડો જમાવી દીધો હતો. સમુદ્રતટે જે વાડ બનાવવામાં આવી છે, તેની ઉપર પણ પ્લાસ્ટિકની આ થેલીઓ ચામાચિડિયાની જેમ લટકતી હતી. તમે શાક લેવા જાઓ કે દાતણ લેવા જાઓ ત્યારે કાછિયો તમને જે પ્લાસ્ટિકની બેગ આપે છે તે કેવું પ્રદૂષણ ઊભું કરે છે તે અહીં જોવા મળતું હતું.

મુંબઈની મુલાકાતે બહારગામથી કોઈ પણ મહેમાન આવે તો તે ચારે બાજુ પ્લાસ્ટિકનો કચરો જોઇને પરેશાન થઈ જાય છે. રેલવેના પાટાની બંને બાજુ વૃક્ષો ઉપર પાંદડાંને બદલે પ્લાસ્ટિકની થેલીઓ જ લટકતી જોવા મળે છે. કચરાપટ્ટીઓ પ્લાસ્ટિકની થેલીથી ઊભરાય છે તો તેને કારણે ગટરોમાં પાણી ઊભરાય છે. પ્લાસ્ટિકની થેલીઓને કારણે વરસાદના પાણીનો નિકાલ નથી થતો અને રસ્તાઓ ઉપર પાણી ભરાઈ જાય છે. પ્લાસ્ટિકના આ દૂષણથી શહેરને મુક્ત કરવાનો પ્રયાસ શહેરના કેટલાક જાણીતા સ્ટોર્સે આરંભ્યો છે. તેઓ હવે પ્લાસ્ટિકને બદલે હાથ બનાવટના કાગળની થેલીઓ ગ્રાહકોને આપવા લાગ્યા છે. આ થેલીઓ રિસાઇકલ કરેલા કાગળમાંથી બનાવવામાં આવે છે, જેથી પર્યાવરણને કોઈ નુકસાન થતું નથી. વળી તે પાણીમાં ઓગળી જાય છે અને માટીમાં મળી જાય છે, એટલે કચરો પણ થતો નથી. અત્યારે તો બૉમ્બે સ્ટોર, મેફ્લાવર, લેવીસ, એલન સોલી અને ગ્રાસિમ જેવી દુકાનોએ અને ઑબેરોય જેવી હોટેલોએ તેનો ઉપયોગ શરૂ કર્યો છે. બેગસ્મિથ નામની કંપની આવી ફેશનેબલ કાગળની થેલીઓ બનાવે છે, જેની કિંમત પાંચ રૂપિયાથી લઈ ૨૫ રૂપિયા થાય છે. પર્યાવરણ બચાવવાનો શોખ પણ હવે શ્રીમંતોને જ પરવડે તેવો ખર્ચાળ બની રહ્યો છે.

મિડ-ડે 5/8/96

# બળદ: પ્રજાનો પાલનહાર

- સ્વ. વેણીશંકર મુરારજી વાસુ

ધર્મના આશ્રય વિના સુખ અને શાંતિ મળતા નથી. ધર્મ બળદનું રૂપ ધારણ કરીને જીવસૃષ્ટિના સુખ અને શાંતિ માટે સતત પરિશ્રમ કરે છે, એમ વેદ ધર્મ માને છે.

વેદોએ બળદને ધર્મનો અવતાર માન્યો છે અને ગાયને વિશ્વમાતા માની છે. છતાં બળદનું મૂલ્યાંકન ગાય કરતાં દશ ગણું વધારે કર્યું છે. એક તંદુરસ્ત જુવાન બળદનું દાન કરવાથી દશ ગાયના દાનનું ફળ છે, એમ વૈદિક શાસ્ત્રો કહે છે.

સરકારી, ખાનગી અને જાહેર ક્ષેત્રોના અમલદારો, નોકરો અને મજૂરોને તેઓ કામ કરે તેના બદલામાં પગાર મળે છે. નિયમ પ્રમાણે પગાર વધારો મળે છે. કામકાજનો પ્રકાર અને સમય પણ નક્કી કરેલા હોય છે.

નિયમ કરતાં વધારે સમય કામ કરવાનું હોય તો વધારાનો પગાર Over-time પણ મળે છે. તેમને પ્રોવિડન્ટ ફંડ, ગ્રેચ્યુઈટી મળે છે. વીમો ઉતરાવાય છે. દાક્તરી સારવાર મફત મળે છે. મોંઘવારી આદિ ભથ્થા મળે છે. નોકરી કરતાં ઈજા થાય તો મફત સારવાર અને વળતર પણ મળે છે.

તેમને દર અઠવાડિયે એક દિવસની રજા મળે છે. વરસમાં નક્કી કરેલા તહેવારોની પણ રજા મળે છે. ચોક્કસ દિવસોની માંદગીની અને હક્કની રજા પણ ચડતા પગારે મળે છે.

અને આ બધા ઉપરાંત બોનસ પણ મળે છે.

અને છતાં તેઓ વધુ પગાર, વધુ મોંઘવારી ભથ્થા અને વધુ બોનસની માગણી ન સ્વીકારાય તો હડતાળો પણ પાડે છે.

ઘણી વખત આ હડતાળો હિંસક તોફાનોમાં ફેરવાઈ જાય છે. લાખો - કરોડો રૂપિયાની રાષ્ટ્રીય સંપત્તિનો નાશ થાય છે. સેંકડો મનુષ્યો ઘાયલ થાય છે. કોઈ વાર અનેકનાં મરણ પણ થાય છે.

આપણા ૭ કરોડ ૪૪ લાખ બળદો ખેતરોમાં, રસ્તા ઉપર, તેલની ઘાણીમાં, કોલુમાં, લોટ પીસવાની ચક્કીમાં, કૂવા ઉપરના રેંટમાં કે વાવ ઉપરના કોસમાં રાત અને દિવસ કામ કરતા હોય છે.

ધોમ ધખતા તાપમાં કે થીજાવી દેતી ઠંડીમાં, મુશળધાર વરસાદમાં કે રાત્રિના ગાઢ અંધકારમાં માનવ જાતના સુખ, સગવડ અને શાંતિ માટે કામ કરતા હોય છે.

તેમના કામના કલાક મર્યાદિત નથી. તેમને Over-time વધારાના કામનો પગાર મળતો નથી. તેમના માટે પ્રોવિડન્ટ ફંડ, ગ્રેચ્યુઈટી વિગેરેની પણ સગવડ નથી. તેઓ વધુ ખાવાનું માગતા નથી. ઓછું આપો તો વિરોધ કરતા નથી. તેઓ રોજના ૭ કિલો ઘાસ અને ૩ કિલો ખાણથી સંતોષ માને છે.

તેઓ માત્ર પોતાના પોષણ માટે મર્યાદિત ખોરાક અને પીવાના પાણી સિવાય બીજું કશું માંગતા નથી. હક્કની રજા, પ્રોવિડન્ટ ફંડ, મોંઘવારી ભથ્થું, બોનસ વિગેરે કશું જ માંગતા નથી. વધુ સમય કામ કરવાનો વિરોધ કરતા નથી. કદી હડતાળ પર પણ જતા નથી.

અને આટલા ઓછા પગારમાં પણ તેઓ આપણા માટે સેંકડો અબજ રૂપિયાની કિંમતની ખેત પેદાશો પેદા કરી આપે છે. આશરે અઢી અબજ ટન માલની હેરફેર કરી આપે છે.

માલની એ હેરફેર કરીને આપણા હજારો કરોડ રૂપિયાના ડીઝલના હૂંડિયામણના ખર્ચ ઉપર અંકુશ રાખે છે.

તેઓ લાખો ટન શેરડી પીલી આપે છે. લાખો ટન તેલીબિયાં પીલી આપે છે. તેઓ જમીન ખેડી આપે છે, અનાજની વાવણી કરી આપે છે, અને ડૂંડામાંથી અનાજ પણ છૂટું પાડી આપે છે.

કૂવા ઉપર રેંટ ખેંચે છે અને વાવના કોસ ખેંચીને ખેતરોમાં પાણી પણ પહોંચાડે છે.

અડધી રાત્રે અચાનક હીમ પડે ત્યારે પાકને બચાવી લેવા સિંચાઈની જરૂર પડે ત્યારે જ પંપ બગડી જાય કે વીજળીનો પુરવઠો બંધ પડી જાય ત્યારે શું થાય? પાકના નાશ સિવાય બીજું શું પરિણામ આવે?'

પરંતુ આ બળદ કટોકટીના પ્રસંગે પણ રીસાતો નથી. આખો દિવસ કામ કરીને થાકીને લોથપોથ થઈ સૂઈ ગયો હોય, છતાં અડધી રાતે ભરઊંઘમાં પડેલો બળદ અવાજ દેતાં જ ઊભો થઈ જાય છે અને જરાપણ વિરોધ વિના કડકડતી ઠંડીમાં કોસમાં જોડાઈને સિંચાઈની શરૂઆત કરી પાકને બચાવી લેવાનો પુરુષાર્થ કરે છે.

આ વધારાની સેવા માટે એ કાંઈ મહેનતાણું નથી માંગતો. બીજે દિવસે રજા પણ નથી પાળતો અને વરસને અંતે બોનસ પણ નથી માંગતો.

એ તો બોનસ માંગવાને બદલે સામે ચાલીને આપણને છાણ મૂતર રૂપી બોનસ આપે છે. એ બોનસમાંથી આપણે જે કરોડોની સંપત્તિ મેળવીએ છીએ તેની એને ઈર્ષા નથી.

બળદ, સાંઢ અને પાડાને આપણે ખવડાવીએ છીએ. તેના બદલામાં તેઓ આપણા માટે પરિશ્રમ કરે છે અને આપણું કામ કરી આપે છે.

ગાય અને ભેંસ આપણે તેમને જેટલા પ્રમાણમાં ખવડાવીએ છીએ તેટલા પ્રમાણમાં દૂધ અને વાછડા વાછડી કે પાડા પાડી આપે છે. આમ ગાય, ભેંસ

અને બળદ કે પાડા સાથેનો આપણો હિસાબ ચૂકતે થઈ જાય છે.

છતાં વધારામાં તેઓ આપણને તેમના છાણ મૂતર રૂપી બોનસ આપે છે. એ બોનસ વડે આપણા ધર્મ, સંસ્કૃતિ, સમૃદ્ધિ, સ્વાસ્થ્ય અને સામાજિક સંગઠનનું રક્ષણ થાય છે.

મહાભારતકારે ગાયનું મૂલ્યાંકન તેના દૂધ વડે નહીં પણ તેના છાણ વડે કર્યું છે. છાણમાં લક્ષ્મીનો વાસ છે. ધન છાણ વડે જ મળે છે, દૂધ વડે નહીં.

પરંતુ પશ્ચિમી સાહિત્યે આપણને ઊંધે રસ્તે ચડાવ્યા છે. છાણ ભૂલાવીને આપણી નજર સામે દૂધ મૂકી દીધું છે.

આપણી સંસ્કૃતિએ ગાય અને દૂધને વેપારની ચીજ તરીકે કદી માન્યતા આપી નથી. બન્નેના વેપારને પાપ માન્યું છે. પરંતુ પશ્ચિમી શિક્ષણના પ્રતાપે આપણે ગાયને Dairy Animal ની દૃષ્ટિથી જોતા થઈ ગયા અને ગાય કતલની ચીજ બની ગઈ.

વેદ ધર્મમાં માત્ર ગાયને જ અદન્યા કહી છે અર્થાત્ ન મારવા જેવી કહી છે એ વાત ખોટી છે. ગો એટલે માત્ર ગો નહીં, પણ સમસ્ત ગોવંશ અર્થાત્ વેદ ધર્મે સમસ્ત ગોવંશને અદન્યા કહ્યો છે.

વેદોએ બળદને ગાય કરતાં વધુ મૂલ્યવાન ગણ્યો છે માટે તેની પાસેથી કામ લેતા તેને ત્રાસ ન થાય તે રીતે તેની પાસેથી કામ લેવાના નિયમ પણ બાંધી આપ્યા છે. હળમાં બે નહીં પણ આઠ બળદ જોડવા જોઈએ. તો જ તેમની પાસેથી આઠ કલાક કામ લેવાય એટલે કે દર બે કલાકે બળદની જોડી બદલવી જોઈએ. બે બળદ બે કલાકથી વધુ કામ કરે એ વેદ ધર્મને માન્ય નથી.

બળદને ગાડામાં જોડવાના કે પાણીના કોસમાં જોડવાના નિયમો પણ ધર્મશાસ્ત્રે બનાવેલા છે. બળદને કોઈ રીતે કષ્ટ ન પડે તે માટે વેદ ધર્મ સજાગ છે.

ભગવાન શંકરે બળદને પોતાનું વાહન બનાવીને તેને પોતાનું રક્ષણ આપ્યું છે. તેના પોતાના ધ્વજમાં સ્થાન આપીને પોતાને વૃષભધ્વજ તરીકે ઓળખાવ્યા છે.

ભગવાન શંકરનું સ્થાન કૈલાસ પર્વત ઉપર છે. એટલે વિશ્વમાં સહુથી ઊંચા આસને પોતાનું સ્થાન બનાવી ત્યાં પોતાનો ધ્વજ રોપીને વૃષભને વિશ્વમાં સહુથી ઊંચા આસને બેસાડયો છે અને ભગવાન શંકરની પૂજા કરતા પહેલાં નંદિની પૂજા કરવી પડે છે. આમ શંકર ભગવાને બળદને ઊંચું સ્થાન આપીને મહત્તા સ્થાપી છે.

જેમ વેદોએ ગાયનું મૂલ્યાંકન તેના દૂધથી નહીં પણ તેના છાણથી કર્યું છે, તેમ બળદનું મૂલ્યાંકન પણ તેની શ્રમ શક્તિથી નહીં, પણ છાણમાં લક્ષ્મીનો વાસ છે એમ કહી છાણથી કર્યું છે.

પરંતુ દુર્ભાગ્યે પશ્ચિમી શિક્ષણના પ્રભાવે આપણે બળદનું મૂલ્યાંકન તેના શ્રમ વડે કરી તેનું અવમૂલ્યન કરી નાખ્યું.

ચાર પુરુષાર્થની સંસ્કૃતિનો પ્રાણવાયુ છાણ છે એ ભૂલાવીને દૂધ આપવાની અને શ્રમ કરવાની શક્તિને ખોટા માપદંડ બનાવીને આપણે આપણા પશુધનનું અવમૂલ્યન કરી નાખ્યું છે.

પરિણામે પશુ માત્ર આર્થિક કસોટી ઉપર અનાર્થિક બનીને કતલપાત્ર બની રહ્યો છે. પશુઓની કતલ થવાથી છાણનો પુરવઠો તૂટી પડયો છે, તે તૂટવાથી છાણનો દુકાળ પડયો છે.

છાણનો દુકાળ એટલે લક્ષ્મીનું વિસર્જન.

લક્ષ્મીનું વિસર્જન થવાથી પ્રજા બેકારી, ગરીબી, બિમારી અને ભૂખમરાથી પીડાઈ રહી છે.

આજે પશુઓ માત્ર કતલથી નથી મરતા. ભૂખમરાથી પણ મરે છે, તરસથી પણ મરે છે. ભૂખથી અને તરસથી તેમને મરતા જોવા તૈયાર ન હોય તેવા પશુપાલકો તેમને કતલખાને વેચે છે.

બળદોની કારમી કતલથી સાંઢની વસતિનું તો નિકંદન જ નીકળી ગયું છે. દેશને ૩૦ લાખ સારા તંદુરસ્ત સાંઢની જરૂર છે. તેને બદલે માત્ર ૩ લાખ ૯૦ હજાર નબળા બિનકાર્યક્ષમ સાંઢ દેશમાં છે.

પરિણામે દેશની કુલ ૫ કરોડ ૬૪ લાખ ગાયોમાંથી યોગ્ય સમયે સાંઢ ન મળવાથી ૩ કરોડ ૧૩ લાખ ૮૦ હજાર ગાયો વાંઝણી બની ગઈ છે. અર્થાત્ આ ૩ કરોડ ગાયો નિર્વંશ જશે. કતલ કર્યા વિના જ આ ત્રણ કરોડ ગાયોના જન્મનારા ૩૦ કરોડ વાછરડાનો જન્મ અટકીને આપણા પશુધનનું નિકંદન નીકળી જશે.

ગોવંશ માત્ર કાયદાથી નહીં બચી શકે. તેને બચાવવો હોય તો -

૧. છાણની મહત્તા સ્વીકારવી પડશે.

૨. ચરિયાણો વિસ્તૃત કરવા પડશે.

૩. કપાસિયા પીલવાનું બંધ કરવું પડશે.

૪. ખાદી - ગ્રામોદ્યોગ ફરીથી જીવંત કરવા પડશે.

૫. કૃષિ નીતિ બદલવી પડશે.

✿